અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૦૬ ઓક્ટોબર ૨૦૨૪, રવિવાર | વર્ષ : ૧૬ | તંત્રી : પટેલ સુરેશ રમણલાલ | કિંમત : રૂા. ૨.૦૦
વિક્રમ સંવત ૨૦૮૦, આસો સુદ ૩ | અંક : ૯૭ | અમદાવાદ | પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. ટેલિફોન : ૦૭૯-૨૬૭૬૫૭૩૩ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886

**મહારાષ્ટ્રમાં વડાપ્રધાન મોદીનું નિવેદન** । મોદીએ મહારાષ્ટ્રમાં વણજારા સાંસ્કૃતિક મ્યુઝિયમનું ઉદ્‌ઘાટન કરતી વખતે વિશાળ જનસભાને સંબોધી

# આપણામાં ભાગલા પાડનારા મહેફિલ સજાવશે : વડાપ્રધાન

। (એજન્સી) મુંબઈ, તા.૫ ।

દેશભરમાં ચૂંટણી માહોલ વચ્ચે ભાજપ અને કોંગ્રેસ બંને પક્ષો સક્રિય થયા છે. હરિયાણા વિધાનસભા ચૂંટણી માટે પ્રચાર પૂર્ણ થતા જ બંને પક્ષો હવે મહારાષ્ટ્ર વિધાનસભા ચૂંટણી માટે તૈયારી કરી રહ્યા છે.

આ દરમિયાન વડપ્રધાન મોદી અને કોંગ્રેસના નેતા રાહુલ ગાંધી બંનેએ મહારાષ્ટ્રમાં જનસભા સંબોધી હતી અને એકબીજા પર પ્રહાર કર્યા હતા. વડાપ્રધાન મોદીએ કોંગ્રેસ પર નિશાન સાધતા કહ્યું હતું કે, આપણે વહેંચાઈશું તો આપણામાં ભાગલા પાડનારા મહેફિલ સજાવશે. જ્યારે રાહુલ ગાંધીએ પણ અનામત મુદ્દે વાયદો કરી મોદી સરકારને ઘેરી



હતી. વડાપ્રધાન મોદીએ મહારાષ્ટ્રમાં વણજારા સાંસ્કૃતિક મ્યુઝિયમનું ઉદ્‌ઘાટન કરતી વખતે વિશાળ જનસભાને સંબોધી હતી. આ દરમિયાન તેમણે કોંગ્રેસ પર આકરા પ્રહાર કરતા કહ્યું હતું કે, 'કોંગ્રેસ પર શહેરી નક્સલવાદીઓનું રાજ છે. તેમને લાગે છે કે જો આપણે બધા એક થઈ જઈશું તો દેશને વહેંચવાનું તેમનો એજન્ડા નિષ્ફળ થઈ જશે. પરંતુ જો આપણે વહેંચાઈશું તો આપણામાં બાગલા પાડનારા લોકો મહેફિલ સજાવશે. દરેક વ્યક્તિ જોઈ શકે છે કે, કોંગ્રેસ એવા લોકો સાથે ઉભી છે જેઓ ભારત વિરોધી છે.' આ દરમિયાન તેમણે તાજેતરના દિલ્હી ડ્રગ્સ કેસ મામલે પણ કોંગ્રેસને ઘેરી હતી. તેમણે કહ્યું કે, 'તાજેતરમાં દિલ્હીમાં કરોડો રૂપિયાનું ડ્રગ્સ ઝડપાયું, જેમાં કોંગ્રેસના એક નેતાની સંડોવણીની પણ શંકા વ્યક્ત કરવામાં આવી રહી છે. કોંગ્રેસ યુવાનોને નશાની લત લગાડી તેનાથી મળતા રૂપિયાથીચૂંટણીલડવામાંગેછે,આપણેઆવાએજન્ડાથી સાવધાન રહેવું જોઈએ.' મહારાષ્ટ્રમાં કોંગ્રેસની વિચારધારા અંગે વાત કરતા તેમણે કહ્યું કે, 'કોંગ્રેસ વિદેશી વિચારધારા ધરાવે છે. અંગ્રેજોની જેમ કોંગ્રેસ પરિવાર પણ દલિત, પછાત વર્ગો અને આદિવાસીઓને પોતાના સમાન ગણતા નથી. તેમને લાગે છે કે ભારત પર માત્ર એક જ પરિવારનું શાસન હોવું જોઈએ.' કોલ્હાપુરમાં સંવિધાન સન્માન સંમેલનમાં કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ વચન આપતા કહ્યું હતું કે, 'જો કોંગ્રેસ સત્તામાં આવશે તો અનામતની મર્યાદા ૫૦ ટકાથી વધારવામાં આવશે અને જાતિ આધારિત વસ્તી ગણતરી કરાવશે. કોની કેટલી વસ્તી છે અને તેમની પાસે કેટલી આર્થિક પકડ છે. આ માટે અમે સામાજિક-આર્થિક સર્વે પણ કરીશું. ભારતના IAS ક્યાં બેઠા છે અને ક્યાં છે. પછાત વર્ગો અને દલિતોને લાભ માટે અમે સર્વે કરાવીશું અને આ બિલ પસાર થશે.

## ન્યૂઝ બ્રિફ

### સુરક્ષા દળોએ ઘૂસણખોરીના પ્રયાસને બનાવ્યો નિષ્ફળ

। (એજન્સી) જમ્મુ, તા.૫ ।

જમ્મુ-કાશ્મીરના કુપવાડા જિલ્લામાં LOCને અડીને આવેલા ગુગલધર વિસ્તારમાં આજે શનિવારે ઘૂસણખોરીનો પ્રયાસ કરી રહેલા આતંકવાદીઓ અને સુરક્ષા દળો વચ્ચેના ગોળીબારમાં બે આતંકવાદીઓ માર્યા ગયા છે. ત્રણથી ચાર આતંકવાદીઓ હોવાની આશંકા છે. આવી સ્થિતિમાં હજુ પણ ફાયરિંગ ચાલુ છે. સુરક્ષા દળોએ વિસ્તારને ઘેરી લીધો છે. ભારતીય સેનાએ કહ્યું છે કે, સુરક્ષા દળોએ જમ્મુ અને કાશ્મીરના કુપવાડા જિલ્લામાં નિયંત્રણ રેખા પર ઘૂસણખોરીના પ્રયાસને નિષ્ફળ બનાવ્યો છે.

### નાયડુએ એક અત્યાધુનિક રસોડાનું ઉદ્‌ઘાટન કર્યું

। (એજન્સી) તિરૂમલા,તા.૫ ।

આંધ્રપ્રદેશના મુખ્ય પ્રધાન એન.ચંદ્રબાબુ નાયડુએ શનિવારે તિરુમાલામાં આઉટર રિંગ રોડની બાજુમાં પંચજન્યમ રેસ્ટ હાઉસની પાછળના ભાગમાં એક અત્યાધુનિક રસોડુંનું ઉદ્‌ઘાટન કર્યું હતું. રૂ.૧૩.૪૫ કરોડના ખર્ચે તૈયાર કરાયેલું રસોડું ૩૭,૨૪૫ ચો.ફૂટનું છે. તેમાં રસોઈ, અનાજ, શાકભાજી, ભોંયતળિયે દૂધ, પ્રથમ માળે ખોરાકની તૈયારી, સ્ટીમ આધારિત રસોઈ, એલપીજી સંચાલિત બોઈલર, એક્ઝોસ્ટ સિસ્ટમની સુવિધા છે. આ અત્યાધુનિક રસોડામાં ઘણા ફાયદા છે. આ નવું કેન્દ્રિય રસોડું સપ્તાહની રજાઓ દરમિયાન અને જ્યારે યાત્રાળુઓની અવરજવર વધારે હોય ત્યારે ૧.૨૦ લાખ યાત્રાળુઓ માટે અન્નપ્રસાદમ તૈયાર કરવાની ક્ષમતા ધરાવે છે.

પોલીસ સ્ટેશને ભીડનો પથ્થરમારો

# પયગમ્બર સાહેબનું અપમાન કરતી ટિપ્પણી બદલ મહારાષ્ટ્રમાં હોબાળો

**ઉત્તર પ્રદેશના ગાઝિયાબાદ સ્થિત મંદિરના મહંત યતિ નરસિંહાનંદની વિવાદિત ટિપ્પણીને લઈને હોબાળો થયો**

। (એજન્સી) મુંબઈ, તા.૫ ।

પયગમ્બર મોહમ્મદ સાહેબ પર ઉત્તર પ્રદેશના ગાઝિયાબાદ સ્થિત મંદિરના મહંત યતિ નરસિંહાનંદની વિવાદિત ટિપ્પણીને લઈને મહારાષ્ટ્રમાં હોબાળો થયો. મહારાષ્ટ્રના અમરાવતીમાં ભીડે પોલીસ સ્ટેશન પર હુમલો કર્યો. એફઆઈઆર નોંધવાની માગને લઈને પહોંચેલી ભીડે ખૂબ પથ્થરમારો કર્યો. જેમાં ઘણા પોલીસ કર્મચારી ઈજાગ્રસ્ત થઈ ગયા. બળ પ્રયોગ કરીને ભીડે કોઈ પણ રીતે કાબૂ મેળવ્યો. નાગપુરી ગેટ પોલીસ સ્ટેશન પરિસરમાં સેંકડો પથ્થર ફેંકવામાં આવ્યા. સૂત્રોચ્ચાર કરતાં ભીડ મોડી રાત્રે પોલીસ સ્ટેશન પહોંચી હતી. તેમની માગ હતી કે યતિ નરસિંહાનંદ વિરુદ્ધ એફઆઈઆર નોંધવામાં આવે. આ દરમિયાન અચાનક ભીડ ઉગ્ર થઈ ગઈ અને પોલીસ સ્ટેશન પર



પથ્થરમારો શરૂ કરી દેવાયો. પથ્થરમારામાં ૨૧ પોલીસ કર્મચારી ઈજાગ્રસ્ત થઈ ગયા.

પોલીસે જણાવ્યું કે અમરાવતી શહેરના નાગપુરી ગેટ પોલીસ સ્ટેશનની બહાર શુક્રવારની રાત્રે થયેલા પથ્થરમારાની ઘટનામાં પોલીસની ૧૦ વાનને નુકસાન પહોંચ્યુ છે. એક અધિકારીએ જણાવ્યું કે આ દરમિયાન ૧,૨૦૦ લોકો વિરુદ્ધ કેસ નોંધવામાં આવ્યો છે અને પોલીસે તેમાંથી ૨૬ની ઓળખ કરી લીધી છે. પોલીસે ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા (બીએનએસએસ) ની કલમ ૧૬૩ હેઠળ મનાઈ હુકમ જારી કરીને નાગપુરી ગેટ વિસ્તારમાં પાંચ કે તેનાથી વધુ લોકોના એકત્ર થવા પર પ્રતિબંધ લગાવી દીધો છે. ઉત્તર પ્રદેશના ડાસના સ્થિત દેવી મંદિરના મહંત યતિ નરસિંહાનંદે ૨૯ સપ્ટેમ્બરે પયગમ્બર મોહમ્મદ સાહેબ પર વાંધાજનક ટિપ્પણી કરી હતી. ગુરુવારે રાત્રે તેનો વીડિયો સામે આવ્યો તો સોશિયલ મીડિયા પર વાયરલ થઈ ગયો. ગાઝિયાબાદ પોલીસે યતિ વિરુદ્ધ કેસ નોંધી લીધો છે. જોકે, મુસ્લિમ સમાજના લોકોનું કહેવું છે કે માત્ર એફઆઈઆર પૂરતી નથી, યતિની તાત્કાલિક ધરપકડ કરવામાં આવે. એક તરફ સોશિયલ મીડિયા પર લોકોએ યતિ વિરુદ્ધ કાર્યવાહી માટે અવાજ ઉઠાવ્યો તો બીજી તરફ લોકોએ રસ્તા પર ઉતરીને સૂત્રોચ્ચાર કર્યા.

ઈસ્લામાબાદ જતાં પહેલા જયશંકરે આપ્યું નિવેદન

# SCOના એક સારા સભ્ય તરીકે ત્યાં જઈ રહ્યો છું

। (એજન્સી) નવી દિલ્હી, તા.૫ ।

પાકિસ્તાનમાં આયોજિત શાંઘાઈ કો-ઓપરેશન ઓર્ગેનાઈઝેશન(SCO)ની આગામી બેઠકમાં સામેલ થવા માટે ભારતીય વિદેશ મંત્રી એસ. જયશંકર આ મહિનામાં પાકિસ્તાનની યાત્રાએ જવાના છે. લગભગ નવ વર્ષ બાદ પહેલી વખત કોઈ ભારતીય વિદેશ મંત્રી પાકિસ્તાનની મુલાકાત લેશે. જમ્મુ અને કાશ્મીરનો મુદો અને આતંકવાદને લઈને બંને દેશો વચ્ચેના સંબંધોમાં ખટાશ આવી ગઈ છે. આ દરમિયાન એવી અટકળો લગાવવામાં આવી રહી છે કે, કદાચ ભારત અને પાકિસ્તાન વચ્ચે દ્વિપક્ષીય વાતચીત થઈ શકે છે. હવે જયશંકરે આ અંગે પ્રતિક્રિયા આપી છે. વિદેશ મંત્રી એસ. જયશંકરે ઈસ્લામાબાદ જતા પહેલા સ્પષ્ટતા કરી છે કે, તેમની આગામી પાકિસ્તાન યાત્રા દરમિયાન તે ભારત-પાકિસ્તાન સંબંધો પર કોઈ વાતચીત કરશે નહીં. દિલ્લી ખાતે એક કાર્યક્રમમાં એસ. જયશંકરે કહ્યું કે, આ યાત્રા બહુપક્ષીય કાર્યક્રમ માટે છે. હું ત્યાં ભારત-પાકિસ્તાન વચ્ચેના સંબંધો પર ચર્ચા કરવા નથી જઈ રહ્યો. હું SCOના



એક સારા સભ્ય તરીકે ત્યાં જઈ રહ્યો છું. પરંતુ, તમે જાણો છો, હું એક વિનમ્ર અને સભ્ય વ્યક્તિ છું, તેથી હું તેવું જ વર્તન કરીશ. એસ. જયશંકરે સાઉથ એશિયન એસોસિયેશન ફોર રિજનલ કો-ઓપરેશન (SAARC)ને વિક્ષેપિત કરવા માટે પાકિસ્તાનને દોષી ઠેરવતા પરોક્ષ હુમલો કર્યો હતો. તેમણે કહ્યું, 'હાલમાં સાર્ક આગળ વધી રહ્યું નથી, સાર્કની કોઈ બેઠક થઈ નથી. તેનું એક ખૂબ જ સરળ કારણ છે, સાર્કનો એક સભ્ય સાર્કના બીજા સભ્ય વિરુદ્ધ સરહદ પારના આતંકવાદને સમર્થન આપી રહ્યો છે. જેને સહન કરી શકાય તેમ નથી.

મહારાષ્ટ્રમાં ચૂંટણી પહેલા રાહુલ ગાંધીનું એલાન

# સત્તામાં આવીશું તો ૫૦ ટકા અનામતની મર્યાદા હટાવીશું

**કોલ્હાપુરમાં સંવિધાન સન્માન સંમેલનમાં કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ વચન આપતા કહ્યું હતું કે, જાતિ આધારિત વસ્તી ગણતરી કરવામાં આવશે**

। (એજન્સી) મુંબઈ, તા.૫ ।

મહારાષ્ટ્રમાં વિધાનસભાની ચૂંટણીની જાહેરાત થઈ નથી, છતાં તમામ રાજકીય પક્ષો ચૂંટણી મોડમાં આવી ગયા છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને વિપક્ષી નેતા રાહુલ ગાંધી બંને મોટા નેતાઓ શનિવારે (પાંચમી ઓક્ટોબર) મહારાષ્ટ્રમાં છે.

આ દરમિયાન રાહુલ ગાંધીએ કોલ્હાપુરમાં મોટી જાહેરાત કરતા કહ્યું કે, 'જો કોંગ્રેસ સત્તામાં આવશે તો અનામતની મર્યાદા વધારવામાં આવશે.' નોંધનીય છે કે, હાલમાં આરક્ષણ પર ૫૦ ટકાની મર્યાદા છે.

કોલ્હાપુરમાં સંવિધાન સન્માન સંમેલનમાં કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ વચન આપતા કહ્યું હતું કે, 'જાતિ આધારિત વસ્તી ગણતરી કરવામાં આવશે. સામાજિક-આર્થિક સર્વેક્ષણ હાથ ધરવામાં આવશે. અનામતની



મર્યાદા ૫૦ ટકાથી વધારવી જોઈએ.' અગાઉ શરદ પવારે પણ સાંગલીમાં આ જ વાત કહી હતી. આનાથી સ્પષ્ટ છે કે મહારાષ્ટ્ર વિધાનસભા ચૂંટણીમાં વિપક્ષ અનામતને મહત્ત્વનો મુદ્દો બનાવવા જઈ રહ્યો છે. કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ કહ્યું કે, 'જો કોંગ્રેસ સત્તામાં આવશે તો જાતિ આધારિત વસ્તી ગણતરી કરાવશે. કોની કેટલી વસ્તી છે અને તેમની પાસે કેટલી આર્થિક પકડ છે. આ માટે અમે સામાજિક-આર્થિક સર્વે પણ કરીશું. ભારતના IAS ક્યાં બેઠા છે અને ક્યાં છે. પછાત દલિતો આનો સર્વે કરાવીશું અને આ બિલ પસાર થશે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી પર પ્રહાર કરતા રાહુલ ગાંધીએ કહ્યું, 'પહેલા પીએમ મોદી ૪૦૦ પાર કહેતા હતા. ત્યારબાદ હિન્દુસ્તાનના લોકોએ કહ્યું કે તેને સ્પર્શ કરી શકશો નહીં, બાદમાં મોદીજીને બંધારણ સામે ઝૂકવું પડ્યું. બંધારણની રક્ષા કરવાના બે રસ્તા છે. જાતિ આધારિત ગણતરી અને ૫૦ ટકા અનામતની દિવાલ તોડી. મહારાષ્ટ્રમાં મરાઠા આરક્ષણનો મુદ્દો ખૂબ જ મહત્ત્વપૂર્ણ છે અને કોંગ્રેસ તેનો ફાયદો ઉઠાવવા માંગે છે.'

ઓલિમ્પિક સ્ટાર મનુ ભાકરનું ડેબ્યૂ

# મનુ ભાકરે મતદાન કેન્દ્ર ઉપર પરિવાર સાથે પહોંચીને આપ્યો મત

। (એજન્સી) ચંદીગઢ, તા.૫ ।

પેરિસ ઓલિમ્પિક-૨૦૨૪માં બે મેડલ જીતનારી ભારતની યુવા મહિલા શૂટર મનુ ભાસ્કરે શનિવારે પોતાના જીવનમાં એક અલગ જ ડેબ્યૂ કર્યું છે. હરિયાણાની તમામ ૯૦ વિધાનસભા બેઠકો માટે મતદાન થઈ રહ્યું છે. આ દરમિયાન મનુ ભાકરે પણ પોતાના પરિવાર સાથે મતદાનમાં ભાગ લીધો હતો. બે ઓલિમ્પિક બ્રોન્ઝ મેડલ વિજેતા મનુ ભાકરે પ્રથમ વખત પોતાનો મત આપ્યો હતો. આ દરમિયાન તેમણે દેશના યુવાનોને મેસેજ આપતા કહ્યું કે, દરેક વ્યક્તિએ પોતાના મતાધિકારનો ઉપયોગ કરવો જોઈએ જેથી કરીને તેઓ દેશના વિકાસમાં યોગદાન આપી શકે. મનુએ પહેલીવાર પોતાની મતાધિકારનો ઉપયોગ કર્યો છે. તેમણે ઝજ્જરના ગોરિયાના બૂથ નંબર ૧૪૨ પર મતદાન કર્યું હતું. આ દરમિયાન તેમના પિતા અને માતા તેમની સાથે જોવા મળ્યા હતા. પ્રથમ વખત મતદાન કર્યા બાદ મનુ ભાકર ખૂબ જ ખુશ દેખાતી હતી. મતદાન કર્યા બાદ મનુ ભાકરે દેશના યુવાનોને સંદેશ આપ્યો અને કહ્યું કે, આપણા મતનો ઉપયોગ કરવો આપણા માટે ખૂબ જ જરૂરી છે. મને લાગે છે કે યુવાન હોવાને કારણે, આપણા બધાની જવાબદારી છે કે આપણે મત આપવો જોઈએ.



## રાજકોટમાં ૨૮ વર્ષીય મહિલાનું ડેન્ગ્યુથી મોત

। (એજન્સી) રાજકોટ, તા.૫ ।

બેવડી ઋતુના પગલે રાજ્યના અનેક વિસ્તારોમાં રોગચાળો વકર્યો છે. ત્યારે રાજકોટમાં પણ મચ્છરજન્ય રોગચાળો ફેલાયો છે. રાજકોટમાં ૨૮ વર્ષીય મહિલાનું ડેન્ગ્યુથી મોત થયુ છે. મવડીના પંચશીલ નગરની મહિલાનું ડેન્ગ્યુથી મોત નિપજ્યુ છે. રાજકોટમાં છેલ્લા કેટલાક દિવસોથી રોગચાળામાં વધારો થયો છે. તંત્ર રોગચાળાને કાબૂમાં લેવા માટે પગલા લે તેવી સ્થાનિકોની માગ છે. બીજી તરફ નવરાત્રિને લઈ રાજ્ય સરકારના આરોગ્ય વિભાગે પણ મહત્ત્વનો નિર્ણય લીધો છે. પાર્ટી પ્લોટમાં ફૂડ સ્ટોલની સાથે મેડિકલ સ્ટોલ પણ રખાશે.

## જામનગરના લાલપુરમાં પ્રેમપ્રકરણમાં મહિલાની હત્યા કરવામાં આવી

। (એજન્સી) જામનગર, તા.૫ ।

જામનગરના લાલપુરમાં પ્રેમપ્રકરણમાં મહિલાની હત્યા કરવામાં આવતા ચકચાર મચી ગઈ છે. જામનગરના લાલપુરના જાખરમાં હત્યાનો આ બનાવ બન્યો હતો. આ બનાવની વિગત મુજબ જાખરમાં રહેતા દિયર અને ભાભી વચ્ચે પ્રેમસંબંધ હતો. જેમાં કોઈ કારણસર ભાભી અને દિયર વચ્ચે અણબનાવ બન્યો હતો. જેમાં ઉશ્કેરાયેલા દિયરે પથ્થરના ઘા મારીને ભાભીની ઘાતકી હત્યા કરી નાંખી હતી. તપાસમાં મૃતક મહિલાનું નામ રીનાબા વાળા હોવાનું અને તેમની ઉંમર ૩૦ વર્ષની હોવાનું જણાયું હતું. જ્યારે આરોપીનું નામ વિજયસિંહ પ્રેમસંગજી સોઢા હોવાનું બહાર આવ્યું છે.




માતાજીની ભક્તિના પાવન પર્વ નવરાત્રિના બીજા નોરતે મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે માઁ આશાપુરાના પૂજા-દર્શન કર્યા હતાં.

# અમદાવાદમાં દેશનો સૌથી મોટો મોલ બનાવવા મળી શકે છે લીલી ઝંડી

### અમદાવાદના ચાંદખેડામાં લુલુ ગ્રુપ દ્વારા વિશ્વસ્તરીય સુવિધાઓથી સજ્જ મોલનું નિર્માણ કરવામાં આવશે

। (એજન્સી) અમદાવાદ,તા.૫ ।

અમદાવાદ માટે સૌથી મોટી ખુશખબર આવી છે. ગુજરાતના અમદાવાદમાં દેશના સૌથી મોટા ઈન્ટરનેશનલ શોપિંગ મોલના નિર્માણ માટે રસ્તો સાફ થઈ ગયો છે. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનમાં મોલના બાંધકામ માટે લુલુ ગ્રુપ સાથે રૂ. ૫૧૯ કરોડમાં જમીનનો સોદો કરવામાં આવ્યો હતો. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન આજે આ પ્રક્રિયા પૂર્ણ કરશે. આ પછી નવરાત્રીના અંત સુધી ભૂમિપૂજન થઈ શકે છે. અમદાવાદના ચાંદખેડામાં લુલુ ગ્રુપ દ્વારા વિશ્વસ્તરીય સુવિધાઓથી સજ્જ મોલનું નિર્માણ કરવામાં આવશે. લુલુ ગ્રુપે આ વર્ષે વાઈબ્રન્ટ સમિટમાં આની જાહેરાત કરી હતી. અમદાવાદમાં દેશનો સૌથી મોટો મોલ બનવાનો છે. આ મોલ ચાંદખેડા વિસ્તારમાં બનવાનો છે. દુબઈના જાણીતા ઉદ્યોગપતિ યુસુફ અલીની માલિકીનો લુલુ ગ્રુપે લખનઉમાં બનાવેલો મોલ સૌથી મોટો છે. ઉલ્લેખનીય છે કે લુલુ ગ્રુપના માલિક યુસુફ અલીના પિતા એક સમયે અમદાવાદમાં કરિયાણાની દુકાન ચલાવતા હતા. તાજેતરમાં લુલુ ઈન્ટરનેશનલ શોપિંગ મોલ્સ પ્રાઈવેટ લિમિટેડને વર્લ્ડ ક્લાસ મોલ બનાવવા માટે રૂ. ૫૧૯ કરોડમાં એક વિશાળ પ્લોટ વેચ્યો હતો. અમદાવાદમાં યુસુફ અલી દ્વારા બનનારો લુલુ મોલ તેમના દ્વારા તેમના પિતાને આપવામાં આવેલી શ્રદ્ધાંજલિ છે. લુલુ એક અરબી શબ્દ છે, જેનો અર્થ થાય છે મોતી. યુસુફે પોતાનો બિઝનેસ આરબ દેશોમાં વિસ્તારવા અને તેને વધુ ને વધુ લોકપ્રિય બનાવવાના ઉદ્દેશ્યથી પોતાની કંપનીનું નામ લુલુ રાખ્યું હોવાનું માનવામાં આવે છે. ગુજરાતના સૌથી મોટા શહેર અમદાવાદ માટે તેનો સૌથી મોટો મોલ બનવાનો રસ્તો સાફ થઈ ગયો છે. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનએ તાજેતરમાં લુલુ ઈન્ટરનેશનલ શોપિંગ મોલ્સ પ્રાઈવેટ લિમિટેડને વર્લ્ડ ક્લાસ મોલ બનાવવા માટે રૂ. ૫૧૯ કરોડમાં એક વિશાળ પ્લોટ વેચ્યો હતો.

# જૂનાગઢ પાસે રેલવે ટ્રેક પર બે સિંહ આવી જતાં ટ્રેન અડધો કલાક રોકવી પડી

### વનવિભાગે સિંહોને સુરક્ષિત સ્થળે ખસેડી ટ્રેનને રવાના કરી

। (એજન્સી) જૂનાગઢ, તા.૫ ।

જુનાગઢ નજીક રેલવે ટ્રેક પર બે સિંહ આવી ચઢતાં અમરેલી જતી ટ્રેન તોરણીયા નજીક અડધો કલાક રોકવામાં આવી હતી. દરમિયાન ટ્રેનમાં સવાર મુસાફરો ટ્રેન રોકાતા નીચે ઉતરી સિંહના વિડીયો પોતાના કેમેરામાં કેદ કર્યા હતા. રેલવે ટ્રેક નજીક સિંહ આવી ચડિયાની જાણ વન વિભાગને થતા વન વિભાગનો સ્ટાફ તાત્કાલિક જૂનાગઢના તોરણીયા પહોંચ્યો હતો. જ્યાં વન વિભાગ દ્વારા આ બંને સિંહને સલામત સ્થળે ખસેડ્યા બાદ, અડધો કલાકના વિરામ પછી અમરેલી જતી ટ્રેનને રવાના કરવામાં આવી હતી. આજે સાંજના છ વાગ્યે જુનાગઢથી અમરેલી જતી ટ્રેન તોરણીયા નજીક રોકી દેવી પડી હતી. રેલવે ટ્રેક પર સિંહ ઊભા હતા. રેલવે ટ્રેક નજીક સિંહો આવી ચડ્યા જાણ થતા તાત્કાલિક વન વિભાગ રેલવે ટ્રેક પર પહોંચી ગયા હતા. વન વિભાગના અધિકારી અરવિંદ ભાલીયાએ સ્થાનિક મીડિયાને જણાવ્યું હતું કે, જુનાગઢથી અમરેલી જતી ટ્રેનના રેલવે ટ્રેક પર ડુંગરપુરથી તોરણીયા ગામ નજીક બે સિંહો રેલવે ટ્રેક ક્રોસ કરતા હતા. તે સમયે બંને સિંહો રેલવે ટ્રેક નજીક ઉભા રહી ગયા હતા. સિંહોની સલામતીના ભાગરૂપે ટ્રેનને રોકી દેવામાં આવી હતી. રેલવે ટ્રેક પર સિંહો આવી ચડ્યાની જાણ વન વિભાગને થતા વન વિભાગનો સ્ટાફ તાત્કાલિક ઘટના સ્થળે પહોંચ્યો હતો અને સિંહને સલામત સ્થળે ખસેડવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી. ત્યારબાદ ટ્રેનને રવાના કરવામાં આવી હતી. હાલ હાઈકોર્ટ દ્વારા સિંહની સલામતીના પગલાના ભાગરૂપે વન વિભાગ અને રેલવે વિભાગને જે મુજબ સૂચના કરવામાં આવી છે તે પ્રમાણે વન વિભાગ અને રેલ્વે વિભાગ દ્વારા સિંહોની સલામતી માટે તમામ પ્રકારની સાવચેતીના પગલાં લેવામાં આવી રહ્યા છે અને કામગીરી કરવામાં આવી રહી છે.

# ખાંભામાં ચોરીના ઇરાદે ઘૂસેલા તસ્કરો વૃદ્ધાની હત્યા કરી દાગીના લઈને ફરાર

। (એજન્સી) અમરેલી, તા.૫ ।

અમરેલી જિલ્લાના ખાંભા તાલુકાના ગોરાળા ગામમાં લૂંટ કરવા આવેલા શખ્સો વૃદ્ધાની હત્યા કરી દાગીના લૂંટી ફરાર થઈ ગયાની ઘટના સામે આવી છે. વૃદ્ધા રાતે જ્યારે ઘરે એકલા હતા ત્યારે ચોર ચોરી કરવા ઘૂસ્યા હતા. પરંતુ પછી વૃદ્ધાની હત્યા કરી એક લાખ ૪૦ હજારની લૂંટ કરી ગયા હતા. આ મામલે પોલીસે વધુ તપાસ શરૂ કરી છે. મળતી માહિતી મુજબ ખાંભાના ઈંગોરાળા ગામમાં રહેતાં ૬૫ વર્ષીય સોનાબેન કાનાભાઈ એમના પતિ સાથે રહે છે અને દુકાન ચલાવીને પોતાનું ગુજરાન ચલાવે છે. બે ઓક્ટોબરના રોજ એમના પતિ કોઈ કામ અર્થે બાજુના ગામ નિંગાળા ખાતે ગયા હતા અને સોનાબેન ઘરે એકલા હતા. દરમિયાન ગત રાતે સોનાબેનના ઘરમાં ચોરી અને લૂંટ કરવાના ઈરાદે કેટલાક શખ્સો આવ્યા હતા. જેમાં સોનાબેનએ બુમાબુમ કરતાં ઝડપાઝપી થઈ હતી. જેમાં શખ્સોએ સોનાબેનની હત્યા કરી હતી અને એમના શરીરે પહેરેલા ઘરેણા સહિત ઘરમાંથી રોકડ મળી કુલ એક લાખ ૪૦ હજારનો મુદ્દામાલ લઈને ફરાર થઈ ગયા હતા. આજે સવારે આ ઘટનાની જાણ પાડોશીઓને થતાં પાડોશીઓએ સોનાબેનના પતિ, સગા સંબંધી અને પોલીસને જાણ કરી હતી. ઘટનાની જાણ થતાં ડોગ સ્કોડ સાથે ડી.વાય. એસ.પી, એલ.સી.બી સહિતનો પોલીસ કાફલો ઘટનાસ્થળે પહોંચ્યો હતો. જ્યાં જઈને જોયું તો ઘરમાં તિજોરીના તાળા તૂટેલા અને સરસામાન વેરવિખેર જોવા મળ્યો હતો. પોલીસે સોનાબેનના મૃતદેહને પી.એમ અર્થે ખસેડીને એમના પતિની ફરિયાદના આધારે અજાણ્યા શખ્સો સામે લૂંટ અને હત્યાનો ગુનો દાખલ કરીને આગળની તપાસ હાથ ધરી છે.

### મૃતક ડોકટર યુટયુબ અને સોશિયલ મિડીયામાં ખુબ એક્ટિવ હતા

# રાજકોટના જાણીતા બાળરોગ નિષ્ણાત ડોક્ટરનું ચેકડેમમાં ડૂબી જવાથી મોત

### સેલ્ફી લેવા જતાં પગ લપસી જવાથી ચેક ડેમમાં ડૂબી ગયાનું પ્રાથમિક અનુમાન પોલીસ દ્વારા વ્યક્ત કરવામાં આવ્યું છે

। (એજન્સી) રાજકોટ, તા.૫ ।

રાજકોટના જાણીતા ૭૧ વર્ષિય તબીબનું રાજકોટની ભાગોળે લોધિકા પાસે આવેલા મોટાવડા ગામની સીમમાં વોકીંગ વખતે ચેક ડેમમાં પડી જવાથી ભેદી મોત નીપજ્યું હતું.

મૃતક ડોકટર યુટયુબ અને સોશિયલ મિડીયામાં ખુબ એક્ટિવ હતા. સેલ્ફી લેવા જતાં પગ લપસી જવાથી ચેક ડેમમાં ડૂબી ગયાનું પ્રાથમિક અનુમાન પોલીસ દ્વારા વ્યક્ત કરવામાં આવ્યું છે.

મળતી માહિતી મુજબ તબીબ પરિવાર સાથે ગયેલા તબીબ વોકીંગમાં ગયા બાદ પરત નહીં આવતાં પરિવારજનોએ શોધખોળ કરતા ચેક ડેમમાં ડૂબી ગયાનું જાણવા મળ્યું હતું. આ ઘટનાથી તબીબ જગતમાં ભારે શોક વ્યાપી ગયો છે. મળતી વિગત મુજબ શ્રમજીવી સોસાયટી ઢેબર રોડ પર મુકબંધીરોની સ્કૂલ પાસે મંત્રમ નામના મકાનમાં રહેતા ડો.જયેશભાઈ હેમરાજભાઈ ભૂત (ઉ.૭૧) રાજકોટની ભાગોળે લોધિકા નજીક મોટાવડા ગામની સીમમાં આવેલી પોતાની વાડીએ પરિવાર સાથે ગયા હતા.

તબીબ વાડીએથી સાંજે વોકીંગમાં નીકળ્યા હતાં. મોડે સુધી ડોકટર જયેશભાઈ પરત નહીં આવતાં પરિવારજનોએ શોધખોળ કરતાં મોટાવડા ફાર્મ હાઉસ નજીક ચેક ડેમમાં ડોકટર જયેશ ભૂત ડૂબી ગયા હોવાનું જાણવા મળતા તેમને તરવૈયાઓની મદદથી બહાર કાઢવામાં આવ્યા હતાં અને સારવાર માટે બેભાન હાલતમાં સિવિલ હોસ્પિટલે ખસેડવામાં આવ્યા હતાં. પરંતુ પરંતુ સારવાર મળે તે પૂર્વે જ ડોકટર જયેશ ભૂતનું મોત થયું હતું.

આ બનાવ અંગે રાજકોટ સિવિલ હોસ્પિટલ ચોકીના સ્ટાફે લોધિકા પોલીસને જાણ કરતાં લોધિકા પોલીસ રાજકોટ દોડી આવી હતી અને આ અંગે જરૂરી કાર્યવાહી કરી હતી.

પોલીસ તપાસમાં જાણવા મળતી માહિતી મુજબ મૃતક જયેશભાઈ ભૂતને સંતાનમાં બે પુત્રો છે જેમાં મોટો પુત્ર પણ તબીબ હોય ડોકટર દર્શિત ભૂત સાથે પિતાના મોત અંગે વાતચીત કરતાં તેમણે આ બાબતે કશુ જાણતા ન હોવાનું જણાવ્યું હતું. આ મામલે લોધિકા પોલીસે જણાવ્યું હતું કે,મૃતક ડોકટર યુટયુબર હતાં અને ફોટોગ્રાફિના પણ શોખીન હોવાથી સેલ્ફી લેવા જતાં ચેકડેમમાં પડી ગયાનું અથવા તો અકસ્માતે ચેકડેમમાં પડી ગયાનું પ્રાથમિક અનુમાન છે.

# સ્ટેચ્યુ ઓફ યુનિટી નજીક ધોધમાં નહાવા પડેલા બે મિત્રો ડૂબી ગયા

### અંકલેશ્વરના બે તથા કાપોદરાથી એક એમ કુલ ત્રણ મિત્રો ઝરવાણી ખાતે મિત્રને મળવા આવ્યા હતા : નહાવા પડેલા ત્રણ પૈકીના બે ડુબી ગયા

। રાજપીપળા, તા.૫ ।

સ્ટેચ્યુ ઓફ યુનિટી નજીક આવેલા ધીરખાડી ધોધમા ન્હાવા પડેલા ૩ મિત્રો પૈકી ૨ મિત્રોનું પાણીમાં ડુબી જવાથી મોત નિપજ્યું છે. અંકલેશ્વર ખાતેથી બે તથા કાપોદરા ખાતેથી એક મળી કુલ ત્રણ મિત્રો ઝરવાણી ખાતે રહેતા પોતાના મિત્રને મળવા આવ્યા હતા. આ દરમિયાન નહાવા પડેલા ત્રણ પૈકીનાં બેના ડૂબી જવાથી મોત નિપજ્યા હતા. ચોમાસાની સીઝન દરમિયાન નર્મદા જિલ્લાનું કુદરતી સૌંદર્ય નિહાળવા દુર દુરથી પ્રવાસીઓ આવતા હોય છે.ત્યારે બટુકભાઈ મગનભાઈ ગજેરા, (રહે ઈ ૭૦૧, સેલીબ્રેશન હાઇટ્સ, ગાર્ડન સિટીની બાજુમાં, અંકલેશ્વર) પોતાના અન્ય ૨ મિત્રો ધર્મેશભાઈ ગોરધનભાઈ જશાણી (ઉ.વ.૪૦ રહે ઈ ૭૦૨, સેલીબ્રેશન હાઇટસ, ગાર્ડન સિટીની બાજુમાં, અંકલેશ્વર) (૨) કેયુરભાઈ વશરામભાઈ કુકડીયા (ઉ.વ.૩૦ રહે.સી ૩૪ સાગર સોસાયટી,એલ.એચ રોડ, કાપોદરા, સુરત) સાથે સ્ટેચ્યુ ઓફ યુનિટી નજીક આવેલા ઝરવાણી ખાતે રહેતા સોમાભાઈ રૂપાભાઈ વસાવાને મળવા માટે આવ્યા હતા. જો કે સોમાભાઈ ઘરે ન હોવાથી એ ત્રણ મિત્રો નજીકના ધીરખાડી ધોધમાં નાહવા માટે પડ્યા હતા. દરમિયાન ધર્મેશ ગોરધનભાઈ જશાણી તથા કેયુર વશરામભાઈ કુકડીયા ધોધના ઉંડા પાણીમા ડુબી ગયા હતા. ઘટનાની જાણ થતા વન વિભાગની ટીમ અને પોલીસ ઘટના સ્થળે પહોંચી હતી સ્થાનિકોની મદદથી બંનેવ યુવાનોના મૃતદેહ બહાર કાઢ્યા હતા.આ ઘટના મામલે સલામતી પો.સ્ટે.માં અકસ્માત મોત દાખલ કરવામાં આવી છે.

### આ ચારેયએ બીજા લોકોને ગુનાખોરીથી દુર જ રહેવા અનુરોધ કર્યો

# રાજકોટમાં હત્યાના ગુનાના જન્મટીપના ચાર કેદીને સજા માફી મળતાં મુક્ત કરાયા

### સારા વ્યવહાર-વર્તુણકને ધ્યાને લઇ કમિટીના રિપોર્ટ મુજબ ગૃહ વિભાગે સજા માફી આપી

। (એજન્સી) રાજકોટ, તા.૫ ।

આજીવન સજા પડી હોઈ અને ૧૪ વર્ષ પુરા કરી લીધા હોય તેવા કેદીઓના જેલ અંદરના તેમના વ્યવહાર-વર્તનને ધ્યાને રાખી કમિટી અને એડવાઝરી કમિટીના રિપોર્ટને આધારે ગૃહ વિભાગ બાકીની સજા માફ કરી જેલમુક્તિ આપતી હોય છે. રાજકોટ જેલમાં હત્યાના ગુનામાં આજીવન કેદની સજા ભોગવતા ચાર કેદીઓને આજે બાકીની સજામાંથી માફી મળતાં ચારેયને જેલમુકત કરાયા હતાં. તેઓ બહાર નીકળીને ફરી ગુનાખોરીના રસ્તે ન ચડે અને વેપાર ધંધા કરી સમાજમાં પુનઃસ્થાપિત થાય તે માટે જેલ અધિક્ષક અને અન્ય અધિકારીઓએ શુભેચ્છા પાઠવી હતી. મુક્ત થયેલા આ ચારેયએ બીજા લોકોને ગુનાખોરીથી દુર જ રહેવા અનુરોધ કર્યો હતો.ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૪૭૫ની જોગવાઈઓને આધિન રહીને નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ ૪૭૩ હેઠળ રાજ્ય સરકારને મળેલ સત્તાની રૂએ રાજકોટ મધ્યસ્થ જેલના આજીવન કેદના પાકા કામના કેદી (૧) ધીરૂભાઇ નનકાભાઇ ધાખડા (૨) સઈદ આદમભાઈ વરામ (૩) જયેન્દ્રસિંહ નારૂભા ઝાલા અને (૪) હિતેષ મનુભાઈ જાદવને થયેલી સજાનો બાકીનો ભાગ શરતોને આધિન માફ કરીને તાત્કાલીક અસરથી જેલ મુક્ત કરવા રાજ્ય સરકાર દ્વારા હુકમ કરવામા આવ્યો હોઈ તે અન્વયે આજે ચારેયને જેલમાંથી મુક્તિ અપાઇ હતી. રાજ્ય સરકારદ્વારા ઉપરોક્ત કેદીઓની સજાનો બાકીનો ભાગ માફ કરી સમાજમાં પુનઃ સ્થાપિત થાય તેવા શુભ આશયથી જેલ મુક્ત કરવા હુકમ કરવામા આવતા જેલ અધિક્ષક રાઘવ જૈન (આઈપીએસ) દ્વારા ચારેય બંદીવાનોને ધાર્મિક પુસ્તકો ભેટમાં આપ્યા હતા. તેમજ જેલ મુક્ત થયા બાદ પોતાના પરિવાર સાથે સમાજમાં પુનઃ સ્થાપિત થઈ સારા નાગરીક તરીકે જીવન વિતાવે તેવી શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી.જેલ અધિક્ષકરાઘવ જૈને જણાવ્યું હતું કે મુક્ત થયેલા ચારેય બંદીવાન હત્યાના ગુનાના આરોપી તરીકે સજા કાપી રહ્યા હતાં. જેમાં જેમાં ધીરૂભાઈ ૧૭ વર્ષ, હિતેષભાઈએ ૧૯ વર્ષ તથા જયેન્દ્રસિંહ અને સઈદે ૧૮-૧૮ વર્ષની જેલની સજા કાપી લીધી હતી. ધીરૂભાઇ જેલમાં ગૌશાળાનું, હિતેષભાઇ ફેકટરીમાં એકાઉન્ટને લગતું, જયેન્દ્રસિંહ સુથારી કામ અને સઈદ અન્ય કામ કરતાં હતાં. જેલમાં તેઓ પોતાને આવડતું હોઈ એવું કામ કરી શકે અને પોતાની કલા કારીગીરીને જીવંત રાખી શકે તે માટેની તક અપાતી હોય છે. મુક્ત થયેલા કેદીઓ પૈકીના હિતેષ જાદવ વિરમગામના વતની છે તેણે કહ્યું હતુ કે સરકાર જેલના કેદીઓના સારા વ્યવહાર વર્તનને ધ્યાને લઈ આ રીતે માફી આપે છે.

# ગાંધીનગરમાં "Deriving Maximum Impact out of Aadhar" વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું






ગુજરાતમાં આધારનો મહત્તમ લાભ મેળવવાના પ્રયત્નો હેઠળ, UIDAI રાજ્ય કચેરી ગુજરાત અને DST ગુજરાત સરકાર દ્વારા ગાંધીનગરમાં નર્મદા હોલ, સ્વર્ણિમ સંકુલ-૧, નવા સચિવાલય ખાતે Deriving Maximum Impact out of Aadhar વર્કશોપનું ઉદ્‌ઘાટન મુખ્ય સચિવ શ્રી રાજકુમાર દ્વારા કરવામાં આવ્યું હતું જેમાં ૨૦૦ કરતાં વધુ વરિષ્ઠ અધિકારીઓએ ભાગ લીધો હતો. આ કાર્યક્રમમાં મુખ્ય સચિવશ્રીએ જણાવ્યું હતું કે, નાગરિકોને વિવિધ સરકારી યોજનાઓની જાણકારી અને તેના લાભ સત્વરે પહોંચાડવા સરકારે આધારને વર્ચ્યુઅલ બનવાની જરૂર છે. જેથી નાગરીકોને ઘરે બેઠા માહિતી મળી શકે. આ વર્કશોપમાં ગુજરાત રાજ્ય/ઉત્તર પૂર્વ પ્રદેશના સૌથી વધુ ઉપયોગમાં લેવાતા કેસોની ચર્ચા કરવામાં આવી હતી. જેવા કે ઈ-ખજાના માટે આધારનો ઉપયોગ, રાજ્યની પોલીસ માટે ક્ષમતા નિર્માણ, આધાર આધારિત ડિજિટલ પેમેન્ટ્સ, અને JAM (જન-આધાર-મોબાઈલ) ટ્રિનિટીનો ઉપયોગ કરવા માટે સિસ્ટમને મજબૂત કરવા માટે રોડ મેપની જાણકારી પણ મેળવી હતી. આ કાર્યક્રમમાં ઊર્જા અને પેટ્રોકેમિકલ વિભાગના અધિક મુખ્ય સચિવ શ્રી એસ. જે. હૈદર (IAS), વિજ્ઞાન અને તકનીકી વિભાગના અગ્ર સચિવ શ્રીમતી મોના ખંધાર (IAS), અન્ન, નાગરિક પુરવઠો અને ગ્રાહકોની બાબતોનો વિભાગના અગ્ર સચિવ શ્રી રમેશચંદ મીના (IAS) તથા મેનેજિંગ ડિરેક્ટર શ્રી તુષાર એમ. ધોળકિયા (IAS), ગુજરાત ઈન્ફોર્મેશન લિમિટેડના મેનેજિંગ ડિરેક્ટર શ્રી તુષાર ભટ્ટ (IAS), ભારત સરકારના DBT મિશનના સંયુક્ત સચિવ શ્રી સૌરભ કુમાર તિવારી, UIDAI રાજ્ય કચેરી ગુજરાતના ડિરેક્ટર શ્રી રાજેશ કુમાર ગુપ્તા અને UIDAI RO મુંબઈના ડી.ડી.જી શ્રી લવકેશ ઠાકુર ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

## ન્યૂઝ બ્રિફ

### સેહવાગને ડ્રેસિંગ રૂમમાં કોણે માર્યો હતો મુક્કો?

। (એજન્સી) મુંબઈ, તા.૫ ।

ભારતીય ક્રિકેટ ટીમના પૂર્વ ઓપનર વીરેન્દ્ર સેહવાગની ગણતરી અત્યાર સુધીના સૌથી વિસ્ફોટક બેટરોમાં થાય છે. એકવાર જોખમ લેવાની તેની આદતથી ભારતીય ટીમના કોચ તેના પર એટલા ગુસ્સે થયા કે તેમણે તેને મુક્કો મારી દીધો હતો. ભૂતપૂર્વ ભારતીય કેપ્ટન સૌરવ ગાંગુલીએ એક કિસ્સો સંભળાવતા કહ્યું હતું કે, સેહવાગની જોખમ લેવાની અને કોઈની વાત ન સાંભળવાની આદતને કારણે ટીમના ભૂતપૂર્વ કોચ જોન રાઈટ એક સમયે તેના પર ગુસ્સે થયા હતા.

સૌરવ ગાંગુલીએ કહ્યું કે, 'એકવાર અમારી શ્રીલંકા સામે એજબેસ્ટરમાં મેચ હતી. ટીમ સામે ૨૧૦ રનનો લક્ષ્ય રાખવામાં આવ્યો હતો. વીરેન્દ્ર સેહવાગે ઘણાં શાનદાર શોટ ફટકાર્યા હતા. અને અમે આ મેચ જીતી ગયા હતા. મેચ પૂરી થયા બાદ જ્યારે હું બધાને અભિનંદન આપવા ડ્રેસિંગ રૂમમાં ગયો તો ત્યાં સંપૂર્ણ મૌન હતું. હું અનિલ કુંબલે પાસે ગયો અને પૂછ્યું કે શું થયું. તેણે મને બહાર લાવીને કહ્યું, જોન રાઈટે વીરેન્દ્ર સેહવાગને મુક્કો માર્યો છે. ત્યારે મેં અનિલને પૂછ્યું કે, હકીકતમાં મુક્કો માર્યો કે પછી આ એક મજાક હતી.'

તેના જવાબમાં અનિલ કુંબલેએ કહ્યું, 'વીરેન્દ્ર સેહવાગ ડ્રેસિંગ રૂમમાં આવ્યો ત્યારે જોન રાઈટે તેનો કોલર પકડીને તેને ખૂણામાં ધક્કો મારીને પછી તેને જોરથી મુક્કો માર્યો. અને તેણે સહેવાગને કહ્યું, હવે તું ફરીથી ભારત માટે નહીં રમી શકે, કારણ કે તે મારેલા એક શોટને કારણે ભારત હારી શક્યું હોત. ત્યારબાદ હું જ્હોન રાઈટ પાસે ગયો અને તેને પૂછ્યું, શું તમે સેહવાગને મુક્કો માર્યો હતો. તેણે કહ્યું, હા મેં માર્યો હતો, મેં પૂછ્યું કે શું સેહવાગે તમને વળતો પ્રહાર કર્યો... જવાબ ના હતો.'

ટીમ બસમાં બધા ખેલાડીઓ આવી ગયા હતા, પરંતુ સેહવાગ સૌથી છેલ્લે ચઢ્યો હતો. મેં તેને બોલાવીને મારી પાસે બેસાડ્યો. અને તેને પૂછ્યું, શું જોન રાઈટે તને મુક્કો માર્યો હતો? સેહવાગે કહ્યું, 'અરે જવા દોને દાદા, આવું તો થતું રહે છે, હું બહુ ખરાબ શોટ રમ્યો હતો. તેને લઈને તે ગુસ્સામાં હતો. અને મને મુક્કો માર્યો હતો, જો કે પછી અમે બંને એકબીજાને હાથ મિલાવ્યા હતા.'

### ચોથામાં ભણતી બાળકી પર દુષ્કર્મ આચરી હત્યા કરાતાં ખળભળાટ

। (એજન્સી) કોલકાતા, તા.૫ ।

પશ્ચિમ બંગાળમાં આર.જી. કર મેડિકલ કૉલેજમાં મહિલા ડૉક્ટર પર થયેલા દુષ્કર્મ અને હત્યાની ઘટનાને લઈને વિરોધ ચાલી રહ્યો છે. આ દરમિયાન બંગાળના દક્ષિણ ૨૪ પરગણા જિલ્લાના જયનગરમાં ચોથા ધોરણમા અભ્યાસ કરતી વિદ્યાર્થિની સાથે કથિત દુષ્કર્મ અને હત્યાની ઘટના સામે આવી છે. સ્થાનિક લોકોને આ ઘટનાની જાણ થતાં જ તેઓ રોષે ભરાયા હતા અને શનિવારે (પાંચમી ઓક્ટોબર) સવારથી જ ભારે હંગામો ચાલી રહ્યો હતો. રોષે ભરાયેલા લોકોએ પોલીસ પર નિષ્ક્રિયતાનો આરોપ લગાવ્યો અને ઘટનાસ્થળે પહોંચેલી પોલીસ ટીમ સામે સૂત્રોચ્ચાર કર્યા અને તેમને ભગાડી હતી. આ ઉપરાંત આરોપીના ઘર અને સ્થાનિક મહિષામારી પોલીસ ચોકીમાં પણ ભારે તોડફોડ કરી હતી. વિફરેલા ટોળાએ પોલીસ સ્ટેશનમાં આગ ચાંપી દીધી હતી. આ વિસ્તારમાં મુખ્ય માર્ગને બ્લોક કરીને વિરોધ પ્રદર્શન પણ કરવામાં આવ્યા હતા. મહિલાઓએ લાકડીઓ લઈને ઘટનાસ્થળે પહોંચેલા બરુઈપુરના જીડ્ઢૈંનો પણ પીછો કર્યો હતો. ઉશ્કેરાયેલા ટોળાને વિખેરવા પોલીસે ટીયર ગેસનો ઉપયોગ કર્યો હતો. સમગ્ર વિસ્તારમાં ભારે તંગદિલીનો માહોલ છે. આ ઘટનાના આરોપી મુસ્તાકિન સરદારની ધરપકડ કરવામાં આવી છે. ઘટના અંગે જણાવવામાં આવે છે કે, વિદ્યાર્થિની શુક્રવારે (ચોથી ઓક્ટોબર) બપોરે ટ્યુશન માટે નીકળી હતી. રાત થઈ ગયા બાદ પણ તે ઘરે પરત ફરી ન હતી. વિદ્યાર્થિનીના પિતા રાત્રે જયનગર પોલીસ સ્ટેશન ગયા હતા. પોલીસે ત્યારે ગુમ થયાની ફરિયાદ લેવાનો ઈનકાર કર્યો હતો.



મહિલા વિશ્વ T20 ક્રિકેટ, ભારત વિ ન્યુઝીલેન્ડઃ ન્યુઝીલેન્ડ ટીમના સભ્યો ભારતને હરાવ્યા પછી પાછા ફર્યા.

#### બે દિવસમાં જ વચન પૂરું કર્યું

## મુશીરના અકસ્માત પછી સરફરાઝ ખાને તેના પિતાને આપ્યું હતું ખાસ વચન

### ઈરાની કપમાં મુંબઈ તરફથી રમતા ભારતીય ટીમના બેટ્સમેન સરફરાઝ ખાને રેસ્ટ ઓફ ઈન્ડિયા સામે શાનદાર બેવડી સદી ફટકારી હતી

। (એજન્સી) નવી દિલ્હી, તા.૫ ।

ઈરાની કપમાં મુંબઈ તરફથી રમતા ભારતીય ટીમના બેટ્સમેન સરફરાઝ ખાને રેસ્ટ ઓફ ઈન્ડિયા સામે શાનદાર બેવડી સદી ફટકારી હતી. આ સાથે સરફરાઝે તેના પિતા અને પરિવારને આપેલું એક ખાસ વચન પૂરું કર્યુ હતું. ઈરાની કપના થોડા દિવસો પહેલા સરફરાઝનો ભાઈ મુશીર ખાન કાર અકસ્માતમાં ઘાયલ થયો હતો. આ મેચ માટે તે આઝમગઢથી લખનૌ જઈ રહ્યો હતો ત્યારે તેની કાર પલટી ગઈ હતી. તેના પિતા નૌશાદ ખાન પણ કારમાં બેઠા હતા. મુશીર પણ આ ટૂર્નામેન્ટમાં સરફરાઝ ખાન સાથે રમવાનો હતો, પરંતુ ઈજાના કારણે તે ન રમી શક્યો. સરફરાઝે કહ્યું કે, ગત સપ્તાહ તેના માટે ખૂબ જ ભાવુક હતું અને તેણે તેના પિતાને વચન આપ્યું હતું કે તે ઈરાની કપમાં બેવડી સદી ફટકારશે. ત્રીજા દિવસની રમત પૂરી થયા બાદ મીડિયા સાથે વાત કરતા સરફરાઝે કહ્યું, ''હા, તે મારા માટે ખૂબ જ ઈમોશનલ ક્ષણ રહી છે. મેં મારા પિતા અને સાથી ખેલાડીઓને કહ્યું હતું કે હું સેટ છું અને બેવડી સદી ફટકારીશ. એક સદી મારા માટે અને એક સદી મારા ભાઈ મુશીર માટે.''સરફરાઝે કહ્યું, ''જો તે આ મેચમાં રમ્યો હોત તો અબ્બુને વધુ ગર્વ થયો હોત. કમનસીબે, તેનો અકસ્માત થયો હતો. તેથી મને લાગ્યું કે મારે આ મેચમાં બેવડી સદી ફટકારવી જોઈએ.''સરફરાઝે એ પણ જણાવ્યું કે મુશીરને સંપૂર્ણ સ્વસ્થ થવામાં કેટલો સમય લાગશે. તેણે કહ્યું, ''મેં તેની સાથે વાત કરી છે.

#### એક સાથે ૧૮ વાહનો કબજે કર્યા

## કચ્છમાં ગેરકાયદેસર ખનન કરતા માફિયા પર સપાટો

### સમગ્ર રાજ્યમાં ક્વોરી તેમજ ખાણોમાં પર્યાવરણીય પ્રમાણપત્રના અભાવે ખનન પર રોક લાગી છે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૫ ।

સમગ્ર રાજ્યમાં ક્વોરી તેમજ ખાણોમાં પર્યાવરણીય પ્રમાણપત્રના અભાવે ખનન પર રોક લાગી છે. રાજ્ય સરકારના આદેશના પગલે ખાણ ખનીજ વિભાગે ઈસી ન હોય તેવી લીઝના એટીઆર બંધ કરી દેતા કચ્છમાં પણ ખનન પ્રવૃત્તિ ઠપ્પ થઈ છે. જો કે હજુ પણ કચ્છના ગેરકાયદેસર ખનન અને વહનની પ્રવૃત્તિ બેરોકટોક ચાલી રહી છે. માન્ય લીઝોના એટીઆર બંધ કરી દેવામાં આવતા જાણે ખનીજ ચોરી કરતાં તત્વોને મોકો મળી ગયો હોય તેમ કચ્છમાં અને ખાસ કરીને વાગડ વિસ્તારમાં ગેરકાયદેસર ખનીજ ચોરીનું પ્રમાણ વધ્યું હોવાની વ્યાપક ફરિયાદો વચ્ચે ખાણ ખનીજ વિભાગની ફ્લાઈંગ સ્કોડની ટીમે મોડી રાત્રે ચાઈનાકલે ખનીજનું ગેરકાયદે વહન કરતા તત્વો પર કાર્યવાહી કરી હતી અને ૧૮ વાહનોને ઝડપી પાડયા હતા. અંગેની પ્રાપ્ત વિગતો અનુસાર ભચાઉ પ્રાંત અધિકારી બાલમુકુંદ સુર્યવંશી અને ખાણ ખનીજ વિભાગની ફ્લાઈંગ સ્કવોર્ડના મદદનીશ નિયામક મેહુલ શાહની ટીમ દ્વારા ગુરુવારની મોડી રાત્રે ભચાઉ તાલુકાના લાકડીયા આડેસર હાઈવે પર ખાસ વોચ ગોઠવવામાં આવી હતી. આ દરમ્યાન લાકડીયા પોલીસ સ્ટેશનની હદમાં અધિકૃત રોયલ્ટી પાસ વગર ચાઈનાકલે ખનીજનું વહન કરતી ૧૬ ટ્રકોને એક સાથે ઝડપી પાડવામાં આવી હતી. આ ઉપરાંત ગાગોદર પોલીસ સ્ટેશનની હદ માંથી પણ અધિકૃત રોયલ્ટી પાસ વગર ચાઈનાકલે ભરીને નીકળેલ બે ટ્રકોને ઝડપી પાડવામાં આવી હતી.

#### ન્યુઝીલેન્ડ સામે હાર્યા બાદ મુશ્કેલ છે સેમીફાઈનલમાં પહોંચવું

## મહિલા ટી૨૦ વર્લ્ડ કપમાં ભારતની ખરાબ શરૂઆત

### ન્યુઝીલેન્ડે પ્રથમ બેટિંગ કરતા ૧૬૦ રન બનાવ્યા અને તેની સામે ટીમ ઈન્ડિયા ૧૦૨ રનમાં જ ઓલઆઉટ થઈ ગઈ હતી

। (એજન્સી) નવી દિલ્હી, તા.૫ ।

મહિલા T20 વર્લ્ડ કપ ૨૦૨૪ની પહેલી મેચમાં ટીમ ઈન્ડિયા ખરાબ રીતે નિષ્ફળ રહી હતી. દુબઈમાં ન્યુઝીલેન્ડ સામેની મેચમાં ટીમ ઈન્ડિયા ૫૮ રનથી હારી ગઈ હતી. ન્યુઝીલેન્ડે પ્રથમ બેટિંગ કરતા ૧૬૦ રન બનાવ્યા અને તેની સામે ટીમ ઈન્ડિયા ૧૦૨ રનમાં જ ઓલઆઉટ થઈ ગઈ હતી.દુબઈમાં યોજાયેલી મેચમાં સૌથી પહેલા શેફાલી વર્મા ૨ રન બનાવીને આઉટ થઈ. જ્યારે મંધાનાએ ૧૨ રન, હરમનપ્રીત કૌરે ૧૫ રન અને જેમિમાહ રોડ્રિગ્સે માત્ર ૧૩ રન બનાવ્યા હતા. આ સાથે રિચા ઘોષ ૧૨ રન અને દીપ્તિ શર્મા ૧૩ રન બનાવીને આઉટ થઈ ગઈ હતી. ટીમ ઈન્ડિયાના ટોપ ૬ બેટ્સમેનમાંથી ૪નો સ્ટ્રાઈક રેટ ૧૦૦થી ઓછો હતો. ટીમ ઈન્ડિયા માત્ર ૧૯ ઓવર રમી શકી અને ૧૦૨ રન બનાવ્યા હતા. ટીમ ઈન્ડિયાની એક પણ ખેલાડી ૨૦ રનના આંકડા સુધી પહોંચી શકી નથી. ટીમમાં હરમનપ્રીતે સૌથી વધુ ૧૫ રન બનાવ્યા હતા. દુબઈમાં ન્યુઝીલેન્ડની ટીમે શાનદાર પ્રદર્શન કર્યુ. કેપ્ટન સોફી ડિવાઈને ટોસ જીત્યા બાદ પ્રથમ બેટિંગ કરવાનો નિર્ણય લીધો હતો. સુઝી બેટ્સ અને પ્લિમરે ટીમને શાનદાર શરૂઆત અપાવી હતી. બંને ખેલાડીઓએ મળીને ૬૭ રન કર્યા હતા. આ પછી કેપ્ટન ડિવાઈને મિડલ ઓર્ડરમાં ૫૭ રન બનાવતા ટીમનો સ્કોર ૧૬૦ રન થયો. જ્યારે બીજી ઈનિંગમાં પિચ ધીમી પડી ગઈ હતી અને તેનો ફાયદો ન્યુઝીલેન્ડની સ્પિનર્સને મળ્યો હતો. રોઝમેરી મેયરે ૧૯ રન આપણે ૪ વિકેટ લીધી હતી. તાહુહુને ૩ અને કાર્સનને ૨ વિકેટ મળી હતી. જ્યારે એમિલિયાને એક વિકેટ મળી હતી.ન્યુઝીલેન્ડ સામેની હાર બાદ ટીમ ઈન્ડિયા માટે સેમીફાઈનલમાં પહોંચવાનો રસ્તો ઘણો મુશ્કેલ બની ગયો છે. કારણ કે, હવે ટીમ ઈન્ડિયાની ત્રણમાંથી બે મેચ મુશ્કેલ છે. ટીમ ઈન્ડિયા આગામી મેચ ૬ ઓક્ટોબરે પાકિસ્તાન સામે રમશે. આ સિવાય ટીમ ઈન્ડિયા ૯ ઓક્ટોબરે શ્રીલંકા સામે રમશે અને ઓસ્ટ્રેલિયા સાથે ૧૩મી ઓક્ટોબરે મેચ છે.ટીમ ઈન્ડિયાએ શ્રીલંકા અને ઓસ્ટ્રેલિયા સામે મેચ રમવાની છે. આ બંને ટીમો ભારત માટે સૌથી મોટો ખતરો છે.



બોસ્નિયા પૂરઃ બચાવ ટીમો પૂરગ્રસ્ત ઘરોમાં લોકોને શોધી રહી છે.

## અમેઠી કાંડનો આરોપી એન્કાઉન્ટરમાં ઘાયલ થયો

। (એજન્સી) અમેઠી, તા.૫ ।

ઉત્તર પ્રદેશના અમેઠી જિલ્લામાં શિક્ષક, તેની પત્ની અને બે સગીર બાળકોને ગોળી મારીને હત્યા કરનાર મુખ્ય આરોપી ચંદન વર્મા એન્કાઉન્ટરમાં ઘાયલ થયો છે. આરોપી પકડાયા પછી પોલીસકર્મીની પિસ્તોલ છીનવીને ભાગવાનો પ્રયાસ કરી રહ્યો હતો ત્યારે આ એન્કાઉન્ટર થયું. ઝપાઝપી દરમિયાન ચંદન વર્માને પગમાં ગોળી વાગી હતી.સૂત્રોના જણાવ્યા અનુસાર પૂછપરછ દરમિયાન જ્યારે આરોપીને ઘટના સ્થળે લઈ જવાતો હતો ત્યારે ચંદન વર્માએ પોલીસકર્મીની પિસ્તોલ છીનવીને ભાગવાનો પ્રયાસ કર્યો હતો. પોલીસે તેને પગમાં ગોળી મારી હતી. આ ઘટના મોહનગંજ પોલીસ સ્ટેશન વિસ્તારમાં બની હતી. યુપી એસટીએફએ ગઈ કાલે નોઈડા જેવર ટોલ પ્લાઝા પરથી હત્યારા ચંદન વર્માની ધરપકડ કરી હતી.અમેઠી હત્યાકાંડના મુખ્ય આરોપી ચંદન વર્માની પોલીસે ગણતરીના કલાકોમાં ધરપકડ કરી છે. આરોપીએ ગતમોડી રાત્રે ઘરમાં ઘૂસીને એક જ પરિવારના ચાર લોકોની હત્યા કરી દીધી હતી. આ કેસની વિગત એવી છે કે, ઉત્તર પ્રદેશના અમેઠીમાં શિવરતનગંજ પોલીસ સ્ટેશન વિસ્તારમાં ઘરમાં ઘૂસીને શિક્ષક સહિત સમગ્ર પરિવારને ગોળી મારી દીધી હતી.

## દોહામાં આરબ દેશોના વડાઓ વચ્ચે બેઠક યોજાઈ

। (એજન્સી) દોહા, તા.૫ ।

લેબેનોનમાં તબાહી અને ઈરાન સાથે ઘર્ષણ કર્યા બાદ ઈઝરાયેલ પર મોટી મુસીબત આવવાની સંભાવના જોવા મળી રહી છે. મીડિયા રિપોર્ટ મુજબ યુદ્ધની આશંકાના પગલે દોહામાં આરબ દેશોના વડાઓ વચ્ચે બેઠક યોજાઈ હતી. આ બેઠક ઈરાનને આશ્વાસન આપવા માટે યોજાઈ હતી, જેમાં આરબ દેશોએ તેહરાન અને ઈઝરાયેલ વચ્ચેના સંઘર્ષમાં તટસ્થ રહેવાનો નિર્ણય લીધો છે. આરબ દેશોએ આશંકા હતી કે, આ ક્ષેત્રમાં સંઘર્ષ વધવાથી તેમની ઓઈલ સુવિધાઓ જોખમમાં આવી શકે છે. આરબ દેશોનો આ નિર્ણય ઈઝરાયલ માટે એક ઝટકા તરીકે જોવામાં આવી રહ્યો છે, કારણ કે આ પહેલા એપ્રિલમાં ઈરાને હુમલો કર્યા બાદ આરબ દેશોએ ઈઝરાયેલનું સમર્થન કર્યું હતું. મીડિયા અહેવાલોમાં બે સૂત્રોને ટાંકીને એવું પણ કહેવાયું છે કે, કતાર દ્વારા આયોજિત એશિયાઈ દેશોની બેઠકમાં ભાગ લેનારા ગલ્ફ આરબ દેશો અને ઈરાનના મંત્રીઓએ તણાવ ઘટાડવા પર તેમની પરસ્પર વાતચીત પર ધ્યાન કેન્દ્રિત કર્યું હતું. પહેલી ઓક્ટોબરે ઈરાને ઈઝરાયેલ પર અત્યાર સુધીનો સૌથી મોટો હુમલો કર્યો. ઈરાનની રાજધાની તહેરાને આ હુમલાને ઈઝરાયેલના હમાસ અને હિજબુલ્લાહના વરિષ્ઠ નેતાઓની હત્યા તેમજ ગાઝા અને લેબનોનમાં ઈઝરાયલની કાર્યવાહીનો બદલો ગણાવ્યો હતો.તહેરાને કહ્યું છે કે, અમારા તરફથી વળતો જવાબ આપી દેવાયો છે. જોકે ઈઝરાયેલ કોઈ ઉશ્કેરણીજનક કાર્યવાહી કરશે તો તેને ફરીથી નિશાન બનાવવામાં આવશે.

#### ૧૦૦ નવજાત બાળકોનું રાખ્યું 'નસરલ્લાહ' નામ

## ઈરાકે હિજબુલ્લાહ નેતાને 'ન્યાયના માર્ગે શહીદ' ગણાવ્યા

### ઈઝરાયેલના હવાઈ હુમલામાં હિજબુલ્લાહના નેતા હસન નસરલ્લાહના મોત બાદ ઈરાનમાં ખળભળાટ મચ્યો છે

। (એજન્સી) ઈરાન, તા.૫ ।

ઈઝરાયેલના હવાઈ હુમલામાં હિજબુલ્લાહના નેતા હસન નસરલ્લાહના મોત બાદ ઈરાનમાં ખળભળાટ મચ્યો છે. આ ઘટના બાદ ઈરાન સંપૂર્ણ રીતે નર્વસ થતાં ૨ દિવસ પહેલા ઈઝરાયેલ પર ૨૦૦ મિસાઈલ છોડી હતી. ૨૭ સપ્ટેમ્બરે હિજબુલ્લાહના નેતા હસન નસરલ્લાહ ઈઝરાયેલના હુમલામાં માર્યો ગયો હતો. નસરલ્લાહના મોત બાદ વિસ્તારમાં તણાવ સતત વધી રહ્યો છે. આ બધાની વચ્ચે એક ચોંકાવનારા સમાચાર સામે આવ્યા છે કે નસરલ્લાહના મૃત્યુ બાદ ઈરાક સહિત ઘણા દેશોમાં માતા-પિતા તેમના નવજાત બાળકોનું નામ નસરલ્લાહ રાખી રહ્યા છે.નસરલ્લાહના મોતને પગલે મધ્ય પૂર્વના અન્ય દેશોમાં આક્રોશ જોવા મળી રહ્યો છે.



બગદાદ સહિત ઈરાકના કેટલાક ભાગોમાં મોટા પાયે દેખાવો થયા. વિશ્વભરમાં ઈસ્લામના અનુયાયીઓ નસરલ્લાહના મૃત્યુ પર ઈઝરાયેલને દોષી બતાવી રહ્યા છે. જો કે, હવે ઈરાકમાં ૧૦૦ નવજાત બાળકોના નામ હિજબુલ્લાહના ચીફ હસન નસરલ્લાહના નામ પર રાખવામાં આવ્યા છે.હિજબુલ્લાહના વડા હસન નસરલ્લાહને ઘણા આરબ દેશોમાં ઈઝરાયેલ અને પશ્ચિમી પ્રભાવો સામે પ્રતિકારના પ્રતીકના રૂપમાં જોવે છે. એટલા માટે ઈરાકી પ્રધાનમંત્રી મોહમ્મદ શિયા અલ-સુદાનીએ હસન નસરલ્લાહને 'ન્યાયના માર્ગ ઉપર શહીદ' ગણાવ્યા હતા. તેમણે ઈઝરાયેલના હવાઈ હુમલામાં નસરલ્લાહની હત્યાને આંતરરાષ્ટ્રીય કાયદાનું ઉલ્લંઘન પણ ગણાવ્યું હતું. ઈઝરાયેલના હવાઈ હુમલામાં જૂથના અગાઉના નેતા અબ્બાસ અલ-મુસાવીની હત્યા બાદ નસરાલ્લાહે ૧૯૯૨થી આતંકવાદી જૂથના વડા તરીકેનો પદભાર સંભાળ્યો હતો. નસરલ્લાહના નેતૃત્વમાં હિજબુલ્લાહ લેબનોનમાં એક રાજકીય તાકાત તરીકે વિકસ્યું અને મધ્ય પૂર્વના ભૌગોલિક રાજકારણમાં એક મુખ્ય ખેલાડી તરીકે ઉભરી આવ્યું, જેમાં ઈરાને મુખ્ય ભૂમિકા ભજવી હતી. હિજબુલ્લાહે ઈઝરાયેલ વિરુદ્ધ પોતાના હુમલાઓ વધારવા માટે ઈરાક અને યમનમાં હમાસ, હુથી અને અન્ય સંગઠનોને તેની મિસાઈલો અને રોકેટ પૂરા પાડ્યા હતા.હવાઈ હુમલામાં નસરાલ્લાહ માર્યા ગયા બાદ ઈઝરાયેલે લેબનોનમાં સીમિત જમીન આક્રમણ શરૂ કર્યુ. લેબનીઝ સરકાર અનુસાર લગભગ એક વર્ષ સુધી ચાલેલી લડાઈમાં ૧,૯૦૦થી વધુ લોકો માર્યા ગયા છે અને ૯,૦૦૦થી વધુ ઘાયલ થયા છે. જેમાં મોટાભાગનાના મોત છેલ્લા બે અઠવાડિયામાં થયા છે.



## તંત્રી લેખ...

## આતંકવાદીના અંતિમ સંસ્કાર ગુપ્ત રીતે કેમ કરવામાં આવે છે?

ઈઝરાયલ અને હિજબુલ્લાહ વચ્ચેના સંઘર્ષમાં એક અઠવાડિયા અગાઉ ઉગ્રવાદી સંગઠનના લીડર હસન નસરલ્લાહને મારી નંખાયો છે. હવે હિજબુલ્લાહ દ્વારા નસરલ્લાહના અંતિમ સંસ્કાર કરવામાં આવશે. એવી અટકળો છે કે ભૂતપૂર્વ ચીફને ઈરાકના કરબલામાં, ઈરાનના નજફમાં કે પછી લેબેનોનમાં ક્યાંક દફનાવવામાં આવશે. નસરલ્લાહને ક્યાં દફનાવાય છે એના પર માત્ર આરબ દેશોની જ નહીં, અમેરિકાની પણ ચાંપતી નજર છે. નસરલ્લાહનો મૃતદેહ અમેરિકા તો દફનાવવાનું નથી, છતાં એનું દફનસ્થળ જાણવા માટે અમેરિકા ઉત્સુક છે, અને એનું ચોક્કસ કારણ છે. ચાલો, એ કારણ જાણવા ઈતિહાસની ગર્તામાં સહેજ ઊંડા ઉતરીએ.કોઈપણ ટોચનો આતંકવાદી માર્યો જાય ત્યારે એને જ્યાં દફનાવાય એ સ્થળ બીજા હજારો-લાખો આતંકવાદીઓ માટે શહીદ-સ્મારક બની જતું હોય છે. એ સ્થળમાંથી નવા આતંકવાદીઓ પ્રેરણા લેતા હોય છે, એ સ્થળ દેખાડીને લીડરો તેમના ઉગ્રવાદી શિષ્યોને લડવા માટે પાનો ચઢાવતા હોય છે અને એ સ્થળે નવાનવા ષડયંત્રો રચવામાં આવતા હોય છે. આમ, ટોચનો આતંકવાદી મર્યા પછી પણ આતંકવાદની આગમાં ઈંધણ પૂરવાનું કાર્ય કરતો રહેતો હોય છે. અને એ માટે નિમિત્ત બનતું હોય છે એનું દફન સ્થળ, એનું શહીદ-સ્મારક.આતંકી નેતાનું દફન સ્થળ શહીદ-સ્મારક બનીને બીજા આતંકીઓને પ્રેરણા પૂરી ન પાડે, એ માટે જ અમેરિકા આતંકવાદી નેતાના મૃતદેહને અજાણી જગ્યાએ લઈ જઈને તેના અંતિમ સંસ્કાર ગુપ્ત રીતે કરી દેતું હોય છે. ભૂતકાળમાં એકથી વધુ વખત અમેરિકાએ આ વ્યૂહરચના અમલમાં મૂકી છે. ચાલો જોઈએ એવા થોડા ઉદાહરણ.મે, ૨૦૧૧માં અમેરિકા ના નૌકાદળે એક ગુપ્ત ઓપરેશન કરીને પાકિસ્તાનમાં છુપાઈ બેઠેલા ઓસામા બિન લાદેન ને મારી નાખ્યો હતો. એની હત્યા કર્યા પછી તરત જ એ લાદેન જ છે-ને, એની ખાતરી કરવા માટે સ્થળ પર જ મૃતદેહનું ડીએન પરીક્ષણ કરવામાં આવ્યું હતું. એ ખાતરી થયા પછી અમેરિકન કમાન્ડો મૃતદેહને બેગમાં પેક કરીને અફઘાનિસ્તાન લઈ ગયા હતા, જ્યાંથી તેને એક યુદ્ધજહાજમાં મૂકીને સમુદ્રમાં લઈ જવાયો હતો. અમેરિકાએ જણાવ્યું હતું કે દફન કરતાં પહેલાં લાદેનના મૃતદેહને સ્નાન કરાવાયું હતું. પછી એને સફેદ કફન ઓઢાડાયું હતું. અનુવાદક દ્વારા અરબી ભાષામાં પ્રાર્થના કરવામાં આવી હતી અને ત્યારબાદ મૃતદેહને બોક્સમાં બંધ કરીને સમુદ્રમાં દફન કરવામાં આવ્યો હતો. બોક્સને ૧૫૦ કિલો વજનની લોખંડની સાંકળોથી બાંધવામાં આવ્યું હતું, જેથી મૃતદેહ ફૂલીને સમુદ્રસપાટી પર તરી ન આવે.

## ચોમાસું મોડું વિદાય લે છે જેનાથી ઠંડી પણ વધુ પડવાની આશંકા સ્વાભાવિક

છેલ્લા કેટલાક વર્ષથી આ વર્ષે પણ દેશમાંથી ચોમાસાની વિદાય નક્કી સમય કરતાં એકાદ અઠવાડિયું મોડી થઈ, જે સ્પષ્ટ રૂપે જળવાયુ પરિવર્તનની અસર વિશે જણાવે છે. હવામાન વિજ્ઞાન વિભાગ અનુસાર લાંબા સમયથી ચોમાસું ૧૭ સપ્ટેમ્બરની આસપાસ વિદાય થતું રહ્યું છે, પરંતુ ૨૦૧૭થી ચોમાસું સપ્ટેમ્બરના અંતમાં વિદાય થઈ રહ્યું છે. વચ્ચે બે વર્ષ એટલે કે ૨૦૧૯ અને ૨૦૨૧માં તો તેણે ઓક્ટોબરમાં વિદાય લીધી હતી. એટલું જ નહીં, ચોમાસું નક્કી સમય કરતાં થોડું પહેલાં પણ આવી જાય છે, આખા દેશને પલાળવામાં તે પહેલાં કરતાં ઓછો સમય લઈ રહ્યું છે અને સરેરાશ વરસાદ પણ પહેલાંની તુલનામાં વધારે થઈ રહ્યો છે. એક તરફ ચોમાસું મોડું વિદાય લે છે જેનાથી ઠંડી પણ વધુ પડવાની આશંકા સ્વાભાવિક છે, બીજી તરફ પશ્ચિમ બંગાળના દાર્જિલિંગ સહિત કેટલાક બીજા વિસ્તારોમાં હાલમાં જ ભીષણ ગરમીને કારણે પર્યટકો અને સામાન્ય લોકોનું ઘરની બહાર નીકળવું મુશ્કેલ થઈ ગયું. ચોમાસાની અતિવૃષ્ટિથી આ વર્ષે પણ દેશના અલગ-અલગ વિસ્તારોમાં પૂર અને ભૂસ્ખલનની ઘટનાઓ થઈ છે. ગત ૩૦ જુલાઈએ કેરળના વાયનાડમાં થયેલ ભૂસ્ખલનમાં લગભગ ૪૦૦ લોકો માર્યા ગયા હતા અને ૧૫૦ લોકો લાપતા હતા. એ જ રીતે સતત ૭૨ કલાકથી પણ વધુના મૂશળધાર વરસાદને કારણે પાછલા મહિને ત્રિપુરામાં આવેલા પૂરથી, જેને ૧૯૮૩ બાદ રાજ્યમાં આવેલ સૌથી ભીષણ પૂર ગણાવાયું, લગભગ ૧૭ લાખ લોકો પ્રભાવિત થયા હતા. અસમ અને ગુજરાતમાં આવેલ પૂરથી પણ જાનમાલની તબાહી થઈ. અસમ જેવા રાજ્ય તો લગભગ દર વર્ષે પૂરનો સામનો કરે છે, પરંતુ અતિવૃષ્ટિથી દેશના શહેરી વિસ્તારોમાં પાણી ભરેલા અંડરપાસમાંથી પસાર થતા મોતની ઘટનાઓ શહેરી નિયોજન સાથે જોડાયેલ નવા પડકારો વિશે જણાવે છે. ગત દિવસોમાં અતિવૃષ્ટિ અને પૂરથી દેશમાં જેવી તબાહી થઈ, વર્ષના પૂર્વાર્ધમાં ભારે ગરમી અને લૂને કારણે એટલું જ નુકસાન થયું હતું. હીટવોચ અને વેટિડમ ઈન્ડિયા ફાઉન્ડેશન દ્વારા જારી કરવામાં આવેલ રિપોર્ટ અનુસાર ગત માર્ચથી જૂન સુધી હીટ સ્ટ્રોકના દેશભરમાં ૪૦ હજારથી વધુ કેસો સામે આવ્યા હતા અને હીટવેવથી ૭૩૩ લોકો માર્યા ગયા હતા. હીટવેવથી થયેલ મોતોમાં ઉત્તર પ્રદેશ, દિલ્હી અને પછી ઓડિશાનો નંબર હતો. એટલું જ નહીં, આ વર્ષે ઉનાળામાં દેશના ૧૫૦ મુખ્ય જળાશયોમાં પાણીનું સ્તર પાછળા વર્ષના મુકાબલે ૨૩ થી ૭૭ ટકા સુધી ઓછું હતું. ભારતીય કૃષિ અનુસંધાન પરિષદના હવાલાથી રિપોર્ટમાં જણાવાયું છે કે તાપમાનમાં એક ડિગ્રીનો વધારો થવાથી ઘઉંની પેદાશમાં ત્રણથી ચાર ટકાનો ઘટાડો આવી શકે છે. માત્ર ભારત જ નહીં, આખા દક્ષિણ એશિયા, આફ્રિકા, યુરોપ અને અમેરિકાએ પણ ગત દિવસોમાં અતિવૃષ્ટિ, પૂર અને તોફાનોનો સામનો કર્યો. ગયા મહિને બાંગ્લાદેશમાં આવેલા પૂરથી લગભગ બે કરોડ લોકો પ્રભાવિત થયા હતા. જ્યારે જુલાઈમાંપાકિસ્તાનમાં આવેલા પૂરમાં લગભગ ૨૫૦ લોકો માર્યા ગયા હતા અને ભારે તબાહી મચી હતી. મ્યાંમારમાં હાલમાં જ આવેલ તોફાન યાગીથી લગભગ ૨૫૦ લોકો માર્યા ગયા અને સોથી વધુ લોકો લાપતા થયા. લગભગ ૩૭૫ સ્કૂલો અને ૫૫૦૦૦ ઘરો ધ્વસ્ત થયાં છે. જ્યારે ઉત્તરના પહાડી વિસ્તારોમાં તોફાનથી સર્વાધિક તબાહી થઈ છે. એએફપી અનુસાર, લગભગ સવા ત્રણ લાખ લોકોને અસ્થાયી રાહત શિબિરોમાં રાખવામાં આવ્યા અને આખા મ્યાંમારમાં ૨૦૦થી વધુ રાહત શિબિરો ખોલાઈ. પર્યાવરણવિદ યાગીને આ વર્ષે એશિયાનું સૌથી ભીષણ તોફાન ગણાવી રહ્યા છે. આ તોફાનથી વિયેતનામ, લાઓસ અને ફિલિપાઈન્સ જેવા દેશ પણ પ્રભાવિત થયા છે.

**જુવારા એ મૂળ બીજ છે, શક્તિ તરીકે જોઈએ તો જીવનું પોષણ કરનારું તત્વ છે, સારા અનાજથી જીવની શારીરિક તેમજ માનસિક વૃદ્ધિ થાય છે**

# માતાનાં સ્થાપનામાં મુકવામાં આવતા જુવારા એટલે સૌનું પોષણ કરતું સાત્વિક બીજ...!



સદગુરુ વચનામૃત
સંકલન ફાલ્ગુની વસાવડા
(ભાવનગર)

**હે દેવી! તમારા પ્રસન્ન થવાથી જ પરમાત્મ સ્વરૂપ આ જગતનો અભ્યુદય થાય છે, અને તમારા ક્રોધે ભરાય જવાથી તમે તરત જ કેટલાય શત્રુઓનો નાશ કરી નાખો છો? એ વાત હમણાં જ અનુભવવા મળી. કારણકે મહિસાસુરની વિશાળ સેના તમારા કોપથી ક્ષણવારમાં જ નષ્ટ થઈ ગઈ, હંમેશાં જગતને અભ્યુદય આપનારા તમે તેમના પર પ્રસન્ન થાઓ છો તેઓ જ રાજ્યમાં સન્માનિત થાય છે તેમને જ ધન -સંપત્તિ અને યશ મળે છે.**

માડી તારો હીંડોળો ઝાકમઝોળ! મંગલં વરસે, મંગલ વરસે, મંગલ વરસે, આજ માને મંદિરીયે... ઝુલે ઝુલે છે ગબ્બરની માત અંબે ઝુલે છે... ગુંજે ગુંજે ગૌરવનો ગવરાવ એવો ગરવો ગઢ ગિરનાર... આમ ગરબાની રમઝટ અને માડીનાં સાનિધ્યમાં નોરતાં પર નોરતાં પસાર થવા લાગ્યા છે, અને આજે તો હવે ચોથું નોરતું છે. ચોથા નોરતે આપણે ત્યાં નવદુર્ગાનાં કુષ્માંડા સ્વરૂપની આરાધના કરવામાં આવે છે. સમગ્ર સૃષ્ટિના સર્જન માટે જવાબદાર એવી મા નું સ્વરૂપ એટલે જ કુષ્માંડા, બ્રહ્માંડનાં કોઠામાં પૃથ્વી નામનો અંડાકાર ગ્રહ લઈ એ ગરબે ઘૂમી રહી છે એ કલ્પના પણ આલ્હાદક છે, અને આ શબ્દાર્થ એનાં નામમાં જ સમાયેલ છે. એ રીતે જોઈએ તો શક્તિનું સામર્થ્ય કેટલું હશે? એ આપણને સમજાય! આપણે ત્યાં નવરાત્રીના સ્થાપનમાં, બાજોઠ પર ગરબો મુકી એની ફરતે જુવારા મુકવામાં આવે છે, એવું શું કામ? જુવારા એ મૂળ બીજ છે, શક્તિ તરીકે જોઈએ તો જીવનું પોષણ કરનારું તત્વ છે, અને સારા અનાજથી જીવની શારીરિક તેમજ માનસિક વૃદ્ધિ થાય છે. તો જુવારા રૂપે જીવ માતાજીને કહે છે કે હું શોષણ નહીં, પણ પોષણ કરનારી વૃત્તિ કેળવવા માગું છું. એટલે કે મા હંમેશા પોષણ કરનારી હોય છે. ભક્તિ તરીકે જોઈએ તો આ બીજ જેમ થોડા સમયની અવધિમાં પાંગરે છે, એમ મારી આ નવદિવસીય ભક્તિનું બીજ પણ પાંગરે. જેથી કરીને મારી મતિ અને ગતિ બંને ચલિત હોવા છતાં સ્થિર રહે. આપણે આસો નવરાત્રીમાં માતાને આરાધવા માટે શક્રાદયની સ્તુતિનો સહારો લીધો છે તો, મા જગ જનની જગદંબા આપણી શુદ્ધ હદયથી થતી સ્તુતિ સાંભળી લીધી છે, અને મા પોતાની અપરંપાર કૃપા આપણી પર વરસાવી રહીં છે! ઓહો! આ બધું કેટલું સારું સારું લાગે છે. કોઈનો અનુગ્રહ આપણી પર વધે એટલે સૌથી પહેલું કામ વિકારો દૂર થતા જાય, અને એ પ્રેમ તત્વથી આપણે ભરાતા જઈએ





મા આદ્યશક્તિ જગદંબા સકલ બ્રહ્માંડ રચયિતા છે, અને તેનું ભરણપોષણ કરનારી છે, તો માતાના ચરણોમાં પ્રાર્થના કરીએ કે વિશ્વના ખૂણે ખૂણે કોઈ દુ:ખી ના રહે અને સૌમાં એકબીજાને મદદ કરવા માટેની ભાવના તીવ્ર બને, એવી એક સકારાત્મક ઉર્જા અમને આપજો. ધ્યાન, ધર્મ, તપ, સંયમ, નિયમ, આ બધું જ જેટલું થાય એટલું આપણે કરીશું એવાં શુદ્ધ સંકલ્પ સાથે આગળ...

**★ શક્રાદય સ્તુતિ★**

**દેવિ પ્રસીદ પરમા ભવતી ભવાય**
**સદ્યોવિનાશયસિ કોપવતી કુલાનિ**
**વિજ્ઞાતમેતદધુનૈવ યદસ્તમેતન્નીતં,**
**બલં સુવિપુલં મહિષાસુરસ્ય**

હે દેવી! તમારા પ્રસન્ન થવાથી જ પરમાત્મ સ્વરૂપ આ જગતનો અભ્યુદય થાય છે, અને તમારા ક્રોધે ભરાય જવાથી તમે તરત જ કેટલાય શત્રુઓનો નાશ કરી નાખો છો? એ વાત હમણાં જ અનુભવવા મળી. કારણકે મહિસાસુરની વિશાળ સેના તમારા કોપથી ક્ષણવારમાં જ નષ્ટ થઈ ગઈ. (૧૩)

**તેસમ્મતા જનપદેષુધનાનિ તેષાં**
**તેષાં યશાંસિ ન ચ સીદતિ ધર્મવર્ગ:**
**ધન્યાસ્ત એવ**
**નિભૃતાત્મજભૃત્યદારા**
**યેષાં સદાભ્યુદયદા ભવતી પ્રસન્ના**

હંમેશાં જગતને અભ્યુદય આપનારા તમે તેમના પર પ્રસન્ન થાઓ છો તેઓ જ રાજ્યમાં સન્માનિત થાય છે તેમને જ ધન-સંપત્તિ અને યશ મળે છે. તેમનો જ ધર્મ ક્યારેય ક્ષીણ થતો નથી. તેમના જ પોતાના વિવેકી સંતાનો, પત્ની અને નોકર-ચાકરો ધન્ય હોય છે. (૧૪)

**ધર્મ્યાણિ દેવિ સકલાનિ સદૈવ,**
**કર્માણ્યત્યાદત: પ્રતિદિનં સુકૃતી**
**કરોતિ**
**સ્વર્ગંપ્રયાતિ ચ તતોભવતીપ્રસાદ,**
**અલ્લોક્ત્રયેડપિ ફલદા**
**નનુદેવિ તેન**

હે દેવી! પુણ્યશાળી મનુષ્ય તમારી જ કૃપાથી દરરોજ અત્યંત શ્રદ્ધાપૂર્વક બધા પ્રકારના ધર્મને અનુકૂળ કર્મો હંમેશા કરતો રહે છે અને તેના પ્રભાવથી સ્વર્ગ લોકમાં જાય છે. તેથી જ ત્રણે લોકમાં અચૂક પણે મનોવાંછિત ફળ આપનાર કહેવાઓ છો. (૧૫).

**દુર્ગેસ્મૃતા હરસિ ભીતિમશેષજન્તો:**
**સ્વસ્થૈ: સ્મૃતા મતિમતીવ શુભાં**
**દદાસિ**
**દારિદ્ર્યદુ:ખભયહારિણિ કા**
**ત્વદન્યા**
**સર્વોપકારકરણાય સદાડડર્દ્રચિત્તા**

હે દુર્ગા! તમારું સ્મરણ કરવાથી જ તમે બધા પ્રાણીઓનો ભય હરી લો છો અને સ્વસ્થ મનુષ્ય તમારું ચિંતન કરે છે, તો તેમને પરમ કલ્યાણકારી બુદ્ધિ આપો છો, દુ:ખ, દારિદ્ર અને ભયને હરનારા હે દેવી! તમારા સિવાય અન્ય કોણ છે કે જેનું ચિત્ત સૌનો ઉપકાર કરવા માટે હંમેશા દયાદ્ર જ રહ્યા કરતું હોય. પૂજ્ય બાપુ ઘણીવાર કથામાં કહે છે, કોઈપણ સ્તુતિ હોય તો એ અષ્ટક સ્વરૂપે વધુ જોવા મળે છે, અને એ સ્તુતિના આઠ લક્ષણ હોય છે, એમાંનું પહેલું લક્ષણ વિનય હોય છે. આપણે ઉપરની સ્તુતિમાં જોયું કે ઈન્દ્ર આદિ દેવતાઓ તથા ઋષિઓ મા જગતજનની જગદંબાની પ્રશંસા કરી રહ્યા છે, અને પૂર્ણપણે વાસ્તવિક ને વિનયી છે. એ સમયમાં પ્રાસંગિક હોવાથી આજે આ બધું એટલું સાચું લાગતું નથી, અને આપણને એ બધું અતિશયોક્તિ પણ લાગે. પુરાણોમાં દેવી અને અસુરોના જે સ્વરૂપનું વર્ણન છે, તે પણ આજના સમય પ્રમાણે વાસ્તવિક નથી લાગતું. એટલે કે આપણે હવે જીવને માનવ તરીકે જ ઓળખીએ છીએ, એમાં દાનવ જેવી કોઈ અલગ અભિવ્યક્તિનો અવકાશ નથી. જોકે એક વાત છે કે એ સમયનો અસુર કે દાનવનું વર્ણનને આપણે માત્ર બાહ્ય સ્વરૂપે જોઈએ તો કદાચ આજના સમયમાં એવું કોઈ નથી, પરંતુ તેનું આંતરિક સ્વરૂપ જોઈએ તો કદાચ આજે માનવ કરતા દાનવની સંખ્યા સમાજમાં વધુ જોવા મળશે, અને તેથી જ આપણને ઈન્દ્ર આદિ દેવતાઓ મા ભવાનીની ખુશામત કરતા હોય એવું લાગે. કારણ કે આપણા મનોભાવમાં આવા અસૂરો સાથેના સતત સેઈફ વ્યવહારને કારણે ખુશામતનો ભાવ હવે કાયમ ઘર કરતો જાય છે. પરંતુ એ સમયે લોકોને ભોગનું આકર્ષણ ચોક્કસ હતું, પણ એને મેળવવાનું આજ જેવું પાગલપન નહોતું. જેણે જેણે શક્તિને પોતાના કામ ભાવને કારણે પ્રતાડિત કરવાનું પાગલપન કર્યું, એને મા આદ્યશક્તિ એ સજા રૂપે પણ મુક્તિ જ આપી! કારણકે એ મા છે, એ મારીને પણ તારે જ છે. તો આપણે જેવા છીએ તેવા એની સમક્ષ નિ:સંકોચ પણે સ્પષ્ટ થઈશું, ખુલ્લાં આત્મનિવેદનો કરીશું, તો આપણા પણ લાખ ગુનાઓને માફ કરવાની શક્યતા રહેલી છે. મા જગજનની જગદંબા ખરેખર અત્યંત કૃપાળુ છે, અને આપણા મનોભાવને સમજી શકવાને સમર્થ છે, એટલે હવે મારશે કે તારશે! એ બધું વિચારવાનું છોડીને એનાં શરણે જઈ પૂર્ણપણે શરણાગત થઈને, જન્મોજન્મ એ ચરણોમાં પ્રીતિનું સ્થાન પ્રાપ્ત કરીએ. જય અંબે.

**નવ દિવસ નોરતાની તૈયારીઓ કઈ રીતે કરવામાં આવતી હોય છે, ગુજરાત તેની ગરબાની આગવી પરંપરા માટે વિશ્વભરમાં જાણીતું છે**


# કેસરિયો રંગ તને લાગ્યો રે ગરબા લાગ્યો લોલ! આસોના નવરાત્ર આવ્યા અલ્યા ગરબા આવ્યા રે લોલ!!



વિશેષ
યશપાલસિંહ ટી. વાઘેલા
(દરબાર ગઢ, થરા)

**નવરાત્રિ એટલે નવ દિવસ ચાલતો ગરબાનો મહોત્સવ મહાકવિ કાલિદાસે પણ કહ્યું છે કે ઉત્સવ પ્રિયા : ખલુ માનવા : અથાત મનુષ્ય માત્ર સ્વભાવથી ઉત્સવ પ્રિય છે, તેને વિવિધ ઉત્સવોના રંગાવું ગમતું હોય છે નવ દિવસનો ઉત્સવ એ કદાચ દુનિયાનો સૌથી લાંબો ચાલતો મહોત્સવ છે.**

નવલાં નોરતાં સડસડાટ પસાર થઈ રહયાં છે. આ વર્ષે નવેનવ નહી દશ દિવસ પુરા મળશે.આજે ચોથું નોરતું આ વર્ષે કુદરતી કૃપા પણ સારી છે રાત્રે નહી ગરમી નહીં ઠંડી જેવું આહલાદક વાતાવરણ રહેતાં ખેલૈયાઓ મનમૂકીને આનંદ કરી રહયા છે. હજુ અંબાકાકાની આગાહી શક્તિ કૃપાથી ખોટી પડી રહી છે શહેરમાં ધંધાદારી પાર્ટી પ્લોટની જમાવટનો ક્રેઝ વધ્યો તો હદય રોગનું પ્રમાણ વધ્યું છે. પરંતુ લોકો બધી રીતે ખુશ છે.. બીજું રાઝને રાઝ રહેવા દઈ માં શકિત ની આરાધના ઉપાસના જે ભાવ થી લોકો કરતાં હોય તેમને કરવા દઈ આપ આનંદ કરો. સાચી રે મારી સત ભવાનીમાં અંબા ભવાનીમાં હું તો તારી કરીશ મૈયા લાલ... નવ રાત્રિનો થનગનાટ શેરી મહોલ્લામાં શરૂ થઈ ગયો આજે નોરતુ . નવરાત્રિ એટલે નવ દિવસ ચાલતો ગરબાનો મહોત્સવ મહાકવિ કાલિદાસે પણ કહ્યું છે કે ઉત્સવ પ્રિયા : ખલુ માનવા : અથાત મનુષ્ય માત્ર સ્વભાવથી ઉત્સવ પ્રિય છે. તેને વિવિધ ઉત્સવોના રંગાવું ગમતું હોય છે નવ દિવસનો ઉત્સવ એ કદાચ દુનિયાનો સૌથી લાંબો ચાલતો મહોત્સવ છે.નાના બાળક થી માંડી આબાલવૃદ્ધ સૌ તેમાં ઉત્સાહપૂર્વક જાડાઈ મા શક્તિ પૂજાના આ પર્વને પ્રેમપૂર્વક વધાવી લેતા હોય છે. નવ દિવસ નોરતાની તૈયારીઓ કઈ રીતે કરવામાં આવતી હોય છે. ગુજરાત તેની ગરબાની આગવી પરંપરા માટે વિશ્વભરમાં જાણીતું છે. એવું કહી શકાય કે ગરબોએ ગુજરાતનું વિશ્વને સર્વશ્રેષ્ઠ પ્રદાન છે આવી રીતે નવરાત્રીના



નોરતાની ખુબજ ઉમળકાભેર આગતા સ્વાગતા કર્યા બાદ મંદિરના દ્વાર દઈ ખોલવા માટે ભક્તો માતાજીને વિનંતી કરે છે. નવરાત્રિ ઋતુ પરીવ ર્તનનો સમય છે, તેને શાસ્ત્રોમાં સંધિકાળ એટલે બે ઋતુઓનું મિલન જયારે સમગ્ર પ્રકૃ તિમાં ફેરફાર થાય.આ મોસમ માં ખાસ કરીને શિતઋતુનો પ્રભાવ પડે છે. વર્ષાઋ તુના અંત સમયમાં ચોથું શરીરની પાચન શક્તિ મંદ પડી જાય માટે છે,હાનિકારક કીટાણુ ઉત્પન્ન થાય છે.ઘી અને તેલનો દીવો પ્રગટાવવાથી તથા ઔષધીય પદાર્થોના હવનથી વાતાવરણ શુદ્ધ થાય છે હિન્દુ ધર્મશાસ્ત્રોનુસાર રંગે (૧) કાર્તિક નવરાત્રિ (૨)માઘ (મહા) નવરાત્રિ (૩) ચૈત્રી નવરાત્રિ (૪) અશ્વિન (આસો) નવ રાત્રિ એમ ચાર નવ રાત્રનો મહિમા છે તેમાં અશ્વિન માસના નવરાત્રનો મહિમા અધિક મનાય છે. નવરાત્રિ એટલે શક્તિ, માતા કે દેવીનીના આરાધનાનું પર્વ. આપણા ગુજરાતમાં શક્તિ સંપ્રદાયની મુખ્ય ત્રણ શક્તિપીઠો ગરબાની પાવાગઢ, બહુચરાજી અને અંબાજી આવેલી છે. આમ તો બારેમાસ આ યાત્રાધામો શ્રધ્ધાળુઓની આવન જાવન રહે પરંતુ ખાસ કરીને નવરાત્રીમાં તેનું મહત્વ અને મહાત્મ્ય કંઈક વિશેષ જ હોય છે આજે આપણે પણ આ નવલા નોરતાંની કોલમમાં એક ગરબાની ઝલક લઈએ.. બોલો અંબે માતની જય.. લ્યો ત્યારે બોલાવો રમઝટ.. કેસરિયો રંગ તને લાગ્યો રે ગરબા, કેસરિયો રંગ તને લાગ્યો રે લોલ આસોના નવરાત્ર આવ્યા અલ્યા ગરબા, આસોના નવરાત્ર આવ્યા રે લોલ ઝીણા ઝીણા જાળિયાં મુકાવ્યાં રે ગરબા ઝીણા ઝીણા જાળિયાં મુકાવ્યા રે લોલ કંકુના સાથિયા પુરાવ્યા રે ગરબા, કંકુના સાથિયા પુરાવ્યા રે લોલ કોના કોના માથે ત્યાં રે ગરો, કોના કોના માથે ત્યા રે લોલ નાની નાની બેનડીના માથે રે ગરબો, નાની નાની બેનડીના માથે રે લોલ કેસરિયો રંગ તને લાગ્યો રે ગરબા, કેસરિયો રંગ તને લાગ્યો રે લોલ ઘૂમતો ઘૂમતો આવ્યો કે ગરબો, ઘૂમતો ઘૂમતો આવ્યો રે લોલ હરતો ને ફરતો આવ્યો રે આરાસુર, હરતો ને ફરતો આવ્યો રે લોલ મા અંબાએ તને વધાવ્યો રે ગરબા, મા અંબાએ તને વધાવ્યો રે લોલ હરતો ને ફરતો આવ્યો રે પાવાગઢ, હરતો ને ફરતો આવ્યો રે લોલ મા કાળીએ તને વધાવ્યો રે ગરબા,મા કાળીએ તને વધાવ્યો રે લોલ હરતો ને ફરતો આવ્યો માટેલ ગામ, હરતો ને ફરતો આવ્યો રે લોલ મા ખોડિયારે તને વધાવ્યો રે ગરબા, મા ખોડિયારે તને વધાવ્યો રે લોલ હરતોને ફરતો આવ્યો શંખલપુર, હરતોને ફરતો આવ્યો રે મા બહુચરે તને વધાવ્યો રે ગરબા, મા બહુચરે તને વધાવ્યો રે લોલ કેસરિયો રંગ તને લાગ્યો રે ગરબા કેસરિયો રંગ તને લાગ્યો રે, તો ફાલ્ગુની પાઠક જેવા કલાકારો ઈંધણા વીણવા ગઈ'તી મોરી સૈયર ... ઈંધણા વીણવા ગઈ'તી રે લોલ વેળા બપોરની થઈ'તી મોરી સૈયર, વેળા બપોરની થઈ'તી રે લોલ.ચૈતરનું આભ સાવ સુનું સુનું તોયે કંઈથી કોકિલ કંઠ બોલે રે લોલ વનની વનરાઈ બધી નવલી તે કુંપળે દખ્ખણને વાયરે ડોલે રે લોલ.જેની તે વાટ જોઈ રઈ'તી મોરી સૈયર. તેની સંગાથે વાટ વઈ'તી રે લોલ. સુકી મેં વીણી કંઈ ડાળીને ડાખળી સુકા અલૈયા ને વીણ્યા રે લોલ લીલી તે પાંદળીમાં મેહકંતા ફૂલ બે મારે અંબોડલે સોહ્યા રે લોલ. વસ્ત્રક્ત વહેણમા ન'ઈતી મોરી સૈયર વસ્ત્રક્ત વહેણમા ન'ઈતી રે લોલ.ઈંધણા વીણવા ગઈ'તી મોરી સૈયર ... ઈંધણા વીણવા ગઈ'તી રે લોલ વેળા બપોરની થઈ'તી મોરી સૈયર, વેળા બપોરની થઈ'તી રે લોલ. વાચક ચાહક મિત્રો આપણે નવરાત્રીનો આનંદ આરાધના ઉપાસના ગરબા સાથે લઈ રહયા છીએ ત્યારે આજે ચોથું નોરતું છે. માં શક્તિના ચાચર ચોકમાં વિવેક પૂર્વક ગરબામાં રમઝટ બોલાવી ખુશ રહો.

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૫૦૯૯૨

# સુરેખાએ નાગા ચૈતન્ય અને સામન્થાના છૂટાછેડા પર ફરીથી ટિપ્પણી કરી



તેલંગાણાના પર્યાવરણ મંત્રી અને કોંગ્રેસ નેતા કોંડા સુરેખાના ચોંકાવનારા નિવેદનો બાદ નાગા ચૈતન્ય અને સામંથા રૂથ પ્રભુના છૂટાછેડા ફરી ચર્ચાનો વિષય બન્યા છે. સુરેખાએ અગાઉ કહ્યું હતું કે કેટી રામારાવ ઉર્ફે કેટીઆરના કારણે આ દંપતી અલગ થઈ ગયું હતું. સામંથા અને ચાયએ આ ટીપ્પણીઓ પર આકરી પ્રતિક્રિયા આપી અને કોંગ્રેસના નેતાની પણ નિંદા કરી. બાદમાં તેણીએ પોતાના નિવેદનો પરત લીધા હતા. જો કે, ત્યાં અન્ય અપડેટ છે. નાગા ચૈતન્ય અને સામંથા રૂથ પ્રભુના છૂટાછેડા પરના તેના નિવેદનો પાછા લીધાના થોડા કલાકો પછી , કોંડા સુરેખાએ વધુ ચોંકાવનારા દાવા કર્યા છે. પરંતુ આજદિન સુધી કોઈને ખબર નથી કે આ કપલ કેમ અલગ થઈ ગયું. તેણીએ પ્રશ્ન કર્યો, "શું તેઓએ તેના પર સ્પષ્ટતા પણ કરી? મેં જે પણ કહ્યું છે, તે ફિલ્મ ઉદ્યોગના અમારા આંતરિક સ્ત્રોતો પર આધારિત છે." આગળ, કોંગ્રેસ નેતાએ કહ્યું કે તેણીએ ગુસ્સામાં પ્રતિક્રિયા આપી હશે, પરંતુ તેણીએ જે કહ્યું તે સત્ય છે. રાજકારણીના મતે, તેણીએ કંઈપણ છુપ ાવ્યું નથી અને તે કેટીઆરને છોડશે નહીં. આ નિવેદન તેણીની માફીના થોડા કલાકો બાદ આપવામાં આવ્યું છે. રાજનેતાએ અગાઉ કહ્યું હતું કે, "મારે તેમની (કેટી રામારાવ) ટીકા કરવી પડી હતી. મારે કોઈની સાથે કોઈ અંગત દુશ્મનાવટ નથી. પરિવારનું નામ લેવું અજાણતા હતું." સામંથા અને ચાય બંનેએ તેની ટિપ્પણીને સરવા ન દીધી. બંનેએ કોંડા સુરેખાના દાવા પર સખત પ્રતિક્રિયા આપી અને તેમના છૂટાછેડા અંગે અટકળો કરવા બદલ તેણીની નિંદા કરી. ભૂતપૂર્વ દંપતીએ ઉલ્લેખ કર્યો કે તેમના છૂટાછેડા પરસ્પર શરતો પર થયા છે અને લોકોને અનુરોધ ન કરવા વિનંતી કરી છે. ચાયના પિતા નાગાર્જુન અક્કીનેનીએ કોંગ્રેસના નેતા વિરુદ્ધ ફરીથી ફોજદારી અને માનહાનિનો કેસ દાખલ કર્યો. તેણે તેણીની નિંદા કરી અને કહ્યું કે તેણીએ "તમારા વિરોધીઓની ટીકા કરવા માટે રાજકારણથી દૂર રહેતા મૂવી સ્ટાર્સના જીવનનો ઉપયોગ ન કરવો જોઈએ." બાદમાં, લાલ સિંહ ચડ્ઢા સ્ટારે તેમની વિરુદ્ધ કરવામાં આવેલી કાનૂની કાર્યવાહીનો દસ્તાવેજ શેર કર્યો. જુનિયર એનટીઆર, અલ્લુ અર્જુન, નાની, ચિન્મયી શ્રીપદા અને અન્ય જેવા ઘણા સ્ટાર્સ તેમના સમર્થનમાં બહાર આવ્યા હતા.

# બિગ બોસ ૧૮: ઘરનો ફર્સ્ટ લૂક!

## નિર્માતાઓએ તાજેતરમાં ઘરની ઝલક શેર કરી છે અને ચાહકો થીમ સાથે ઉત્સાહિત

બિગ બોસ સીઝન ૧૮ ખૂણેખૂણે છે અને ચાહકો તેના માટે પહેલેથી જ ઉત્સાહિત છે. શોના નિર્માતાઓએ તાજેતરમાં આ સીઝન માટે ઘરની ઝલક શેર કરી છે. JioCinemaએ શનિવારે એક મિનિટ લાંબી ક્લિપ પોસ્ટ કરી અને વિડિયો બગીચાના વિસ્તારની ઝલક સાથે શરૂ થયો. ઠીક છે, ઘરને કોતરેલા થાંભલાઓ અને પ્રવેશદ્વારો સાથે કિલ્લાની જેમ જ વિવિધ વિભાગોમાં વહેંચવામાં આવ્યું છે. આ વિસ્તારમાં વિવિધ પ્રાણીઓની વિવિધ પ્રતિમાઓ રાખવામાં આવી છે. આ વિસ્તારમાં એક સ્વિમિંગ પૂલ છે જે તેની બાજુમાં પથ્થરની ડેક સાથે મૂકવામાં આવ્યો છે. બિગ બોસ સીઝન ૧૮ના ઘર માટે આ વખતે ગુફા જેવી થીમ બનાવવામાં આવી છે. વસવાટ કરો છો વિસ્તારમાં છત પરથી ઘણી ઘંટડીઓ લટકાવવામાં આવે છે અને પથારીની નજીકની દિવાલો ફૂલો અને પાંદડાઓથી શણગારવામાં આવે છે. આ સિઝનમાં એક જેલ છે જે સફેદ દિવાલો અને પથારીવાળી પ્રાચીન ગુફા જેવી છે. અહીં એક બાથરૂમ છે જે સુંદર રીતે ટર્કિશ હમ્મામની જેમ ડિઝાઈન કરવામાં આવ્યું છે. વીડિયોને કેપ્શન આપવામાં આવ્યું છે કે, '...દેખતે હૈ બિગ બોસ ૧૮ કે ઘર કા ફર્સ્ટ લુક. બિગ બોસ સીઝન ૧૮ સલમાન ખાન હોસ્ટ કરશે અને રિયાલિટી શો ૬ ઓક્ટોબરથી પ્રસારિત થશે. સલમાને ૮ પર બિગ બોસ ૧૮ નો પ્રોમો શેર કર્યો અને ટાઈમ કા તાંડવ થીમ જાહેર કરી. તેણે વિડિયોને કૅપ્શન આપ્યું હતું કે, '૬ઠ્ઠી ઑક્ટોબર જલ્દ્દ જકલર્સટીવી શરૂ થતા બિગ બૉસ જુઓ'. ચાહકો નવી સીઝન જોવા માટે આતુરતાથી રાહ જોઈ રહ્યા છે. ખતરોં કે ખિલાડી ૧૪ ના હોસ્ટ રોહિત શેટ્ટીએ નિયા શર્માને બિગ બોસ ૧૮ માટે કન્ફર્મ કરાયેલી સ્પર્ધકોમાંની એક તરીકે રજૂ કરી હતી. બિગ બોસ ૧૮ની ટીમે હોસ્ટ સલમાન ખાનના કેટલાક ફોટા શેર કર્યા છે, જે શોના મૂડમાં આવવા માટે તૈયાર છે. બિગ બોસ ૧૮ આ અઠવાડિયે પ્રીમિયર માટે તૈયાર છે. સલમાન ખાન યજમાન તરીકે પરત ફરી રહ્યો છે અને ફરીથી, તે અમને વધુ મનોરંજન અને નાટક સાથે ચીડવે છે. 'ટાઈમ કા તાંડવ' થીમ સાથે, નિર્માતાઓ શોમાંથી શું અપેક્ષા રાખે છે તેના પર રહસ્ય અકબંધ રાખે છે. પરંતુ સારું, એ જાણવા માટે આપણે વધુ રાહ જોવી પડશે નહીં. અમે આશા રાખી શકીએ છીએ કે નવી સીઝન જોવા માટે ખૂબ જ રોમાંચક છે,



જેમ બિગ બોસ્ર્ ૩ હતું. બિગ બોસ ૧૮ ના સેટ પરથી સલમાન ખાનની કેટલીક તસવીરો બહાર આવી છે. યજમાન સ્ટેજ સંભાળી લીધું છે અને તે જે શ્રેષ્ઠ કરે છે તે કરવા માટે તૈયાર છે. તો સલમાન ખરેખર શું શૂટિંગ કરી રહ્યો છે? અમે શોધવા માટે રાહ જોઈ શકતા નથી. પરંતુ મેકર્સ શો વિશે કેટલાક મજેદાર પ્રોમો સાથે અમને ચીડવે છે. તો શું તે પ્રોમો છે? સારું, ચેનલ વધુ અપડેટ્સ શેર કરે ત્યાં સુધી રાહ જોઈએ. બિગ બોસ ૧૮ માં આવતા, શોના વફાદાર ચાહકો એ જાણવા માટે રાહ જોઈ શકતા નથી કે સ્પર્ધકો કોણ છે. જ્યારે ખતરોં કે ખિલાડી ૧૪ ના હોસ્ટ રોહિત શેટ્ટીએ નિયા શર્માનો પરિચય સ્પર્ધકોમાંના એક તરીકે કર્યો હતો, બાકીના હજુ પણ રહસ્ય છે. કલર્સ ટીવી કેટલાક સ્પર્ધકોના પ્રોમોઝને સમજદારીપૂર્વક રજૂ કરી રહ્યું છે જે મુખ્ય સંકેતો છોડીને પોતાનો પરિચય આપે છે. ટિપ્પણીઓમાં, ચાહકો અનુમાન કરવાનો પ્રયાસ કરી રહ્યા છે કે તેઓ કોણ છે. બિગ બોસ ૧૮ કલર્સ ટીવી પર ૬ ઓક્ટોબર, ૨૦૨૪ના રોજ પ્રીમિયર માટે તૈયાર છે. પહેલો એપિસોડ રાત્રે ૯ વાગ્યે પ્રસારિત થશે. તે પ્રીમિયર દરમિયાન છે કે અમને આખરે કહેવામાં આવશે કે બધા સ્પર્ધકો કોણ છે. સલમાન ખાનની વાત કરીએ તો, અભિનેતા તેની એક્શન થ્રિલર ફિલ્મ સિકંદરનું શૂટિંગ કરી રહ્યો છે. તાજેતરમાં, તેણે એક્શનથી ભરપૂર ભૂમિકા માટે તેની તૈયારી કરતા સેટ પરથી એક ફોટો પડાવ્યો. એઆર મુરુગાદોસ દ્વારા નિર્દેશિત, આ ફિલ્મમાં રશ્મિકા મંદન્ના અને સત્યરાજ પણ મુખ્ય ભૂમિકામાં છે. તે આવતા વર્ષે ઈદ દરમિયાન સિનેમાઘરોમાં આવશે. આજે તેની બીજી એક્શન ફિલ્મ કિક ૨નો પહેલો ફોટો પડતો મુકાયો હતો. તે તેની ૨૦૧૪ની બ્લોકબસ્ટર ફિલ્મ કિકની સિક્વલ છે. સાજિદ નડિયાદવાલા ફિલ્મનું નિર્દેશન કરશે.

# ભારતી અને એલ્વિશને દિલ્હી પોલીસે રૂ.૫૦૦ કરોડના ઓનલાઈન ફ્રોડ મામલે સમન્સ પાઠવ્યા



એલ્વિશ યાદવ અને કોમેડિયન ભારતી સિંહને દિલ્હી પોલીસે સમન્સ પાઠવ્યા છે. આ બંનેને ૫૦૦ કરોડ રૂપિયાની ઓનલાઈન છેતરપિંડી મામલે સમન્સ મોકલવામાં આવ્યા છે. બંનેની સાથે, પોલીસે કૌભાંડ સાથે જોડાયેલા અન્ય ત્રણને પણ સમન્સ પાઠવ્યા છે. ગુરુવારે એક અધિકારીએ તેના વિશે ચોંકાવનારી વિગતો શેર કરી છે. અહેવાલો અનુસાર, તેમના પ્લેટફોર્મ પર HIBOX નામની એપ્લિકેશનને પ્રમોટ કરવા બદલ તેમની અને અન્ય સોશિયલ મીડિયા અને YouTube પ્રભાવકો વિરુદ્ધ ૫૦૦ થી વધુ ફરિયાદો દાખલ કરવામાં આવી હતી. આ સ્કેમર્સ લોકોને HIBOX માં રોકાણ કરવા માટે પ્રોત્સાહિત કરતા હતા. ઈન્ટેલિજન્સ ફ્યુઝન એન્ડ સ્ટ્રેટેજિક ઓપરેશન્સ (IFSO)માં ૨૯ પીડિતો દ્વારા ૧૬ ઓગસ્ટના રોજ ફરિયાદો દાખલ કરવામાં આવી હતી, પોલીસે ૩૦ વર્ષીય ચેન્નાઈના રહેવાસી શિવરામની પણ ધરપકડ કરી હતી જે મોટા પાયે છેતરપિંડીનો મુખ્ય આરોપી છે. પોલીસે તેના ચાર બેંક ખાતામાંથી ૧૮ કરોડ રૂપિયા જપ્ત કર્યા છે. ફરિયાદમાં ભારતી સિંહ, એલ્વિશ યાદવ, હર્ષ લિમ્બાચિયા, આદર્શ સિંહ, દિલરાજ સિંહ રાવત, અભિષેક મલ્હાન, સૌરવ જોશી, પુરવ ઝા અને લક્ષ્ય ચૌધરી જેવા પ્રભાવકો અને લોકપ્રિય વ્યક્તિઓના નામ છે. પોલીસોએ ખુલાસો કર્યો કે શિવરામે તેમને દરરોજના રોકાણના ૫ ટકા વળતરનું વચન આપ્યું હતું, જે દર મહિને ૩૦ થી ૯૦ ટકા સુધી બદલાઈ શકે છે. આ એપ આ વર્ષે ફેબ્રુઆરીમાં લોન્ચ કરવામાં આવી હતી અને ઓછામાં ઓછા ૩૦,૦૦ લોકોનું રોકાણ મેળવ્યું છે. ઘણા મનોરંજન સમાચાર પોર્ટલ દ્વારા અહેવાલ મુજબ, ડેપ્યુટી કમિશનર ઓફ પોલીસ (IFSO સ્પેશિયલ સેલ) હેમંત તિવારીએ જણાવ્યું હતું કે, "HIBOX એ એક મોબાઈલ એપ્લિકેશન છે જે સાવચેતીપૂર્વક આયોજિત કૌભાંડનો ભાગ છે. સામેલ કંપનીઓ ઉત્તર પ્રદેશના નોઈડામાં તેમની ઓફિસ બંધ કર્યા પછી ગાયબ થઈ ગઈ હતી.

### મિત્રો સાથે બહાર જમવા જવાનું કે વોક પર જવાનું તૃપ્તિ માટે શક્ય નથી

# તૃપ્તિ લોકપ્રિય થઈ, પણ આઝાદી ગુમાવી

તૃપ્તિ ડિમરીને સંદીપ રેડ્ડી વાંગાની રણબીર કપૂર સાથે આવેલી ફિલ્મ 'એનિમલ'થી અચાનક ખુબ લોકપ્રિયતા મળી છે. ત્યારથી તેની ગણતરી સફળ અભિનેત્રી તરકે થવા લાગી છે. આ પહેલાં પણ તેણે ફિલ્મોમાં કામ કર્યું છે, પણ આ ફિલ્મથી તે ઘર ઘરમાં જાણીતી બની ગઈ છે. તાજેતરના એક ઈન્ટરવ્યૂમાં તૃપ્તિએ કહ્યું હતું કે લોકપ્રિયતાએ તેના જીવન પર કેવી અસર કરી છે. તેને લોકપ્રિયતા જોઈતી હતી પરંતુ તેનાથી તેની આઝાદી છીનવાઈ ગઈ છે. મિત્રો સાથે બહાર જમવા જવાનું કે વોક પર જવાનું તૃપ્તિ માટે શક્ય નથી તૃપ્તિએ કહ્યું કે પહેલા તેને વૉકિંમાં જવું અને મિત્રો સાથે કોઈ ચિંતા વિના સમય ગાળવો ગમતો હતો. પરંતુ હવે પરિસ્થિતિ બદલાઈ ગઈ છે. હવે તેને પહેલાં જેવી આઝાદી અનુભવાતી નથી. તેના માટે આ લોકપ્રિયતા નવી છે, તેથી તે હજુ પણ એ પરિવર્તન સાથે એડજસ્ટ થવાની કોશિશ કરી રહી છે. કારણ કે તે પોતાના અંગત સમયનું મૂલ્ય સમજે છે. તૃપ્તિએ કહ્યું હતું કે તે કાર્ટર રોડ પર વૉક માટે જતી અને બહાર જમવા જતી હતી. આ બધું કરવું હવે તેના માટે શક્ય નથી. હવે તેને દરેક જગ્યાએ બહુ ધ્યાન રાખવું પડે છે, તેથી તે પહેલાંની સ્થિતિ બહુ મિસ કરે છે. બાકી તો બધું ઘણું સારું ચાલી રહ્યું છે. તેના માટે આ લોકપ્રિયતા નવી છે પરંતુ તેના માટે આ લોકપ્રિયતા નવી છે, તૃપ્તિએ કહ્યું કે તેણે ગયા વર્ષે ચાર ફિલ્મોમાં કામ કર્યું હતું, તેથી તેને પોતાની જાત માટે થોડો સમય કાઢવાની જરૂર હતી. તેણે કહ્યું હતું કે સકક એકસાથે ઘણા લોકો સાથે કામ કરીને તમે માનસિક અને શારીરિક બંને રીતે થાકી જાઓ છો. થોડા દિવસોમાં તૃપ્તિની 'વિકી ઔર વિદ્યા કા વો વાલા વીડિયો' રિલીઝ થશે. ત્યાર બાદ તે આલિયા ભટ્ટની સામે 'જિગરા'માં જોવા મળશે, જેમાં તેની સાથે વેદાંગ રૈના પણ હશે. ત્યાર બાદ તેની 'ભૂલભુલૈયા ૩' દિવાળી પર આવશે.



### ૩-૪ અઠવાડિયા સુધી તેમને હજુ આરામ કરવો પડશે

# એક્ટર ગોવિંદાને હોસ્પિટલમાંથી રજા આપવામાં આવી, પગમાં વાગી હતી ગોળી

## ગોવિંદાજી હાલમાં ફિઝિયોથેરાપી અને એક્સરસાઇઝ કરાવે છે, તે હવે ઠીક છે



અભિનેતા અને શિવસેનાના નેતા ગોવિંદાને મુંબઈમાં ક્રિટીકેર એશિયામાંથી રજા આપવામાં આવી છે. ઉલ્લેખનીય છે કે, આકસ્મિક રીતે તેમની જ રિવોલ્વરથી પગમાં ગોળી વાગી જતાં તેમને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. અભિનેતા અને શિવસેનાના નેતા ગોવિંદાએ જણાવ્યું કે, હું દરેકની પ્રાર્થના માટે આભાર માનું છું. હું સીએમ શિંદે, પોલીસ અને પ્રેસનો આભાર માનું છું. મારા માટે આટલી પ્રાર્થના કરવા બદલ હું ખાસ કરીને મારા ચાહકોનો આભાર માનું છું. હું તેમના પ્રેમ માટે મારા હૃદયના તળિયેથી તેમનો આભાર માનું છું. ઉલ્લેખનીય છે કે, ૧ ઓક્ટોબરે પગમાં ગોળી વાગતાં તેમને મુંબઈની ક્રિટી કેર હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. સર્જરી બાદ ગોવિંદાના પગમાંથી ગોળી કાઢી નાખવામાં આવી હતી અને તેને ICUમાં રાખવામાં આવ્યા હતા. ગોવિંદાને મળવા માટે ઘણા ફિલ્મ સ્ટાર્સ હોસ્પિટલ પહોંચ્યા હતા. આ સમાચાર મળતા જ પત્ની સુનીતા પણ તરત જ ગોવિંદા પાસે પહોંચી હતી. ક્રિટીકેર એશિયા હોસ્પિટલના ડો. રમેશ અગ્રવાલે ગોવિંદાના સ્વાસ્થ્ય વિશે જણાવ્યું હતું કે અભિનેતાને ત્રણ-ચાર અઠવાડિયા સુધી આરામ કરવાની સલાહ આપવામાં આવી છે.

# શહેનાઝ ગિલ કહે છે કે તે સિદ્ધાર્થ શુક્લા વિશે પઝેસિવ હતી, 'જો કોઈ એવું હોય તો...'

**બિગ બોસની ભૂતપૂર્વ સ્પર્ધક** તેના મૃત્યુથી શહેનાઝ સંપૂર્ણપણે બરબાદ થઈ ગઈ હતી


શહેનાઝ ગિલ અને સિદ્ધાર્થ શુક્લા બિગ બોસ ૧૩ માં મળ્યા હતા. સહ-સ્પર્ધકથી લઈને સારા મિત્રો સુધી, બંને એકબીજાની ખૂબ નજીક આવી ગયા હતા. ઘણીવાર, તેમના ચાહકોને આશ્ચર્ય થાય છે કે શું તેઓ ડેટિંગ કરી રહ્યા છે. પરંતુ શહેનાઝ અને સિદ્ધાર્થ હંમેશા આ અહેવાલો વિશે મૌન રાખતા હતા. તેઓએ ક્યારેય પુષ્ટિ કરી નથી કે તેઓએ સાથે હોવાનો ઈનકાર કર્યો નથી. એક મુલાકાતમાં, ગીલે શુક્લા સાથેના તેના સમીકરણ વિશે ખુલાસો કર્યો હતો. ફન વિથ ફરાહ પર ફરાહ ખાન સાથે વાત કરતી વખતે, શહેનાઝ ગિલે ખુલાસો કર્યો કે તે દિવંગત અભિનેતાની ખૂબ જ માલિકી ધરાવે છે. અભિનેત્રીએ ખુલાસો કર્યો કે દેખાવથી તેના માટે કોઈ ફરક પડતો નથી પરંતુ તેને ગર્લફ્રેન્ડ તરીકે ઈર્ષ્યા થાય છે અને તે અત્યંત સ્વભાવની છે. તેણીએ ખુલાસો કર્યો હતો કે તે સિદ્ધાર્થ શુક્લાની ખૂબ જ માલિકી ધરાવે છે. શહેનાઝે ખુલાસો કર્યો, "મેં પૉઝેસિવ હતી, ક્યૂકી ભાઈ વો હેન્ડસમ ભી તો તે (કારણ કે તે હેન્ડસમ હતો). જો કોઈ વ્યક્તિ આટલી સુંદર દેખાતી હોય, તો તે અસુરક્ષિત અને સ્વાભાવિક લાગે તે સ્વાભાવિક છે." વધુમાં, અભિનેત્રીએ જણાવ્યું હતું કે જીવનસાથી તરીકે, તે એકદમ વફાદાર છે અને તે જ માણસ સાથે તેના જીવનની કલ્પના કરવા માંગે છે. બિગ બોસની ભૂતપૂર્વ સ્પર્ધકે કહ્યું કે તે ભવિષ્યમાં લગ્ન કરવાનું પસંદ કરશે. તો તે કયા પ્રકારનો માણસ શોધી રહી છે? ગિલે એક માણસમાં તે જે લક્ષણો ઈચ્છે છે તે જાહેર કર્યું, તેણે કહ્યું કે તે એવી વ્યક્તિ ઈચ્છે છે જે "આર્થિક અને વ્યવસાયિક બંને રીતે સમાન હોય." સિદ્ધાર્થ શુક્લા અને શહેનાઝ ગિલના ચાહકો તેમને સિદનાઝ તરીકે સંબોધતા હતા. દુર્ભાગ્યે, સિદ્ધાર્થનું ૨૦૨૧ માં ૪૦ વર્ષની ઉંમરે કાર્ડિયાક અરેસ્ટને કારણે અવસાન થયું.



# ભારતીય સૈન્ય છોડવા માટે મજબૂર થયા

## ખલનાયકની ભૂમિકાઓ માટે જાણીતા અભિનેતા, બાદમાં EDમાં જોડાયા, દૂર થઈ ગયા

આ મલયાલમ અભિનેતા ખૂબ જ લોકપ્રિય હતો અને કેટલીક અવિશ્વસનીય ફિલ્મોનો ભાગ રહ્યો છે. તેણે પોતાના કરિયરમાં ૩૦૦ થી વધુ ફિલ્મોમાં કામ કર્યું છે. અભિનેતાએ આમાંની ઘણી મોટી દક્ષિણ ભારતીય હિટ ફિલ્મોમાં આઈકોનિક વિલનની ભૂમિકા ભજવી છે. મલયાલમ ફિલ્મોની સાથે તેણે તમિલ અને તેલુગુ ફિલ્મોમાં પણ કામ કર્યું છે. અભિનેતા બનતા પહેલા, તેણે સ્પર્ધાત્મક પરીક્ષાઓ આપી અને ઉડતા નંબરો સાથે પાસ થઈ. પરંતુ તેના પગમાં થયેલી ઈજાએ તેનું જીવન બે વખત બદલી નાખ્યું. તિરુવનંતપુરમની ગવર્નમેન્ટ આર્ટસ કૉલેજમાં તેમનું શિક્ષણ પૂરું કર્યા પછી, આ મલયાલમ અભિનેતા જ્યારે ૨૦ વર્ષનો હતો ત્યારે ભારતીય સૈન્યમાં જોડાયો હતો. અભિનેતાને તેના માટે ભરતી પણ કરવામાં આવી હતી. દુઃખની વાત એ છે કે રમત રમતી વખતે તેને પગમાં ઈજા થઈ હતી, જેના કારણે તેનું આર્મીમેન બનવાનું સપનું અધૂરું રહી ગયું હતું. પરંતુ તે તેને મોટા સપના જોવા માટે રોકી શક્યો નહીં. સ્પર્ધાત્મક પરીક્ષાઓ પાસ કર્યા પછી, તે કસ્ટમ વિભાગમાં જોડાયો અને કેરળ પોલીસ માટે સબ-ઈન્સ્પેક્ટરની પરીક્ષામાં પણ બીજો ક્રમ મેળવ્યો. પરંતુ તેણે કસ્ટમ્સ સાથેનું તેમનું કામ બંધ કરી દીધું અને એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટમાં આસિસ્ટન્ટ એન્ફોર્સમેન્ટ ઓફિસર (AEO) તરીકે જોડાયા. અમે જે અભિનેતા વિશે વાત કરી રહ્યા છીએ તે લોકપ્રિય મલયાલમ સ્ટાર મોહન રાજ ઉર્ફે કીરીકાદન જોસ છે. AEO તરીકે કામ કરતી વખતે, તેમણે ફિલ્મ ઉદ્યોગમાં પ્રવેશવાનો નિર્ણય લીધો. અભિનેતાએ વર્ષ ૧૯૮૮માં મૂનમ મુરા ફિલ્મથી તેની શરૂઆત કરી હતી. જ્યારે તેની ફિલ્મી સફર શરૂ થઈ ત્યારે રાજ ૩૦ના દાયકાના મધ્યમાં હતો. તેણે નરસિમ્હા નાયડુ, રાઘવેન્દ્ર, ચંદ્રમુખી, રાઉડી ઈન્સ્પેક્ટર, ધર્મ વગેરે જેવી ઘણી લોકપ્રિય ફિલ્મોમાં કામ કર્યું છે. મોહન રાજને ચાર ભાઈઓ હતાઃ ચંદ્ર, શિવપ્રસાદ, જયકુમાર અને પ્રેમલાલ. તેમણે ઉષા સાથે લગ્ન કર્યા અને તેમને જૈશ્મા અને કાવિયા નામની બે પુત્રીઓ છે. થોડા વર્ષો પહેલા મોહનને તેલુગુ ફિલ્મમાં સ્ટંટ કરતી વખતે તેના પગમાં ફરી ઈજા થઈ હતી.



**૩૦૦થી વધુ ફિલ્મોમાં કામ કરનાર લોકપ્રિય મલયાલમ સ્ટારનું આજે નિધન, ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં આવતા પહેલા તેણે કસ્ટમમાં કામ કર્યું છે**

# શક્તિ સંધ્યા રાસ-ગરબા સિઝન ૨ : ગુજરાતી ફિલ્મ કર્મા વોલેટના કલાકારોએ હાજરી આપી







। અમદાવાદ, તા.૫ ।

શહેરના ગરબા પ્રેમીઓ માટે આ વર્ષે ડિજિટલ ડાઈવ એન્ટરટેઈનમેન્ટ ફરી એકવાર ખૂબજ આતુરતાથી રાહ જોવાતા શક્તિ સંધ્યા રાસ-ગરબા સિઝન ૨ લઈને આવી ગયું છે. પ્રમુખ સ્વામી મહોત્સવ ગ્રાઉન્ડ, ઓગણજ ચાર રસ્તા પાસે, સરદાર પટેલ રિંગ રોડ ખાતે આ ભવ્ય સાંસ્કૃતિક મહોત્સવ ગરબા પ્રેમીઓ માટે યોજાયો છે.

આ નવરાત્રી મહોત્સવમાં પ્રસિદ્ધ ગુજરાતી સિંગર દિવ્યા ચૌધરી તેમના મધુર અવાજ અને વાઈબ્રન્ટ ઉપસ્થિતિ સાથે પારંપરિક ગરબાની પ્રસ્તુતિ કરી રહ્યા છે, જે લાઈવ ગરબા અને રાસના માધ્યમથી માં દુર્ગાની આરાધનાનો એક અવિસ્મરણીય અનુભવ પ્રદાન કરે છે.

આ ગરબા મહોત્સવમાં ગુજરાતી ફિલ્મ કર્મા વોલેટના કલાકારો તુષાર સાધુ અને જય પંડ્યાએ હાજરી આપી અને ખેલૈયાઓ સાથે મન મૂકી ને ગરબે ઝૂમ્યા હતા ૧૦૦૦૦ થી વધારે ખેલૈયાઓની કેપેસીટી ધરાવતા આ ગ્રાઉન્ડમાં નવરાત્રી મહોત્સવમાં રોજેરોજ હજારો ની સંખ્યામાં ખેલૈયાઓ મન મૂકીને નાચી રહ્યા છે અને ગરબાની મોજ માણી રહ્યા છે.

# તેલાવ ગામમાં છેલ્લા એક વર્ષમાં જન્મેલ દીકરીઓના વાલીઓની ડોર ટુ ડોર મુલાકાત લેવામાં આવી



। (માહિતી) અમદાવાદ, તા.૫ ।

અમદાવાદ જિલ્લા મહિલા અને બાળ અધિકારીની કચેરી હેઠળ કાર્યરત સંકલ્પ-હબ ફોર એમ્પાવર્મેન્ટ ઑફ વિમેન ટીમ દ્વારા સાણંદ તાલુકાના તેલાવ ગામમાં આવેલ આંગણવાડી કેન્દ્ર, પ્રાથમિક શાળા તેમજ ગ્રામ પંચાયતની મુલાકાત કરવામાં આવી હતી. સંકલ્પ ટીમ દ્વારા તેલાવ ગામમાં છેલ્લા એક વર્ષમાં જન્મેલ દીકરીઓના વાલીઓની ડોર ટુ ડોર મુલાકાત લઈ પાત્રતા ધરાવતી દીકરીઓ માટે વ્હાલી દીકરી યોજના અંતર્ગત જરૂરી માહિતી અને માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું.

# પશ્ચિમ રેલવે એ રેકોર્ડ સમયમાં ઉત્પાદકતા થી જોડાયેલ બોનસ (PLB) ની ૧૦૦% ચુકવણી કરી

। અમદાવાદ, તા.૫ ।

પશ્ચિમ રેલ્વે એ જાહેરાત કરતાં ગર્વ અનુભવે છે કે તેણે રેલ્વે બોર્ડની જાહેરાતના ૨૪ કલાકમાં તમામ પાત્ર કર્મચારીઓને એટલે કે લગભગ ૮૫,૦૦૦ નોન-ગેઝેટેડ કર્મચારીઓને ૧૪૩ કરોડ રૂપિયાના ઉત્પાદકતા થી જોડાયેલ બોનસ (PLB)ની ૧૦૦% ચુકવણી સફળતાપૂર્વક પૂર્ણ કરી છે.

પશ્ચિમ રેલવે ના મુખ્ય જનસંપર્ક અધિકારી શ્રી વિનીત અભિષેક દ્વારા જારી કરવામાં આવેલી પ્રેસ રીલીઝ મુજબ, પશ્ચિમ રેલ્વેમાં કામ કરતા દરેક એટલેકે લગભગ ૮૫,૦૦૦ નોન-ગેઝેટેડ કર્મચારીઓને ઉત્પાદકતા થી જોડાયેલ બોનસ (PLB)વિતરણ કરવામાં આવ્યું છે. આ ઉત્કૃષ્ટ સિદ્ધિ એ છ મંડળો,તમામ કારખાનાઓ,એકમો અને હેડક્વાર્ટરના અધિકારીઓ અને કર્મચારીઓની અતૂટ પ્રતિબદ્ધતા અને અથાક પ્રયત્નોનો પુરાવો છે, જેમણે નિર્બાધ વિતરણ સુનિશ્ચિત કરવા માટે એકાઉન્ટ્સ વિભાગ સાથે સંપૂર્ણ સંકલનમાં કામ કર્યું હતું. પશ્ચિમ રેલવેની આ સિદ્ધિ તેના કર્મચારીઓની પ્રતિબદ્ધતા અને તેમના કલ્યાણને પ્રાથમિકતા આપવાના સંકલ્પને રેખાંકિત કરે છે.

# સામાજિક વનીકરણ વિભાગ નવસારી સૂપા રેન્જ દ્વારા 'વાઇલ્ડ લાઇફ ફોટોગ્રાફિ એક્ઝીબીશન'નો ભવ્ય શુભારંભ

। અમદાવાદ, તા.૫ ।

રાજ્ય સરકાર દ્વારા યોજાઈ રહેલ વન્યપ્રાણી સપ્તાહની ઉજવણીના ભાગરૂપે લોકોમાં વન્યપ્રાણી સંરક્ષણ અને સંવર્ધન અંગે જાગૃતિ વધે તથા બાળકો, વિધાર્થીઓ, પ્રકૃતિ પ્રેમીઓ સહિત નાગરિકો વન્ય પ્રાણીઓ, પક્ષીઓ વિશે વધુ જાણકારી મેળવી શકે તે હેતુથી સામાજિક વનીકરણ વિભાગ નવસારી, સૂપા રેન્જ દ્વારા તા.૦૪ ઑક્ટોબરથી તા.૦૬ ઑક્ટોબર સુધી નવસારીના લુંસિકૂઈ ગ્રાઉન્ડમાં આવેલ સ્પોર્ટ્સ કોમ્પલેક્ષ ખાતે 'વાઈલ્ડ લાઈફ ફોટોગ્રાફિ એક્ઝીબીશન'નું સુદ્રઢ આયોજન કરાયુ છે. આજરોજ નવસારી ધારાસભ્યશ્રી રાકેશભાઈ દેસાઈના અધ્યક્ષસ્થાને આ એક્ઝીબીશનનો ભવ્ય શુભારંભ કરાયો હતો. આ એક્ઝીબીશનમાં સમગ્ર ગુજરાતના અંદાજિત ૩૬ જેટલા વાઈલ્ડલાઈફ ફોટોગ્રાફરે ગુજરાતના ખૂણે ખૂણેથી કેમેરામા ક્લિક કરાયેલા અલગ અલગ પ્રાણીઓ, પક્ષીઓના ફોટોઝની ૨૦૫ જેટલી એન્ટ્રીઓ મોકલવામાં આવી હતી. જેમાંથી પસંદગી પામેલી ૧૦૦ ખાસ ફોટોગ્રાફસને કાર્યક્રમમા પ્રદાર્શિત કરવામાં આવ્યા હતા.

# વાઇબ્રન્ટ નવરાત્રી ફેસ્ટિવલ સાથે સરસ મેળો ૨૦૨૪નું આયોજન



। અમદાવાદ, તા.૫ ।

ગુજરાત સરકારના ગ્રામ વિકાસ વિભાગ હેઠળ, ગુજરાત લાઈવલીહુડ પ્રોમોશન કંપની લિમિટેડ સખી મંડળ ની બેહનો માટે માર્કેટિંગ ના ભાગ રૂપે રાષ્ટ્રીય કક્ષા ના ૨ સરસ મેળા અને પ્રાદેશિક કક્ષા ના ૧૦-૧૨ સરસ મેળાઓ કરે છે. પણ આ વર્ષે એમાં વધારો કરીને દિવાળી શોપિંગ ફેસ્ટિવલ, મોટા મોલ મા સખી માર્કેટ, ફ્લી માર્કેટ, ઈન્ડેક્સ્ટ-સી ના મેળાઓ, ટૂરિઝમ ના કાર્યક્રમો વગેરે મા પણ જગ્યા મેળવીને સખી મંડળો માટે વસ્તુઓ ના વેચાણ અને બ્રાન્ડિંગ ની વ્યવસ્થા કરી છે. એનાજ ભાગરૂપે નવરાત્રી મહોત્સવ ૨૦૨૪ જે ગુજરાત યુનિવર્સિટી ગ્રાઉન્ડ હેલ્મેટ ચારસ્તા પાસે અમદાવાદ ખાતે આ વર્ષે ગુજરાત લાઈવલીહુડ પ્રોમોશન કંપની હેઠળ આયોજિત આ પેવિલિયન - સરસ મેળો ૨૦૨૪ - ૩/૧૦/૨૪ થી ૧૩/૧૦/૨૪ સુધી, જ્યાં રાજ્યભરના સ્વયં સહાય જૂથો (SHGs) દ્વારા તૈયાર કરવામાં આવેલ અનોખી કળા અને હસ્તકલા દર્શાવે છે. આ મંચ દ્વારા ગ્રામીણ મહીલાઓને કલામાં રસ ધરાવતા લોકોની સાથે રુબરુ થવા ઉપરાંત તેમને આજીવિકા મેળવવા માટેની તક મળે છે. આ સરસ મેળાનું થીમ પેવિલિયનએ ગુજરાતની ઉત્કુષ્ઠ કલાવારસાની ઉજવણી છે, જેમાં ખાસ કરીને ગ્રામીણ મહીલાઓની હસ્તકલા વસ્તુઓ ઉપર ખાસ ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું છે.

આ સાથે ગુજરાત ના સખી મંડળો થકી ઉત્પાદિત ચીજ -વસ્તુઓ નો ડિજિટલ કેટલોગ નો લોકાર્પણ પણ અહીં થી આવ્યું છે.

# અમદાવાદ મંડળે પુલિંગ પદ્ધતિનો ઉપયોગ કરીને પશ્ચિમ રેલવેના પ્રથમ રોડ અન્ડર બ્રિજના નિર્માણમાં નોંધપાત્ર સિદ્ધિ હાંસલ કરી

## લગભગ ૧૦ દિવસનું કામ "પુલિંગ મેથડ"નો ઉપયોગ કરીને ૨ કલાકમાં પૂર્ણ કરીને સ્થાપિત કર્યો નવો રેકોર્ડ









। અમદાવાદ, તા.૫ ।

પશ્ચિમ રેલવેના અમદાવાદ મંડળે કલોલ-ગાંધીનગર સેક્શનના રેલવે ક્રોસિંગ નંબર ૬ પર રોડ અંડર બ્રિજ (આરયુબી )નું આધુનિક એન્જિનિયરિંગ ટેક્નોલોજી પુલિંગ પદ્ધતિનો ઉપયોગ કરીને સફળતાપૂર્વક નિર્માણ કરીને નવો વિક્રમ સ્થાપ્યો છે.

આ પ્રોજેક્ટમાં, "પુલિંગ મેથડ" નો ઉપયોગ કરીને માત્ર ૨ કલાકમાં આરયુબી ઈન્સ્ટોલેશન પૂર્ણ કરવામાં આવ્યું હતું, જે પશ્ચિમ રેલવે ના ઈતિહાસમાં તેના પ્રકારનો પ્રથમ અને અનોખો પ્રયાસ છે. અમદાવાદ મંડળ ના વરિષ્ઠ જનસંપર્ક અધિકારી શ્રી પ્રદીપ શર્માએ જણાવ્યું હતું કે આ મહત્ત્વપૂર્ણ પ્રોજેક્ટ હેઠળ ૪.૮ ઠ ૬.૦ ડાયમેન્શનના આરયુબી બોક્સને જેની બૈરલ લંબાઈ ૨૦ મીટર હતી અને કુલ વજન ૭૩૦ મેટ્રિક તન હતું જે ૨ કલાક ના બ્લોક માં ૧૭ મીટર સુધી કાળજીપૂર્વક ખેંચીને સ્થાપિત કરવામાં આવ્યા છે. આ કામ કોઈપણ અવરોધ વિના સંપૂર્ણ આયોજનપૂર્વક પૂર્ણ થયું હતું. આ આરયુબી નું નિર્માણ ટિટોડા, ભોયાણ રાઠોડ, આદરજ અને કોલીવાડા સહિતના નજીકના ગામોના નાગરિકો અને અન્ય માર્ગ વપરાશકારો માટે અત્યંત ફાયદાકારક સાબિત થશે, જેનાથી તેમના સમય અને ઈંધણની પણ બચત થશે. અમદાવાદ મંડળ ની આ અભૂતપૂર્વ સિદ્ધિએ ભારતીય રેલ્વેના ઈન્ફ્રાસ્ટ્રક્ચર વિકાસમાં એક સીમાચિહ્ન સ્થાપિત કર્યું છે. આ કાર્ય માત્ર ઈજનેરી કૌશલ્યો અને પ્રોજેક્ટ મેનેજમેન્ટનું ઉદાહરણ નથી, પરંતુ ભવિષ્ય માટે મહત્વપૂર્ણ આંતરદષ્ટિ પણ પ્રદાન કરે છે.

આ આરયુબી નું નિર્માણ દેશના ઈન્ફ્રાસ્ટ્રક્ચર વિકાસમાં મહત્વની ભૂમિકા ભજવશે અને રેલવે પ્રોજેક્ટ્સમાં સમયસરતા અને કાર્યક્ષમતાને નવા સ્તરે લઈ જવામાં મદદ કરશે.

# પરિસંવાદમાં ખેડૂતોને પ્રાકૃતિક કૃષિના વિવિધ આયામો, પાક સંરક્ષણ, મિશ્ર ખેતી, આંતરપાક સહિતની બાબતો વિશે માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું

। (માહિતી) અમદાવાદ, તા.૫ ।

નાયબ બાગાયત નિયામકની કચેરી, અમદાવાદ દ્વારા જિલ્લાના ખેડૂતો માટે સાણંદ તાલુકાના ઝાંપ ગામે બાગાયતી પાકોમાં પ્રાકૃતિક કૃષિ અંગે એક દિવસીય પરિસંવાદનું આયોજન કરવામાં આવ્યું હતું. પ્રાકૃતિક કૃષિ પરિસંવાદમાં ખેડૂતોને બીજામૃત જીવામૃત જેવા આયામો, આચ્છાદન, વાપસા જેવી કૃષિ પદ્ધતિઓ સહિત પાક સંરક્ષણ અને આંતરપાક સહિતની પ્રાકૃતિક કૃષિ પદ્ધતિઓ બાબતે માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું. પરિસંવાદ અંતર્ગત વડોદરા વિભાગના સંયુક્ત બાગાયત નિયામક શ્રી ડો.જે. એમ. તુવારે ખેડૂતોને પ્રાકૃતિક ખેતીના આયામો વિશે માહિતગાર કરીને બાગાયતી સહાય યોજનાઓનો મહત્તમ લાભ લેવા અનુરોધ કર્યો હતો.

સાથે જ, જિલ્લા ખેતીવાડી અધિકારી શ્રી એચ. આઈ.પટેલે ખેતીવાડી વિભાગની વિવિધ યોજના વિશે ખેડૂતોને વિસ્તૃત માહિતી આપી હતી.

આ પ્રસંગે જિલ્લા સંયોજક શ્રી ગજેન્દ્રસિંહ વાઘેલા પ્રાકૃતિક ખેતી અંગેનો પોતાના અનુભવ વર્ણવ્યો હતો. આ જ વિસ્તારના અન્ય પ્રાકૃતિક ખેતી કરતા ખેડૂત શ્રી કાશીરામ વાઘેલાએ



પોતાના પ્રાકૃતિક ખેતી વિશેના પોતાના અનુભવોનુ વર્ણવીને પ્રાકૃતિક કૃષિના વિવિધ આયામો અંગે પ્રત્યક્ષ નિદર્શન કરાવ્યું હતું. અત્રે ઉલ્લેખનીય છે કે, અમદાવાદ જિલ્લામાં બાગાયતી પાકોમાં ખેડૂતો દ્વારા અપનાવવામાં આવેલી પ્રાકૃતિક કૃષિના પરિણામે જિલ્લામાં બાગાયતી પાકોમાં વાવેતર સારા એવા પ્રમાણમાં વધ્યું છે. પ્રાકૃતિક કૃષિ પરિસંવાદ જેવા કાર્યક્રમો જિલ્લાના ખેડૂતોને વધુ પ્રમાણમાં પ્રાકૃતિક કૃષિ અપનાવવા તરફ પ્રોત્સાહિત કરે છે.

આ પ્રસંગે ગામના સરપંચ શ્રી , આગેવાનશ્રીઓ તેમજ આત્મા, ખેતીવાડી, બાગાયત વિભાગના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા તેમજ સાણંદ અને બાવળા તાલુકાના ખેડૂતોએ બહોળી સંખ્યામાં આ પરિસંવાદનો લાભ મેળવ્યો હતો.

# થરા ઓગડ વિદ્યા મંદિર ખાતે નવરાત્રી ગરબા યોજાયા

। (પ્રતિનિધી) થરા, તા.૫ ।

કાંકરેજ તાલુકાના થરા શ્રી ઓગડ વિદ્યા મંદિર ખાતે નવરાત્રિ ગરબાનું આયોજન કરવામાં આવ્યું જેમાં મંડળના ઉત્સાહી પ્રમુખ ધીરજભાઈ કે.શાહ અને પાલિકા કોર્પોરેટર ગીરાબેન શાહ યશપાલસિંહ ટી વાઘેલા ઉપસ્થિત રહ્યા હતા.શાળામાં નવરાત્રિ મહોત્સવનું આયોજન શાળાના આચાર્ય ડૉ. હીમાંશુભાઈ શાહના માર્ગદર્શન હેઠળ સુંદર ગરબાનું આયોજન કરવામાં આવ્યું હતું અને શાળાના સ્ટાફ દ્વારા આ કાર્યક્રમને સફળ બનાવ્યો હતો. જેમાં શાળાના ખુલ્લા મેદાનમાં સાઉન્ડ સિસ્ટમ થી વિધાર્થીઓ તેમજ શાળાના શિક્ષકો બહેનો અને આમ શાળા ના વિધાર્થીઓ સાથે ગરબે ઘૂમ્યા



હતા. વિધાર્થીઓમાં ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો હતો શાળામાં નવરાત્રી ગરબા મહોત્સવનું આયોજન કરવા પાછળનો ઉદ્દેશ છેકે તમામ વિદ્યાથીઓ આપણી પ્રાચીન સંસ્કૃતિને સમજતા થાય અને તેમનામાં સંસ્કૃતિ પ્રત્યેની જાગૃતિ આવે તે અંતર્ગત શાળા માં અવારનવાર આવા સાંસ્કૃતિક કાર્યક્રમ યોજવામાં આવતા હોય છે.. ત્યારે શકિત આરાધના પર્વ નિમિત્તે શાળામાં નવરાત્રી ગરબા મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં ગરબા પૂર્ણ કરી આરતી કરવામાં આવી હતી જેમાં પ્રમુખ ધીરજભાઈ કે. શાહ અને ગિરાબેન શાહ યશપાલસિંહ ટી વાઘેલા અને શાળાના સ્ટાફ સાથે વિદ્યાર્થીઓએ પણ આરતી કરી હતી. આમ આ કાર્યક્રમ શાંતિપૂર્ણ વાતાવરણમાં સંપન્ન થયો હતો.

# આજનું રાશિ ભવિષ્ય.....

**મેષ (અ,લ,ઇ) :**

આજના દિવસે તમારા સ્વાસ્થ્ય ખાતર બૂમાબૂમ કરશો નહીં. આજે આ રાશિ ના અમુક બેરોજગાર લોકો ને નોકરી મળી શકે છે જેથી તેમની આર્થિક સ્થિતિ સુધરશે? નિકટનું સ્વજન વધુ ધ્યાન માગી શકે છે, જો કે આ બાબત મદદરૂપ અને તમારી દરકાર કરનારૂં પુરવાર થશે. આજે કોઈક તમારા પ્રેમની વચ્ચે આવી શકે છે. અનુભવી લોકો સાથે આજે જોડાણ કરજો અને તેઓ શું કહે છે તેમાંથી શીખો.

**વૃષભ (બ,વ,ઉ) :**

આજના દિવસે કોઈ ઈજા ન થાય તે માટે બેસતી વખતે ખાસ સંભાળવું. કેમ કે બેસવાની ઢબ ન માત્ર વ્યક્તિના વ્યક્તિત્વને નીખારે છે બલ્કે સ્વાસ્થ્ય અને આત્મવિશ્વાસ વધારવામાં પણ મહત્વની ભૂમિકા ભજવે છે. જે લોકોએ લોન લીધું હતુ તે લોકો ને લોન ની રાશિ ચૂકવવામાં સમસ્યાઓ આવી શકે છે. બાળકોનું ઘરકામ પૂરૂં કરવા મદદનો હાથ લંબાવવાનો સમય.

**મિથુન (ક,છ,ઘ) :**

આજના દિવસે તમારૂં શારીરિક સાર્મથ્ય જાળવવા માટે તમે રમતગમતમાં તમારો સમય ખર્ચ કરો એવી સંભાવના છે. લોકોની જરૂરિયાત શી છે તથા તમારી પાસેથી તેમને ચોક્કસ શું જોઈએ છે તે તમે જાણતા હો એવું લાગે છે- પણ તમારા ખર્ચમાં વધુ પડતા ઉડાઉ ન બનતા. તમારા પરિવારના સભ્યોની જરૂરીયાતો પર ધ્યાન આપવું એ આજના દિવસની પ્રાથિમકતા હોવી જોઈએ.

**કર્ક (ડ,હ) :**

આજના દિવસે આજે તમને ઘેરી વળનાર લાગણીશીલ મૂડમાંથી તમારે બહાર આવવાની ઈચ્છા ધરાવતા હો તો તમારે ભૂતકાળને ભૂલવો પડશે. જે વેપારી પોતાના વેપાર માટે ઘર થી ભાર જયી રહ્યા છે તે પોતાના ધન ને ખુબ સાચવી ને રાખે? ધન ચોરી થવા ની શક્યતા છે. બાળકો તમારૂં ધ્યાન માગે છે પણ બદલામાં ખુશીઓ આપે છે. આજે તમને તમારા મિત્રની ગેરહાજરીમાં તેની સુવાસ વર્તાશે.

**સિંહ (મ,ટ) :**

આજના દિવસે કશુંક કરવાની તમારી અનિચ્છા તમને લાગણીશીલ તથા માનસિક અભિગમનો શિકાર બનાવશે. તમારૂં અવાસ્તવિક આયોજન નાણાંના વેડફાટમાં પરિણમશે. તમે જાણતા હો એવા લોકો પર જો આજે તમે કોઈપણ નિણર્ણય થોપવાનો પ્રયાસ કરશો-તો તમે તમારા હિતોને જ નુકસાન કરશો-ધીરજપૂર્વક પરિસ્થિતિ સાથે કામ લેવું એ એકમાત્ર બાબત જ તમને અનુકુળ પરિણામો તરફ દોરી જશે.

**કન્યા (પ,ઠ,ણ) :**

આજના દિવસે તમારી પીવાની આદતથી મુક્ત થવા માટે આજે ખૂબ જ શુકનવંતો દિવસ છે. એક યા બીજી જગ્યાએથી તમને આર્થિક લાભ મળી રહેશે. તમારા એકધારા સમયપત્રકમાંથી સમય કાઢી મિત્રો સાથે બહાર જવાની જરૂર છે. આજે તમને જાણ થશે કે તમારા સાથીનો પ્રેમ તમારી માટે સદાય ઊંડી ભાવના ધરાવતી લાગણી છે. કામના સ્થળે તમે મોટા લાભ મેળવશો.

**તુલા (ર,ત) :**

આજના દિવસે ગરદન -કમરમાં સતત દુખાવાથી તમે પીડાવ એવી શક્યતા છે. જો આ દુખાવા સાથે તમે સામાન્ય નબળાઈ પણ અનુભવતા હો તો તેની અવગણના કરશો નહીં. આજે આરામ મહત્વનો પુરવાર થશે. જે લોકો લઘુ ઉદ્યોગ કરે છે તે લોકો ને આજે પોતાના કોઈ નજીકી દ્વારા સલાહ મળી શકે છે જેના દ્વારા તેમને આર્થિક લાભ થવા ની શક્યતા છે.

**વૃશ્ચિક (ન,ય) :**

આજના દિવસે વિજયની ઉજવણી તમને અત્યંત આનંદ આપશે. તમારી ખુશીનો આનંદ લેવા માટે તમે આ ખુશી તમારા મિત્રો સાથે વહેંચી શકો છો. તમે તમારી જાતને નવી રોમાંચક પરિસ્થિતિમાં જોશો-જે તમને આર્થિક લાભ પણ અપાવશે. તમારા પરિવારના સભ્યો રાઈનો પહાડ બનાવી મુકે એવી શક્યતા છે. સઘન પ્રયત્નો કરો તમે ચોક્કસ જ નસીબવાન પુરવાર થશો કેમ કે આજનો દિવસ તમારો છે.

**ધન (ભ,ધ,ફ) :**

આજના દિવસે શારીરિક તથા માનસિક રીતે તમે તમારી જાતને આજે થાકેલા મહેસૂસ કરશો-થોડો આરમ તથા પોષચ આહાર તમારી ઉર્જાનું સ્તર ઉપર લાવવામાં ખૂબ જ મદદ કરશે. તમામ જવાબદારીઓ તથા આર્થિક વ્યવહારો સાવચેતીપૂર્વક પાર પાડવા. યુવાનોને સાંકળતી પ્રવૃત્તિઓમાં સહભાગી થવા માટે સારો સમય. પ્રેમમાં સંતાપ સહન કરવો પડે એવી શક્યતા નકારી શકાય નહીં.

**મકર (ખ,જ) :**

આજના દિવસે અન્યો સાથે તમે ખુશહાલ ક્ષણો માણી રહ્યા હોવાથી તમારૂં સ્વાસ્થ્ ખીલી ઉઠશે. પર સાવચેત રહેજો કેમ કે સ્વાસ્થય પ્રત્યેની બેદરકારી તમને આગળ જતાં પજવી શકે છે. તમે જાણો છો એવા લોકો દ્વારા આવકનો નવો સ્રોત ઊભો થશે. સંબંધીઓને મળવા જવા નાનકડી મુસાફરી તમારા રોજિંદા ભાગદોડભર્યા સમયપત્રકમાંથી તમને રાહત તથા હળવાશ આપશે.

**કુંભ (ગ,શ,સ) :**

આજના દિવસે તમે જે બાબત વાસ્તવિકતામાં મૂર્તસ્વરૂપે જોવા માગતા હો એ દિશામાં તમારા વિચારો અને ઊર્જા વાળો. માત્ર કલ્પના કરવાથી કોઈ અર્થ સરવાનો નથી. તમારી અત્યાર સુધીની સમસ્યા એ છે કે તમે માત્ર ઈચ્છા કરો છો એ દિશામાં પ્રયાસ કરતા નથી. પરિણીત લોકો ને પોતાના સંતાન ની શિક્ષા ઉપર આજે વધારે ખર્ચ કરવું પડશે? પાડોશી સાથેનો ઝઘડો તમારો મૂડ બગાડી નાખશે.

**મીન (દ,ચ,ઝ,થ) :**

આજના દિવસે દિવસ ની શરૂઆત તમે યોગ અને ધ્યાન થી કરી શકો છો? આવું કરવું તમારા માટે ફાયદાકારક રહેશે અને તમારી અંદર ઉર્જા કાયમ રહેશે? અન્યો પર વધુ પડતો ખર્ચ કરશો એવી શક્યતા છે. તમારા માતા-પિતાની તબિયત ચિંતા તથા બેચેની જન્માવશે. તમે આજે પ્રેમનું પ્રદૂષણ ફેલાવશો. રચનાત્મક ક્ષેત્ર સાથે સંકળાયેલા લોકો માટે સફળતાભર્યો દિવસ કેમ કે લાંબા સમયથી જેની વાટ જોવાતી હતી તે નામના તથા સ્વીકૃતિ તેમને મળશે.

# સ્વાતિ માલીવાલે અરવિંદ કેજરીવાલ પર કટાક્ષ કર્યો

। (એજન્સી) નવી દિલ્હી, તા.૫ ।

દિલ્હીના ભૂતપૂર્વ મુખ્ય પ્રધાન અરવિંદ કેજરીવાલે શુક્રવારે તેમનું સત્તાવાર નિવાસસ્થાન ખાલી કર્યું અને લ્યુટિયન્સ દિલ્હીમાં તેમની પાર્ટીના રાજ્યસભા સાંસદના બંગલામાં શિફ્ટ થઈ ગયા. આના પર આમ આદમી પાર્ટીના બળવાખોર રાજ્યસભા સાંસદ સ્વાતિ માલીવાલે નામ લીધા વગર અરવિંદ કેજરીવાલ પર નિશાન સાધ્યું છે. સ્વાતિ માલીવાલે એક્સ હેન્ડલ પર ટ્વિટ કરીને લખ્યું, ‘એક મર્યાદા પુરુષોત્તમ ભગવાન શ્રી રામ હતા, જેમણે મહેલ છોડીને ૧૪ વર્ષ જંગલમાં વિતાવ્યા હતા. સ્ત્રીઓના સન્માન માટે રાવણ જેવા શક્તિશાળી રાક્ષસ સામે લડ્યા. આજકાલ જે લોકો પોતાની સરખામણી ભગવાન શ્રી રામ સાથે કરે છે, તેઓ એક મહેલ છોડીને બીજા મહેલમાં રહેવા જાય છે અને તેને મહાન ત્યાગ કહે છે. ભ્રમ પાછળ આદર્શો વિસરાઈ જાય છે. તેઓ મહિલાઓ પર હુમલો કરનાર વ્યક્તિને બચાવે છે, તેમાં જ તેમને સુકુન મળે છે, હે રામ!’ ઉલ્લેખનીય છે કે કેજરીવાલ જ્યાં રહે છે તે બંગલો ફિરોઝશાહ રોડ પર મંડી હાઉસ પાસે છે અને તે પંજાબના રાજ્યસભા સાંસદ અશોક મિત્તલનું સત્તાવાર નિવાસસ્થાન છે. આ બંગલો આમ આદમી પાર્ટીના મુખ્યાલયની ખૂબ નજીક છે. હવે કેજરીવાલ તેમના પરિવાર સાથે આ બંગલામાં રહેશે. ગુરુવારે પૂર્વ ઉપમુખ્યમંત્રી મનીષ સિસોદિયા પણ રાજેન્દ્ર પ્રસાદ રોડ પર સ્થિત બંગલામાં શિફ્ટ થયા હતા. પાર્ટીના નેતાઓએ કહ્યું કે આ ઘર છઈઁના રાજ્યસભા સાંસદ હરભજન સિંહનું સત્તાવાર નિવાસસ્થાન છે. કેજરીવાલને ઉત્તર દિલ્હીની સિવિલ લાઈન્સમાં ૬, ફ્લેગસ્ટાફ રોડ છોડવાનો નિર્ણય કર્યા પછી સાંસદો, ધારાસભ્યો અને કાઉન્સિલરો સહિત પક્ષના કેટલાક નેતાઓએ તેમના ઘરની ઓફર કરી હતી. એક વીડિયો સંદેશમાં છઈઁ સાંસદ મિત્તલે કહ્યું કે તેઓ એ જાણીને ખુશ છે કે કેજરીવાલે તેમનું ઘર પસંદ કર્યું છે. તેમણે કહ્યું કે જ્યારે તેમણે (કેજરીવાલે) મુખ્યમંત્રી પદ પરથી રાજીનામું આપ્યું ત્યારે મને ખબર પડી કે તેમની પાસે રહેવા માટે કોઈ જગ્યા નથી. મેં તેમને મારા દિલ્હી નિવાસસ્થાને મારા મહેમાન બનવા આમંત્રણ આપ્યું અને મને ખૂબ આનંદ થયો કે તેમણે મારી વિનંતી સ્વીકારી.







શનિવારે નવી દિલ્હીમાં સિવિક સેન્ટર ખાતે દિલ્હી મ્યુનિસિપલ કોર્પોરેશન (એમસીડી) ની ગૃહ બેઠક દરમિયાન ભાજપના કાઉન્સિલરોએ વિરોધ કર્યો હતો.

# તાલિબાન સાથે સંબંધો સુધારવા માટે હવે મથી રહ્યું છે રશિયા

। (એજન્સી) મોસ્કો, તા.૫ ।

રશિયાએ તાલિબાનને આતંકવાદી યાદીથી બહાર કાઢવાનો નિર્ણય લીધો છે. રશિયન વિદેશ મંત્રીએ શુક્રવારે કહ્યું કે, આ એક ઉચ્ચસ્તરીય નિર્ણય છે. જોકે, આ નિર્ણયને સત્તાવાર રીતે પૂર્ણ કરવા માટે કેટલીક કાયદાકીય પ્રક્રિયાઓ પૂર્ણ કરવાની બાકી છે. રશિયાએ તાલિબાનને વર્ષ ૨૦૦૩માં આ યાદીમાં સામેલ કર્યું હતું. જેનાથી તેને બહાર કરવું તાલિબાન સાથે સંબંધો સુધારવાનો મોટો નિર્ણય સાબિત થશે. પુતિને જુલાઈમાં કહ્યું હતું કે, રશિયા તાલિબાન આંદોલનને આતંકવાદ વિરૂદ્ધ લડાઈમાં મહત્વપૂર્ણ માને છે. રશિયા ઓગસ્ટ ૨૦૨૧માં અફઘાનિસ્તાન પર તાબિલાન તરફથી સત્તા પર કબજો કરાયા બાદ ધીરે-ધીરે સંબંધો વધી રહ્યા છે. ભલે ચીન અને યૂએઈએ તાલિબાનના રાજદૂતોનો સ્વીકાર કરી લીધો હોય, પરંતુ કોઈપણ દેશે સત્તાવાર રીતે તાલિબાનને અફઘાનિસ્તાનનું કાયદેસરનું નેતૃત્વ નથી માન્યું. શુક્રવારે રશિયાની રાજધાની મૉસ્કોમાં અફઘાનિસ્તાનને લઈને મૉસ્કો ફોર્મની બેઠક ચાલી રહી છે. જેમાં રશિયા તરફથી વિદેશ મંત્રી સર્ગેઈ લાવરોવ ભાગ લઈ રહ્યા છે. ભારત પણ આ બેઠકમાં સામેલ થયું છે. ભારતનું પ્રતિનિધિત્વ સંયુક્ત સચિવ જેપી સિંહ કરી રહ્યા છે. જેપી સિંહ આ પહેલા અફઘાનિસ્તાનનો પ્રવાસ કરીને તાલિબાન નેતાઓ સાથે મુલાકાત કરી ચૂક્યા છે. રશિયાએ પણ તાલિબાન પર તમામ પ્રતિબંધો છતાં પોતાના સંબંધો જાળવી રાખ્યા છે. જોકે, તેમણે હજુ સુધી તાલિબાનને અફઘાનિસ્તાની સરકારને સત્તાવાર માન્યતા નથી આપી. રશિયન મીડિયા છજીજીના રિપોર્ટ અનુસાર, અફઘાનિસ્તાને રશિયા પાસેથી ઓઈલ ખરીદવાની ઈચ્છા વ્યક્ત કરી છે. પશ્તો ભાષામાં તાલિબાનનો અર્થ ’છાત્ર’ થાય છે. આ સંગઠનની સ્થાપના વર્ષ ૧૯૯૪માં અફઘાનિસ્તાનના કંધાર શહેરમાં થઈ હતી. આ તે જૂથોમાંથી એક હતું જે સોવિયત સંઘની વાપસી બાદ અફઘાનિસ્તાન પર કબજા માટે ગૃહ યુદ્ધ લડી રહ્યું હતું. લાવરોવે કહ્યું કે, અમેરિકાએ અફઘાનિસ્તાનને જપ્ત કરેલી સંપત્તિ પરત કરવી જોઈએ અને પશ્ચિમને દેશના સંઘર્ષ બાદ પુનર્નિર્માણની જવાબદારી સ્વીકારવી જોઈએ.

### જવાનોએ ખાતમો બોલાવ્યો, હથિયારો જપ્ત

# છત્તીસગઢમાં વીર જવાનોએ ૩૦ નક્સલોના ઢીમ ઢાળી દીધા

। (એજન્સી) છત્તીસગઢ, તા.૫ ।

છત્તીસગઢના નક્સલો પ્રભાવિત નારાયણપુર અને દંતેવાડા જિલ્લાની સરહદ પર સુરક્ષા દળો અને નક્સલો વચ્ચે અથડામણ શરુ થઈ છે, ત્યારે એન્કાઉન્ટરમાં લગભગ ૩૦ નક્સલોને ઠાર કર્યા હોવાના અહેવાલ સામે આવ્યાં છે. પોલીસ અધિકારીઓ જણાવ્યું છે કે, નારાયણપુર અને દંતેવાડા જિલ્લાની સરહદ પર નક્સલોની ઉપસ્થિતિની સૂચના મળતાની સાથે સુરક્ષાદળોના જવાનો નક્સલો વિરોધી અભિયાન માટે મોકલવામાં આવ્યા હતા. જ્યારે ઘટના સ્થળ પરથી AK-47 રાઈફલ સહિતના ઓટોમેટિક હથિયારો જપ્ત કરવામાં આવ્યાં છે. હાલ પણ બંને વચ્ચે અથડામણ ચાલી રહી છે. મળતી માહિતી પ્રમાણે, સુરક્ષાદળોને લગભગ એક વાગ્યાની આસપાસ નક્સલોની જાણકારી મળતાની સાથે ઘટના સ્થળે પહોંચ્યાં હતા, ત્યારે નક્સલોએ ગોળીબાર કરવાનું શરુ કર્યું હતું. જેની જવાબી કાર્યવાહીમાં સુરક્ષાદળોના જવાનોએ પણ ગોળીબાર કર્યો હતો. નક્સલો સાથે અથડામણમાં સુરક્ષાદળોના જવાનો સુરક્ષિત હોવાની જાણકારી અધિકારી દ્વારા આપવામાં આવી છે. બસ્તર ક્ષેત્રના પોલીસ મહાનિરીક્ષકએ જણાવ્યું કે, નારાયણપુર અને દંતેવાડા જિલ્લાની સરહદ પર અબુઝહમદના થુલથુલી ગામના જંગલમાં સુરક્ષાદળો દ્વારા એન્કાઉન્ટરમાં ૩૦ નક્સલોને ઠાર કરી દીધા છે. જેમાં અત્યાર સુધીમાં ૧૪ના મૃતદેહ મળ્યા છે. સુરક્ષાદળોમાં ડિસ્ટ્રિક્ટ રિઝર્વ ગાર્ડ અને સ્પેશિયલ ટાસ્ક ફોર્સ ના જવાનો સામેલ હતા.

# કચ્છ જિલ્લાના ચાડવા રખાલમાં રૂપિયા ૧૦ કરોડના ખર્ચે નિર્માણ થશે કેરેકલ-હેણોતરો બ્રિડીંગ એન્ડ કન્ઝર્વેશન સેન્ટર

। (માહિતી) ગાંધીનગર, તા.૫ ।

કચ્છ જિલ્લાના સામત્રા ગામ નજીકના ચાડવા રખાલ વિસ્તારમાં કેરેકલ(હેણોતરો) બ્રીડીંગ એન્ડ કન્ઝર્વેશન સેન્ટર વિકસાવવા રાજ્ય સરકાર ૧૦ કરોડ રૂપિયા ફાળવશે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે કચ્છના માંડવીમાં શ્યામજી કૃષ્ણ વર્મા મેમોરીયલ ખાતે આયોજીત એક સમારોહમાં આ જાહેરાત કરી હતી. સમગ્ર દેશમાં અતિ દુર્લભ તથા ગુજરાતમાં માત્ર કચ્છ જિલ્લામાં જ જોવા મળતા કેરેકલ (હેણોતરો)ના લાંબા ગાળાના સંરક્ષણ અને સંવર્ધન માટે આ વિસ્તારને કેરેકલ પ્રજનન અને સંરક્ષણ વિસ્તાર તરીકે વ્યવસ્થાપિત કરવામાં આવશે.

કચ્છની મહત્વની પ્રાકૃતિક ધરોહર સમા આ ચાડવા રખાલ ખાતે કેરેકલ-હેણોતરો ઉપરાંત દિપડા, મગર, ચિંકારા, ઘોર ખોદીયું, શિયાળ જેવા ૨૮ જેટલા સસ્તન, ૨૮ સરિસૃપ અને ૨૪૨ વિહંગ પ્રજાતિ મળી કુલ ૨૯૬ જેટલી પ્રજાતિની પ્રાણીજ વૈવિધ્યતા જોવા મળે છે. એટલું જ નહિ, ૨૪૩ જેટલી પ્રજાતિની વાનસ્પતિક વૈવિધ્યતા પણ આ વિસ્તારમા છે.

વન્યજીવ તથા વાનસ્પતિક સંશોધનકારો માટે પોટેન્શિયલ ધરાવતો આ વિસ્તાર ઈકો ટુરિઝમ એક્ટીવીટીની પણ સંભાવના ધરાવે છે. આ ચાડવા રખાલની ૪૯૦૦ હેક્ટર જમીનનો કબ્જો કચ્છના પુર્વ રાજવી પરિવારે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલની પ્રેરક



ઉપસ્થિતીમાં રાજ્ય સરકારને સોંપ્યો હતો. રાજ્ય સરકારના મહેસૂલ વિભાગે પ્રાકૃતિક સંપદાના સંરક્ષણ અને સંવર્ધન માટે ચાડવા રખાલની આ જમીન વન વિભાગને સોંપી છે.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે ચાડવા રખાલ વિસ્તારમાં કેરેકલ(હેણોતરો) બ્રીડીંગ એન્ડ કન્ઝર્વેશન સેન્ટર વિકસાવવા ૧૦ કરોડ રૂપિયા ફાળવીને વન્યપ્રાણી સપ્તાહની હાલ ચાલી રહેલી ઉજવણી દરમ્યાન મહત્વપૂર્ણ ભેટ આપી છે.

# નવસારી જિલ્લામાં સ્વચ્છતાને લગતી વિવિધ પ્રવૃતિઓ યોજાઇ

। (માહિતી) નવસારી, તા.૫ ।

નવસારી જિલ્લામાં ગ્રામ્ય અને શહેરી વિસ્તારમાં જનભાગીદારી અને વિદ્યાર્થીઓની ભાગીદારી થકી ‘સ્વચ્છતા હી સેવા’ ઝુંબેશ સફળતા મેળવી રહ્યું છે - રાષ્ટ્રવ્યાપી ‘સ્વચ્છતા હી સેવા’ ઝુંબેશ અંતર્ગત “સ્વભાવ સ્વચ્છતા, સંસ્કાર સ્વચ્છતા” થીમ અંતર્ગત સ્વચ્છતા અંગે જાગૃતતા ફેલાવતી વિવિધ પ્રવૃતિઓ હાથ ધરવામાં આવી રહી છે. જેમાં તાજેતરમાં નવસારી જિલ્લામાં ગ્રામ્ય અને શહેરી વિસ્તારમાં જનભાગીદારી અને વિદ્યાર્થીઓની ભાગીદારી થકી ‘સ્વચ્છતા હી સેવા’ ઝુંબેશ સફળતા મેળવી રહ્યું છે. તાજેતરમાં નવસારી તાલુકાના નવાપરા ગામે સ્વચ્છતાલક્ષી સંવાદ કરી ગામના લોકોને “સ્વચ્છ ગામ અને સ્વસ્થ ગામ“ વિષય ઉપર સમજુતી આપવામાં આવી હતી. ખેરગામ તાલુકાના વાડ મુખ્ય પ્રાથમિક શાળામાં સ્વચ્છતા લક્ષી ચિત્ર સ્પર્ધા યોજી બાળકોમાં સ્વચ્છતા જાગૃતિ આણવાનો સરાહનિય પ્રયાસ હાથ ધરાયો હતો. નવસારી તાલુકાના તેલાડા ગામે વેસ્ટમાંથી બેસ્ટ બનાવવા બાબતે સ્વચ્છતા પ્રવૃત્તિ કરી બાળકો પાસે વેસ્ટ મટીરીયલનો ઉપયોગ કરતા સમજ કેળવી હતી. જ્યારે વાંસદા તાલુકાના જુજ ગામે સ્વચ્છતા સંવાદ થકી સુકા અને ભીના કચરાને અલગ કરવાનું મહત્વ અને તેના યોગ્ય નિકાલ અંગે મહિલાઓને જાગૃત કરવામાં આવ્યા હતા. વાંસદા તાલુકાના મીઢાંબારી ગામે સ્વચ્છતા રંગોલી થકી પ્રાથમિક શાળામાં સ્વચ્છતા જાગૃતિ ફેલાવી હતી.

## વિશેષ

### ગ્રીન સિટી ગાંધીનગર બન્યું વધુ હરિયાળું

# ગાંધીનગરના ચ-૦ સર્કલ, સેક્ટર–૩૦ અને બોરીજ ખાતે અંદાજિત રૂ.૧૦.૫૨ કરોડના ખર્ચે બગીચાઓનું કરાયું નિર્માણ: ચ-૦ ના ગાર્ડનમાં બનાવેલ તળાવ આકર્ષણનું કેન્દ્ર બની રહેશે

### સેક્ટર–૩૦ના ગાર્ડનમાં જિમની સુવિધા, ચિલ્ડ્રન પ્લે એરિયા, બાંકડા, ટોઇલેટ, જોગિંગ ટ્રેક, કમ્પાઉન્ડ વોલ, સિક્યુરિટી ઓફિસ, સ્વચ્છતા, પેવર બ્લોક સહિતની વિવિધ સુવિધાઓ ઉપલબ્ધ







। (માહિતી) ગાંધીનગર ।

ગુજરાતનાં પાટનગર અને ગ્રીન સિટી તરીકે ઓળખાતા ગાંધીનગરના પ્રવેશદ્વાર એવા ચ-૦ સર્કલ, સેક્ટર–૩૦ અને બોરીજ ખાતે ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા અંદાજિત રૂ.૧૦.૫૨ કરોડના ખર્ચે નવા બગીચાઓનું નિર્માણ અને રિનોવેશન કરવામાં આવ્યું છે. શહેરીજનોમાં પર્યાવરણ પ્રત્યે જાગૃતિ કેળવવાના ઉદેશ્ય સાથે આ બગીચાઓનો વિકાસ કરવામાં આવ્યો છે. જેના થકી લોકોનો પર્યાવરણ પ્રત્યેનો દ્દષ્ટિકોણ બદલાશે અને પર્યાવરણનું વધુને વધુ જતન કરવાની પ્રેરણા મળશે.

ગાંધીનગર મહાનગરપાલિકા સંચાલિત નવા નિર્માણ પામેલા ચ-૦ સર્કલ ખાતેના ગાર્ડનમાં આવતા મુલાકાતીઓ માટે બનાવવામાં આવેલ તળાવ એક આકર્ષણનું કેન્દ્ર બની રહેશે. અહીં આવતા નાગરિકોને વિવિધ વૃક્ષો અને ફૂલ છોડથી ભરપૂર ગાર્ડન તથા તળાવની મુલાકાત લઈને તણાવમુક્ત વાતાવરણનો અનુભવ થશે. આ ગાર્ડનમાં સાપ્તી સંસ્થા દ્વારા બનાવેલ સ્ટેચ્યુ પણ મૂકવામાં આવ્યું છે, જે માનવ જીવનમાં મેડિટેશનથી થતાં લાભો વિશે માહિતી આપે છે. અહી નાગરિકોને ચાલવા વોક-વે, બેસવા સુંદર બાંકડા, પીવાના પાણીની સગવડ, વોશરૂમ, પેવર બ્લોક, કમ્પાઉન્ડ વોલ, સિક્યુરિટી કેબિન, સીસીટીવી કેમેરા જેવી અદ્યતન સુવિધાઓ ઉપલબ્ધ કરવામાં આવી છે. ગાંધીનગરના સેક્ટર–૩૦ તથા બોરીજ ખાતે નાગરિકો માટે અંદાજિત ૪.૫૨ કરોડના ખર્ચે બગીચાઓનો વિકાસ કરવામાં આવ્યો છે. આ અદ્યતન બગીચામાં શહેરીજનોનું સ્વાસ્થ્ય સારું રહે તે માટે કસરત કરવા માટેના સાધનો સહિતના જિમની સુવિધા ઉપલબ્ધ કરવામાં આવી છે. અહી યોગ અને હળવી કસરત કરવા માટેની પણ અલાયદી સુવિધા કરવામાં આવી છે. આ બગીચામાં અલગથી ચિલ્ડ્રન પ્લે એરિયા બનાવવામાં આવ્યો છે, જ્યાં બાળકો મુક્ત મને વિવિધ રમતો રમી શકશે. વિવિધ ફૂલ છોડ અને વૃક્ષોથી આચ્છાદિત આ બગીચામાં નાગરિકો માટે બાંકડા, ટોઈલેટ, જોગિંગ ટ્રેક, સલામતી માટે કમ્પાઉન્ડ વોલ અને સિક્યુરિટી ઓફિસ, સ્વચ્છતા જળવાય તે માટે પેવર બ્લોક સહિતની વિવિધ સુવિધાઓ કરવામાં આવી છે.

# રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજીએ હરિયાણાના મિર્ઝાપુરમાં પરિવાર સાથે મતદાન કર્યું





| હરિયાણા, તા.૫ |

ગુજરાતના રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ આજે હરિયાણામાં મિર્ઝાપુર સ્થિત શાસકીય પ્રાથમિક શાળામાં બૂથ નં. ૧૫૭ પર પરિવાર સાથે મતદાન કર્યું. 'પહેલા મતદાન, પછી જલપાન'નું અનુસરણ કરતાં રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજીએ સવારે ૭:૧૦ વાગ્યે મતદાન કર્યું. આ પ્રસંગે લેડી ગવર્નર શ્રીમતી દર્શના દેવી, તેમના પુત્ર ગૌરવ આર્ય અને પુત્રવધુ કવિતા ચૌધરીએ પણ મતાધિકારનો ઉપયોગ કર્યો. મીડિયા સાથેની વાતચીતમાં શ્રી આચાર્ય દેવવ્રતજીએ કહ્યું કે, ભારતના બંધારણે ૧૮ વર્ષની ઉંમર પછી બધાને મતદાન કરવાનો અધિકાર આપ્યો છે, અને સૌએ ભારતીય બંધારણના આ નિર્દેશનું પાલન કરીને પોતાના મતાધિકારનો ઉપયોગ કરીને દેશ અને સમાજની પ્રગતિમાં પોતાનું યોગદાન આપવું જોઈએ. રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજી પોતાના મતનો ઉપયોગ કરવા માટે કુરુક્ષેત્ર પહોંચ્યા હતા અને મિર્ઝાપુરમાં બૂથ નં. ૧૫૭ પર પરિવાર સાથે લાઈનમાં ઉભા રહીને નિયમ અનુસાર મતદાન કર્યુ હતું

## ન્યૂઝ બ્રિફ

### પિતાની જે સ્ટાઇલમાં હત્યાં થઈ તે જ સ્ટાઈલમાં પુત્રે લીધો બદલો

| (એજન્સી) અમદાવાદ, તા.૫ |

અમદાવાદના બોડકદેવ વિસ્તારમાં જ્ઞાનદેવ પાર્ટી પ્લોટ પાસે ચાર દિવસ પહેલા એક અકસ્માતની ઘટના સામે આવી હતી. જેમાં બોલેરો કાર ચાલક પૂરપાટ ઝડપે આવી અકસ્માત સર્જ્યો હતો અને સાયકલ સવાર સાથે કાર અથડાઈ હતી. જેમાં સાયકલ સવાર તખતસિંહ ભાટીનું મૃત્યુ નીપજ્યું હતું. જોકે અકસ્માત બાદ બોલેરો કાર ચાલક ત્યાંથી નાસી જવાનો પ્રયત્ન કર્યો હતો પણ આસપાસના લોકો એકઠા થઈને કારચાલકને પકડી પોલીસને સોંપ્યો હતો. પ્રાથમિક દ્રષ્ટિએ પોલીસે તપાસ કરતા પૂરપાટ ઝડપે ગાડી ચલાવવાના કારણે અકસ્માત થયો હોવાનું સામે આવ્યું હતું પરંતુ આ કારચાલક આરોપી ગોપાલસીહ ભાટીની પૂછપરછ કરતા પોલીસને અમુક વાતો શંકાસ્પદ લાગી હતી.

### સુરતના વરેલીમાં પરણિતાએ ગળે ફાંસો ખાઈને આપઘાત કર્યો

| (એજન્સી) સુરત, તા.૫ |

સુરતના વરેલીમાં એક પરિણીતાએ ગળાફાંસો ખાઈને આપ ઘાત કરી લેતા ચકચાર મચી ગઈ છે. પ્રાથમિક તપાસમાં પરિણીતાએ કોઈ અગમ્ય કારણસર જીવન ટૂંકાવ્યું હોવાનું બહાર આવ્યું છે. આ બનાવની વિગત મુજબ ૧૯ વર્ષીય પરિણીતાએ પોતાના રૂમમાં ગળાફાંસો ખાઈ લીધો હતો. બીજીતરફ રૂમની બારી ખુલ્લી હોવાથી સ્થાનિકોએ અંદરનું દ્રશ્ય જોઈને તેના પતિને આ અંગે જાણ કરી હતી. જોકે દરવાજો અંદરથી બંધ હોવાથી પતિને દરવાજો તોડવાની ફરજ પડી હતી. બાદમાં અંદર જોઈને જોું તો પતિનીએ ગળાફાંસો ખાઈને આપઘાત કર્યો હોવાનું જણાયું હતું. આ અંગે મૃતકના પતિએ કડોદરા પોલીસને જાણ કરી હતી. પોલીસને જાણ કરાતા કડોદરા પોલીસ ઘટનાસ્થળે દોડી આવી હતી. બાદમાં પોલીસે મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે મોકલી આપ્યો હતો.

# અમદાવાદ જિલ્લાના દસ્ક્રોઈ તાલુકાના વહેલાલ ખાતે સેવા સેતુના દસમા તબક્કાનું આયોજન



| (એજન્સી) ગાંધીનગર, તા.૫ |

અમદાવાદ જિલ્લાના દસક્રોઈ તાલુકાના વહેલાલ ગામ ખાતે સેવા સેતુ કાર્યક્રમના દસમા તબક્કાનું આયોજન કરવામાં આવ્યું હતું. દસ્ક્રોઈના ભરકુંડા, વહેલાલ, હુકા, પશુંજ, ઝાણુ, બીલાસીયા, એણાસણ, પરઢોલ, કુબડથલ, ભુવાલડી, નવરંગપુરા, કઠવાડા, કુહા, લાલપુર જેવા ૧૪ ગામના લોકોને રાજ્ય સરકારની વિવિધ યોજનાઓ અને સુવિધાઓનો લાભ મળે તે આશયથી આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં સહભાગી થયેલા લોકો દ્વારા વિવિધ યોજનાઓ અને સુવિધાઓના લાભાર્થે ૧૭૯૩ અરજીઓ પ્રાપ્ત થઈ હતી. 'સરકાર આપને દ્વાર' અને 'સેવા થકી સુશાસન'ના મંત્રને સાર્થક કરતા સેવાસેતુ કાર્યક્રમનું આયોજન તા. ૩૧ ઓકટોબર, ૨૦૨૪ સુધી કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમમાં પ્રાંત અધિકારીશ્રી, દસ્ક્રોઈ તાલુકા પંચાયત પ્રમુખશ્રી, દસ્ક્રોઈ તાલુકા પંચાયત સભ્ય શ્રી, મામલતદાર શ્રી, ટીડીઓ શ્રી અને લાઈન ડિપાર્ટમેન્ટના હોદ્દેદારોશ્રી ઉપસ્થિત રહ્યા હતા.

### તર્ક-વિતર્કોએ જોર પકડ્યું

# મુખ્યમંત્રીએ રવિવારે અચાનક શા માટે કેબિનેટની બેઠક બોલાવી?

## ભૂપેન્દ્ર પટેલ સરકારે હાલમાં જ ૧૭ સપ્ટેમ્બરે ત્રણ વર્ષ પુરા કર્યા છે : પ્રથમ વખત આ રીતે બેઠક મળી રહી છે

| (એજન્સી) ગાંધીનગર, તા.૫ |

રાજ્યના મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલે આવતીકાલે એટલે કે રવિવારે અચાનક જ કેબિનેટ બેઠક બોલાવતા રાજકીય વાતાવરણ ગરમાયું છે. ગુજરાતમાં એક તરફ નવરાત્રીનાં તહેવારોની ઉજવણી શરૂ થઈ છે અને દિપાવલી સહિતના તહેવારોનો માહોલ પણ બનવા લાગ્યો છે તે સમયે જ એક અચાનક જ સર્જાયેલી રાજકીય ગરમીમાં ચર્ચા-અટકળોનું વાતાવરણ બન્યુ છે. હજુ બુધવારે જ રાજય કેબિનેટની બેઠક મળી હતી અને સામાન્ય રીતે દર સપ્તાહે આ પ્રકારે બુધવારે જ બેઠક મળે છે પણ રવિવારે બપોરે ૪-૩૦ કલાકે કેબિનેટ બેઠક બોલાવવાનું કંઈક અસામાન્ય હોવાનું રાજકીય વર્તુળોમાં ચર્ચાઈ રહ્યું છે. મળતી માહિતી મુજબ, રાજયના એક સિનિયર મંત્રીએ આવતીકાલે ગાંધીનગર ખાતે સાંજે ૪.૩૦ કલાકે કેબિનેટ બેઠક મળનારી હોવાના અહેવાલને સમર્થન આપતા કહ્યું હતું કે અમોને સંદેશ મોકલી અપાયો છે અને સાંજે બેઠક હોવાથી સવારે જ ગાંધીનગર પહોંચી જવાની પણ સુચના છે. આમ કેબીનેટ બેઠક મળી હોવાની વાતને તેઓએ સમર્થન આપ્યુ હતું. ઉલ્લેખનીય છે કે, રાજયની ભૂપેન્દ્ર પટેલ સરકારે હાલમાં જ ૧૭ સપ્ટેમ્બરે ત્રણ વર્ષ પુરા કર્યા છે. તેમના આ કાર્યકાળમાં પ્રથમ વખત આ રીતે રવિવારે રાજય કેબિનેટની બેઠક મળી રહી છે. મહત્વનું છે કે, કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ છેલ્લા બે દિવસથી ગુજરાતમાં જ હતા અને તેવા મુખ્યમંત્રી સામે અનેક કાર્યક્રમોમાં વ્યસ્ત હતા તો અગાઉ વડાપ્રધાન નરેન્દ્ર મોદી તેમની ત્રણ દિવસની મુલાકાતમાં રાજભવનમાં ખાસ્સો સમય રોકાયા હતા.

# મુખ્યમંત્રી ગૌમાતા પોષણ યોજના અંતર્ગત વર્ષ ૨૦૨૪-૨૫ના પ્રથમ તબક્કામાં રાજ્યની કુલ ૫૮૪ ગૌશાળા-પાંજરાપોળને પશુ નિભાવ સહાય અપાઈ

| અમદાવાદ, તા.૫ |

મુખ્યમંત્રી ગૌમાતા પોષણ યોજના અંતર્ગત રાજ્યની ગૌશાળાઓ અને પાંજરાપોળોને પશુ નિભાવ સહાયની ચૂકવણી કરવા માટે ગાંધીનગર ખાતે રાજ્ય સમિતિની બેઠક મળી હતી. આ બેઠકમાં વર્ષ ૨૦૨૪-૨૫ના પ્રથમ તબક્કામાં એટલે કે, એપ્રિલ-૨૦૨૪ થી જૂન-૨૦૨૪ માટે રાજ્યની કુલ ૫૮૪ ગૌશાળા અને પાંજરાપોળને પશુ નિભાવ માટે સહાય ચૂકવવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. પબ્લિક ટ્રસ્ટ એક્ટ હેઠળ નોંધાયેલી આ ગૌશાળા અને પાંજરાપોળના આશરે ૨.૬૧ લાખથી વધુ પશુઓ માટે રાજ્ય સરકાર દ્વારા રૂ. ૭૧.૨૬ કરોડની સહાય ચૂકવવામાં આવી છે. આટલું જ નહિ, વર્ષ ૨૦૨૪-૨૫ના બીજા તબક્કા માટે એટલે કે, જુલાઈ-૨૦૨૪ થી સપ્ટેમ્બર-૨૦૨૪ માટે સહાય મેળવવા ઈચ્છુક ગૌશાળા અને પાંજરાપોળ ઓનલાઈન અરજી કરી શકે તેવા આશય સાથે આગામી તા. ૧૫ ઓક્ટોબર સુધી આઈ-ખેડૂત પોર્ટલ ખુલ્લું મૂકવામાં આવ્યું છે. પબ્લિક ટ્રસ્ટ એક્ટ હેઠળ નોંધાયેલી રાજ્યની તમામ ગૌશાળા અને પાંજરાપોળને પશુઓના નિભાવ માટેની સહાય મેળવવા આઈ-ખેડૂત પોર્ટલ પર અરજી કરવા પશુપાલન વિભાગ હેઠળના ગૌસેવા આયોગ દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે. નોંધનીય છે કે, મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના દિશાદર્શક નેતૃત્વ તેમજ પશુપાલન મંત્રી શ્રી રાઘવજી પટેલના માર્ગદર્શન હેઠળ ગુજરાતમાં રૂ. ૫૦૦ કરોડના પ્રાવધાન સાથે 'મુખ્યમંત્રી ગૌમાતા પોષણ યોજના' શરુ કરવામાં આવી હતી. આ યોજના અંતર્ગત રાજ્યની ગૌશાળા કે પાંજરાપોળ દ્વારા ગાય અને ભેંસ વર્ગના પશુઓનો નિભાવ કરવામાં આવતો હોય, તેવી સેવાભાવી સંસ્થાઓને ગૌવંશના પોષણ અને નિભાવ માટે દૈનિક પશુદીઠ રૂ. ૩૦ લેખે આર્થિક સહાય આપવામાં આવે છે. આ યોજના અંતર્ગત રાજ્ય સરકારે વર્ષ ૨૦૨૪-૨૫ના પ્રથમ તબક્કામાં રૂ. ૭૧.૨૬ કરોડની સહાયનું DBTના માધ્યમથી સીધું સેવાભાવી સંસ્થાઓના ખાતામાં ચૂકવણું કર્યું છે. જેના પરિણામે રાજ્યની તમામ ગૌશાળા અને પાંજરાપોળને પશુ નિભાવ માટે સહાય આપી, આર્થિક રીતે મદદરૂપ થવાનો રાજ્ય સરકારનો ઉદ્દેશ ખરા અર્થમાં ચરિતાર્થ થઈ રહ્યો છે. અત્રે ઉલ્લેખનીય છે કે, મુખ્યમંત્રી ગૌમાતા પોષણ યોજના અંતર્ગત પશુપાલન વિભાગના સચિવશ્રી, પશુપાલન ખાતાના નિયામકશ્રી, પશુપાલન વિભાગના નાયબ સચિવશ્રી, નાયબ સચિવશ્રી-નાણા સલાહકાર, પશુપાલન તેમજ ગૌસેવા આયોગના સભ્ય સચિવશ્રી સહિતના સભ્યો ધરાવતી એક રાજ્ય સમિતિ રચવામાં આવી છે.

### સુરતમાં ઘરવખરી સસ્તા ભાવે

# વેચાણની જાહેરાત કરી લોકો સાથે કરોડો રુપિયાની છેતરપિંડી

## સુરતના સરથાણા વિસ્તારમાં પોલીસે ઓનલાઇન ફ્રોડ કરનાર ભેજાબાજોની ધરપકડ કરી છે

| (એજન્સી) સુરત, તા.૫ |

સુરતના સરથાણા વિસ્તારમાં પોલીસે ઓનલાઈન ફ્રોડ કરનાર ભેજાબાજોની ધરપકડ કરી છે. ઘરવખરીની ચીજવસ્તુઓ સસ્તા ભાવે સોશિયલ મીડિયામાં મૂકી ગ્રાહકો પાસેથી રૂપિયા મેળવી છેતરપિંડી કરવામાં આવી હતી. પોલીસે ૬ આરોપીઓની ધરપકડ કરી વધુ તપાસ હાથ ધરી છે.ક્રિમિનલો પણ ટેકનોલોજીનો સહારો લઈ રહ્યા છે. સુરતમાં ભેજાબાજોએ સાથે મળીને ૨૭ રાજ્યોમાં કિચનવેર સસ્તા ભાવે વેચાણ કરવાની જાહેરાત કરી લોકો પાસેથી છેતરપિંડીથી ૩૦ કરોડ રૂપિયા પડાવી લીધા હતા. આ છેતરપીંડીઅંગે સરથાણાપોલીસનેમાહિતીમળતાજ પોલીસે કુલ ૬ આરોપીને ઝડપી પાડ્યા છે. સુરત ખાતે કિચનવેર સસ્તા ભાવે વેચાણની જાહેરાત મૂકીને લોકો સાથે છેતરપિંડી કરતા હતા. ગુજરાત સિવાય દેશના ૨૭ રાજ્યોમાં પાણીના ભાવે કિચનવેર મળશે તેવી જાહેરાત સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર મૂકી અને લોકો સાથે ૩૦ કરોડ રૂપિયાની છેતરપિંડી કરી હતી. ગુજરાત સિવાય દેશના ૨૭ રાજ્યોમાં પાણીના ભાવે કિચનવેર મળશે તેવી જાહેરાત સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર મૂકી હતી. લોકો સાથે ૩૦ કરોડ રૂપિયાની છેતરપિંડી કરી હતી. સુરતના સરથાણામાં આ આરોપીઓ દ્વારા દુકાન ભાડે રાખવામાં આવી હતી. માત્ર ધોરણ ૧૨ સુધી અભ્યાસ કરેલા ત્રણ શખ્સોએ ફેસબુક પર ફેક આઈડી તેમજ વેબસાઈટની જાહેરાત મૂકીને કિચનવેર તેમજ ઘરવખરી સસ્તા ભાવે લોકોને મળશે તેવી જાહેરાત કરી હતી. આ લોભામણી જાહેરાતમાં લોકો ફસાયા હતા અને ૩૦ કરોડ રૂપિયા પડાવી લીધા હતા.સરથાણા પોલીસે બાતમીના આધારે સાવલિયા સર્કલ પાસે પવિત્રા પોઈન્ટના સાતમા માળે મેરીટોન પ્લાઝામાં ત્રીજા માળે અને મોટા વરાછામાં આઈટીસી બિલ્ડિંગમાં આઠમાં મળે દુકાનમાં રેડ કરી હતી. આ રેડ દરમિયાન આ સમગ્ર મામલો પોલીસની સામે આવ્યો હતો. પોલીસના હાથે ઝડપાયેલા આરોપીમાં એક આરોપી બીટેકનો અભ્યાસ કરી ચૂક્યો છે. બીજી તરફ પોલીસે આ સમગ્ર મામલે સીમકાર્ડ ડોક્યુમેન્ટ તેમજ બેંકની કીટ પણ કબજે કરી છે.

# સુરતના ડોક્ટરને IPOમાં રોકાણ કરાવી ૨૨ લાખની કરી છેતરપિંડી

## સિટીલાઈટ તેરાપંથ ભવન પાસે મેઘસરમન એપાર્ટમેન્ટમાં રહેતા પ્રકાશ ભંવરલાલ પોખરના કામરેજ ટોરેન્ટ પાવરમાં મેડિકલ ડોકટર તરીકે નોકરી કરે છે

| (એજન્સી) અમદાવાદ, તા.૫ |

સોશિયલ મીડિયાના શેર માર્કેટ ગ્રુપથી સાવધાન, સુરતના ડોક્ટરને"માં રોકાણ કરાવી ૨૨ લાખની કરી છેતરપિંડીસુરતના સિટીલાઈટ ખાતે રહેતા કામરેજ ટોરેન્ટ પાવરમાં મેડિકલ ડોકટરને શેર માર્કેટમાં રોકાણ કરવાની લોભામણી લાલચ આપી હતી.

ત્યારબાદ ભેજાબાજ ટોળકીએ અલગ અલગ શેર અને આઈપીઓમાં રોકાણ કરાવી કુલ ૨૧.૯૪ લાખની છેતરપિંડી કરી હતી.સિટીલાઈટ તેરાપંથ ભવન પાસે મેઘસરમન એપાર્ટમેન્ટમાં રહેતા પ્રકાશ ભંવરલાલ પોખરના કામરેજ ટોરેન્ટ પાવરમાં મેડિકલ ડોકટર તરીકે નોકરી કરે છે. ૧૮ મેના રોજ અજાણ્યાએ તેના શેર માર્કેટના લાગતા ગ્રુપમાં એડ કર્યો હતો. ત્યાર બાદ ટોળકીએ એપ્લિકેશન ડાઉન લોડ કરાવી હતી.ટોળકીના સભ્યોના કહેવા મુજબ તેઓએ ૧૮ મેથી ૧૬ જુલાઈ સુધીમાં તેમના કહેવા મુજબ અલગ અલગ શેર અને આઈપીઓમાં રોકાણ કરવા માટે તેમના આપેલા અલગ અલગ બેંકના ખાતામાં કુલ રૂપિયા ૨૨,૪૪,૮૫૨નું ટ્રાન્સફર કર્યા હતા. તથા તેમના કહેવા મુજબ ટ્રેડિંગ તથા આઈપીઓમાં ઈન્વેસ્ટ કરતા તેમના ટ્રેડિંગ એકાઉન્ટમાં નફા સાથે રકમ બતાવી હતી. ટોળકીએ પ્રકાશભાઈએ ૫૦ હજાર વિડ્રો કરવા દીધા હતા. જ્યારે બાકીના રૂપિયા ૨૧,૯૪,૮૫૨ વિડ્રો કરવા નહીં દઈ છેતરપિંડી કરી હતી.

### સ્પે. પોક્સો કોર્ટે આરોપીને દાખલારૂપ સજા આપી

# ગાંધીનગરમાં માનસિક બીમાર સગીરા પર બળાત્કાર ગુજારનારાને ૨૦ વર્ષની કેદ

## સગીરાને બળજબરીથી ખેંચી જનારા નરાધમ સામે સગીરાની માતાએ પોલીસ ફરિયાદ નોંધાવી હતી

| (એજન્સી) ગાંધીનગર, તા.૫ |

માનસિક રીતે બીમાર સગીરા પર બળાત્કાર ગુજારવાના કેસમાં આરોપીને કસૂરવાર ઠરાવી કોર્ટે ૨૦ વર્ષની કેદની સજા ફટકારી છે. બે વર્ષ અગાઉ બનેલી આ ઘટનામાં સગીરાની માતાએ પોલીસ ફરિયાદ નોંધાવી હતી, જેના આધારે પોલીસે આરોપીની ધરપકડ કરી કોર્ટમાં ચાર્જશીટ રજૂ કર્યું હતું. જેમાં સ્પે. પોક્સો કોર્ટે આરોપીને દાખલારૂપ સજા આપી હતી.

કેસની વિગતો મુજબ, પેથાપુર નજીક ગરીબ પરિવારમાં ૧૬ વર્ષ ૬ મહિનાની ઉંમર ધરાવતી સગીરા ઓછી સમજણવાળી હતી. સગીરા ૭૫ ટકા માનસિક વિકલાંગ હતી, જેથી પરિવાર તથા પડોશીઓ તેની ખૂબ કાળજી રાખતા હતા. ૧૮-૦૯-૨૦૨૨ના રોજ ચરેડી છાપરામાં રહેતા ઈન્દુ ઉર્ફે બોબી મનુભાઈ વાઘેલાએ સાંજના આંધારામાં સગીરાને બાથરૂમ નજીક આંતરી હતી. ઈન્દુએ સગીરાનું મોઢું દબાવી દીધું હતું અને તેને પોતાના છાપરામાં લઈ જઈને બળજબરીથી જાતિય સંબંધ બાંધ્યો હતો. સગીરાની હાલત જોઈને પરિવારજનો ધ્રૂજી ઊઠ્યા હતા અને તેમણે આ મામલે સેકટર-૨૧ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી. પોલીસે આરોપીની ધરપકડ કરી પાંચ અઠવાડિયામાં ચાર્જશીટ રજૂ કર્યું હતું. આ કેસ પોક્સો કોર્ટમાં બીજા એડી. સેશન્સ જજ એસ.ડી. મેહતાની કોર્ટમાં ચાલવા પર આવ્યો હતો.

પીડિતા તફથી સરકારી વકીલ સુનિલ એસ. પંડ્યાએ આધાર-પુરાવા સાથે ધારદાર દલીલો કરી હતી. આરોપીએ આવો ગંભીર ગુનો કરેલો છે. સગીરાની માનસિક વિકલાંગતોનો ગેરલાભ ઊઠાવ્યો છે.

સમાજમાં આ પ્રકારના ગુના રોજ-બરોજ બની રહ્યા હોવાથી આપીને દાખલારૂપ સજા થવી જોઈએ. કોર્ટે બંને પક્ષની દલીલો બાદ આરોપીને કસુરવાર ઠરાવ્યો હતો. ઈન્દુ ઉર્ફે બોબીને કોર્ટે ૨૦ વર્ષની સખત કેદ અને રૂ.૧૦ હજારનો દંડ તથા દંડ ન બરે તો ૬ માસની સાદી કેદની સજા ભોગવવા હુકમ કર્યો હતો. પીડિતાને જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ મારફત રૂ.૬ લાખનું વળતર ચૂકવવાનો આદેશ પણ થયો હતો.

